RNI NO GUJ/GUJ/2005/23890

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૦ ચૈત્ર વદ - ૩ શુક્રવાર, તા.૨૬-૦૪-૨૦૨૪ અંક : ૧૦૫ વર્ષ : ૧૯ email :rajkot@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

## ૧૩ રાજ્યોમાં ૮૮ બેઠકો પર મતદાન

# ૧૧ વાગ્યા સુધી ત્રિપુરામાં સૌથી વધુ ૩૬.૪૨% મતદાન

## પ.બંગાળના બાલુરઘાટમાં TMC- BJP કાર્યકરો વચ્ચે ઘર્ષણ

નવીદિલ્હી,

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના બીજા તબક્કાનું મતદાન આજે સવારે ૭ વાગ્યે શરૂ થયું છે. સવારે ૩૬.૪૨ ટકા અને પ.બંગાળમાં ૧૫ ટકાથી મતદાન નોંધાયું છે.

બીજા તબક્કામાં ૧૩ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૮૯ લોકસભા બેઠકો પર મતદાન થઈ રહ્યું છે. સાંજે ૫ વાગ્યા સુધી મતદાન ચાલુ રહેશે. લોકસભા ચૂંટણીના બીજા તબક્કામાં કેરળની તમામ ૨૦ બેઠકો પર મતદાન થવાનું છે. જેમાં રાહુલ ગાંધીની વાયનાડ સીટ પણ સામેલ છે.

મતદાનના બીજા તબક્કામાં બિહારની ત્રણ બેઠકો કિશનગંજ, કટિહાર, પૂર્ણિયા અને ભાગલપુર પર ચૂંટણી થઈ રહી છે. છત્તીસગઢની રાજનાંદગાંવ, મહાસમુંદ અને કાંકેર બેઠકો પર ચૂંટણી યોજાશે. મધ્યપ્રદેશની ટીકમગઢ, દમોહ, ખજુરાહો, સતના, રીવા, હોશંગાબાદ અને બેતુલ લોકસભા બેઠકો પર લોકો મતદાન કરી રહ્યા છે. મહારાષ્ટ્રની બુલઢાણા, અકોલા, અમરાવતી, વર્ધા, યવતમાલ વાશીમ, હિંગોલી, નાંદેડ અને પરભણી સીટો પર ચૂંટણી યોજાઈ રહી છે.

લોકસભા ચૂંટણીના બીજા તબક્કાના મતદાનમાં અગ્રણી ઉમેદવારોમાં રાજનાંદગાંવથી ભૂપેશ બઘેલ, બેંગલુરુ ગ્રામીણથી ડીકે સુરેશ, બેંગલુરુ ઉત્તરથી શોભા કરંદલાજે, બેંગલુરુ દક્ષિણથી તેજસ્વી સૂર્યા, મંડ્યાથી એચડી કુમારસ્વામી, વાયનાડથી રાહુલ ગાંધી, અનિલ એન્ટોની ચૂંટણી લડી રહ્યા છે. તિરુવનંતપુરમમાંથી પથનમથિટ્ટા, શશિ થરૂર અને રાજીવ ચંદ્રશેખર ચૂંટણી લડી રહ્યા છે. બીજા તબક્કામાં ચૂંટણી લડનારા ઉમેદવારોમાં જોધપુરથી ગજેન્દ્ર સિંહ શેખાવત, જાલોરથી વૈભવ ગેહલોત, મથુરાથી હેમા માલિની, મેરઠથી અરુણ ગોવિલ ચૂંટણી લડી રહ્યા છે.

## પ. બંગાળમાં મતદાન પહેલાં જ BJP નેતાની લાશ મળી

### ભાજપે દાવો કર્યો છે કે કાર્યકરની હત્યા કરવામાં આવી છે

નવીદિલ્હી,

લોકસભા ચૂંટણી વચ્ચે પશ્ચિમ બંગાળમાં ફરી એકવાર હિંસા ભડકી ઉઠી છે. આવું એટલા માટે કહેવામાં આવી રહ્યું છે કારણ કે રાજયના પૂર્વ મિદનાપુર જિલ્લામાં બીજેપી કાર્યકરની લાશ મળી આવી છે. ભાજપે દાવો કર્યો છે કે કાર્યકરની હત્યા કરવામાં આવી છે. પૂર્વ મિદનાપુરના મોયના ગામના એક કામદારની લાશ લટકતી હાલતમાં મળી આવી હતી. મૃતકની ઓળખ દીનબંધુ માઘા તરીકે થઈ છે. પોલીસે હાલ આ મામલે તપાસ શરૂ કરી છે.

ભાજપે દાવો કર્યો છે કે તેની પાર્ટીના કાર્યકરનું બુધવારે અપહરણ કરવામાં આવ્યું હતું. ગુરુવારે રાત્રે તેનો મૃતદેહ મળી આવ્યો હતો. બીજેપી કાર્યકરનો મૃતદેહ એવા સમયે મળી આવ્યો જ્યારે આજે એટલે કે શુક્રવારે (૨૬ એપ્રિલ) ત્રીજા તબક્કાનું મતદાન ચાલી રહ્યું હતું. ત્રીજા તબક્કા માટે જે બેઠકો પર મતદાન થઈ રહ્યું છે

## રાજ્યમાં ગરમીના પ્રકોપ વચ્ચે વરસાદી ઝાપટાં

### સુરત, દાહોદ ભાવનગરના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ : માવઠાના કારણે ખેડૂતોની ચિંતામાં વધારો થયો



અમદાવાદ,

ગુજરાતમાં ગરમીના પ્રકોપ વચ્ચે વરસાદ શરૂ થયો છે. જેમાં વલસાડ શહેરમાં કમોસમી વરસાદ ખાબક્યો છે. ત્યારે આજુબાજુના વિસ્તારમાં કમોસમી વરસાદ આવતા માવઠાના કારણે ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. તેમજ માવઠાથી કેરીના પાકમાં નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. ત્યારે સુરત જિલ્લામાં એકાએક કમોસમી વરસાદી ઝાપટા શરૂ થયા છે.

કમોસમી વરસાદ આવ્યો છે. દાહોદ સહિત આસપાસના વિસ્તારોમાં વરસાદ આવતા ખેડૂતો ચિંતિત થયા છે. કમોસમી વરસાદના કારણે ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. તેમજ કમોસમી વરસાદથી કેરીના પાકમાં મોટું નુકસાન થવાની ભીતી છે. તેમજ તાપી જિલ્લામાં ભરઉનાળે કમોસમી વરસાદ આવ્યો છે. તેમાં કુકરમુંડા, નિઝર, ઉચ્છલ, સોનગઢ, વ્યારા, વાલોડ, ડોલવણમાં કમોસમી વરસાદે ખેડૂતોની ચિંતા વધારી છે. તેમજ શાકભાજીના પાકને નુકસાનની ભીતિ છે. ભાવનગરના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ આવ્યો છે. જેમાં ચિત્રા યાર્ડ, આખલોલ જકાતનાકા વિસ્તાર તથા મસ્તરામ મંદિર, નારી ચોકડી સહિતના વિસ્તારમાં વરસાદ પડ્યો છે.

## EVM યોગ્ય, તેને VVPAT સાથે સરખાવવાની જરૂર નથી : સુપ્રીમ કોર્ટ

### ઈ.વી.એમ.અને વી.વી.પી.એ.ટી.ને મેચ કરવાની માંગ કરતી અરજી મામલે સુપ્રીમ કોર્ટનો મહત્વપૂર્ણ ચુકાદો : મતદાન બાદ ૪૫ દિવસ સુધી ઈ.વી.એમ.સુરક્ષિત રખાશે : તમામ અરજીઓ ફગાવી

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે ઈફસ-ફફછ્ ને મેચ કરવાની માગ કરતી અરજીઓ પર મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. આ મામલે સુપ્રીમકોર્ટે તમામ અરજીઓ ફગાવતાં કહ્યું કે આવું કરવાની કોઈ જરૂર જ નથી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે મતદાન બાદ ૪૫ દિવસ સુધી ઈવીએમ સુરક્ષિત રખાશે. સુપ્રીમ કોર્ટે આજે વોટર વેરિફાઈડ પેપર ઓડિટ ટ્રેલ (ફફછ્)ની સાતે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો (ઈફસ)માં પડેલા વોટોની ૧૦૦ ટકા વેરિફિકેશનની માગણી કરતી પર અરજી પર મોટો ચુકાદો આપ્યો હતો. કોર્ટે તમામ અરજીઓ ફગાવી દીધી છે અને સૂચવ્યું હતું કે ચૂંટણી પંચે ભવિષ્યમાં ફફછ્ સ્લિપમાં બાર કોડ પર પણ વિચાર કરવો જોઈએ. આ સાથે બેલેટ પેપરથી મતદાન કરાવવાની માગ પણ ફગાવી દેવામાં આવી હતી. સુપ્રીમકોર્ટે તેના ચુકાદામાં વધુમાં કહ્યું કે ચૂંટણીના પરિણામ આવી ગયાના ૭ દિવસ સુધીમાં ઉમેદવારો તપાસની માગ કરી શકશે અને તેના માટે જે કંઈ ખર્ચ આવશે.

## હાઈકોર્ટમાં વોટ્સએપે કહ્યું જો સરકાર મજબૂર કરશે તો ભારત છોડી દઈશું

### 'યુઝર્સની પ્રાઈવસી એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્શન દ્વારા સુરક્ષિત છે : વ્હોટ્સએપ

નવીદિલ્હી,

દિલ્હી હાઈકોર્ટમાં વોટ્સએપે એન્ક્રિપ્શન હટાવવાનો ઈન્કાર કરી દીધો છે. અને સાથે એવું પણ કહ્યું છે કે જો સરકાર આવું કરવા મજબૂર કરશે તો ભારત છોડી દઈશું. દિલ્હી હાઈકોર્ટમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ વોટ્સએપ એ સ્પષ્ટ કહ્યું છે કે જો તેને મેસેજ એન્ક્રિપ્શન તોડવા માટે મજબૂર કરવામાં આવશે વોટ્સએપ ભારતમાં અસરકારક રીતે બંધ થઈ જશે. મેટા-માલિકીની કંપની વ્હોટ્સએપે હાઈકોર્ટમાં વધુમાં કહ્યું હતું કે 'યુઝર્સની પ્રાઈવસી એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્શન દ્વારા સુરક્ષિત છે. આના દ્વારા એ સુનિશ્ચિત કરવામાં આવે છે કે મેસેજ મોકલનાર અને રીસિવ કરનાર જ અંદરના કંટેટ જાણી શકે છે.' ઉલ્લેખનીય છે કે વોટ્સએપે આ વાત ઈન્ફોર્મેશન ટેક્નોલોજી નિયમ ૨૦૨૧ ને પડકારતી વખતે આ વાત કહી છે.એક અહેવાલ અનુસાર, વોટ્સએપ વતી કોર્ટમાં હાજર રહેલા વકીલ તેજસ કારિયાએ ડિવિઝન બેંચને જણાવ્યું હતું કે, 'લોકો પ્રાઈવસી ફીચર્સને કારણે જ વોટ્સએપનો ઉપયોગ કરે છે. કંપની઼્ નિયમો ૨૦૨૧ને પડકારી રહી છે, જેમાં મેસેજ ટ્રેસ કરવાની અને મોકલનારને ઓળખ કરવાની વાત કરવામાં

## બિહારમાં ફટાકડા ફોડતા સર્જાયો અકસ્માત, એક જ પરિવારના ૬ વ્યક્તિઓનાં કરૂણ મોત

### લગ્નના વરઘોડામાં ફટાકડા ફોડવાને કારણે ટેન્ટમાં લાગેલી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું

દરભંગા,

બિહારના દરભંગામાં એક અકસ્માતમાં ૬ લોકોના મોત થયા છે. જણાવવામાં આવી રહ્યું છે કે લગ્નના વરઘોડા દરમિયાન ફટાકડાને કારણે લાગેલી આગને કારણે સિલિન્ડર ફાટ્યુ હતુ અને તેમાં એક જ પરિવારના છ લોકોના મોત થયા હતા.

મળતી માહિતી મુજબ, અચાનક સિલિન્ડર વિસ્ફોટના કારણે ડીઝલના સ્ટોકમાં આગ લાગી હતી અને એક જ પરિવારના છ લોકોના મોત થયા હતા. મૃતકોમાં ત્રણ વયસ્કો અને ત્રણ બાળકોનો સમાવેશ થાય છે. આ ઘટના અલીનગર બ્લોકના બહેરા પોલીસ સ્ટેશનના અંતોર ગામમાં બની હતી.જણાવવામાં આવી રહ્યું છે કે જિલ્લાના અલીનગર બ્લોકના બહેરા પોલીસ સ્ટેશનના અંતોર ગામમાં ગુરુવારે રાત્રે છગન પાસવાનની પુત્રીના લગ્ન યોજાયા હતા. રામચંદ્ર પાસવાનના રહેણાંક સંકુલમાં શામિયાણા અને જાનૈયાઓના રહેવા-જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. લગ્નના વરઘોડામાં પહોંચતા જ તેઓએ ફટાકડા ફોડ્યા જેના કારણે ટેન્ટમાં આગ લાગી ગઈ. થોડી જ વારમાં આખા ટેન્ટમાં આગ લાગી અને આ દરમિયાન ત્યાં રાખેલા સિલિન્ડરમાં પણ આગ લાગી અને વિસ્ફોટ થયો.

સિલિન્ડર વિસ્ફોટ બાદ આગે ગંભીર સ્વરૂપ ધારણ કરી લીધું જ્યારે તેણે રામચંદ્ર પાસવાનના ઘરના દરવાજા પર રાખેલા ડીઝલના કારણે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને તેમના પરિવારના ૬ લોકોના મોત થયા હતા. ડીએમ રાજીવ રોશને પુષ્ટિ કરી કે ટીમ તપાસ માટે રવાના થઈ ગઈ છે. આ ઘટનામાં ત્રણ પશુઓના પણ મોત થયા હતા.

## બાબા રામદેવે ફરી માફી માગી

### પતંજલિએ પહેલા કરતા મોટા આકારમાં માફીનામું પ્રકાશિત કર્યું



નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટ તરફથી ભ્રામક વિજ્ઞાપન મામલે સવાલ પૂછવામાં આવ્યા બાદ બુધવારે પતંજલિએ ફરી એક વખત અખબારમાં માફી છપાવી છે. આ વખતે વિજ્ઞાપનનો આકાર પહેલાથી મોટો રાખવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે પતંજલિએ એક દિવસ પહેલાં પણ માફીનામુ છપાવ્યું હતું. જો કે સુપ્રીમ કોર્ટે તેની જાણકારી માગતા પતંજલિને સવાલ કર્યો હતો કે શું માફી વિજ્ઞાપન જેવડી મોટી છે ?રામદેવ અને તેમના સાથી બાલકૃષ્ણ તરફથી અખબારમાં છપાવવામાં આવેલી માફીનો આકાર એક અખબારના પાનાના ૨૫ ટકા જેટલી છે. જેમાં મોટા મોટા અક્ષરોમાં લખવામાં આવ્યું છે કે શરતો વિના માફી. સાથે જ માફી માગતા કહેવામાં આવ્યું છે કે ભારતની માનનીય સર્વોચ્ચ અદાલતના કેસના સંદર્ભમાં કોર્ટના નિર્દેશો અને આદેશનું પાલન ન કરવા અને અવજ્ઞા કરવા માટે વ્યક્તિગત રીતે અને સાથે કંપની તરફથી કોઈપણ શરતો વિના માફી માગીએ છીએ. વિજ્ઞાપનોના પ્રકાશનમાં થયેલી ભૂલ માટે પણ ઈમાનદારીથી માફી માગે છે અને પૂરા મનથી કહે છે કે આવી ભૂલનું પુનરાવર્તન કરવામાં આવશે નહી. પૂરી સાવધાની અને અત્યંત નિષ્ઠા સાથે માનનીય ન્યાયાલયના નિર્દેશોનું પાલન કરવા માટે પ્રતિબદ્ધ છીએ.

## સુપ્રીમ કોર્ટે પોતાનો વોટ્સએપ નંબર સત્તાવાર જાહેર કર્યો

નવીદિલ્હી,

દેશની સર્વોચ્ચ અદાલત એટલે કે સુપ્રીમ કોર્ટે તેનો સત્તાવાર વોટ્સએપ નંબર જાહેર કર્યો છે. ગુરુવારે આની જાહેરાત કરતા ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા ડીવાય ચંદ્રચુડે કહ્યું કે સુપ્રીમ કોર્ટ વકીલોને વોટ્સએપ મેસેજ દ્વારા કોઝ લિસ્ટ, કેસ ફાઈલ કરવા અને સુનાવણી માટે લિસ્ટિંગ વિશે જાણકારી આપશે.

CJI ચંદ્રચુડે સુપ્રીમ કોર્ટનો પોતાનો જે સત્તાવાર ઉરઠંજર્છ નંબર જાહેર કર્યો છે તે છે ૮૭૬૭૬-૮૭૬૭૬. હવે વકીલોને વોટ્સએપ નંબર પરથી કેસ ફાઈલ થવા અંગેનો ઓટોમેટેડ મેસેજ મળશે.

## સ્ત્રીધન એ પત્ની અને પતિની સંયુક્ત સંપત્તિ નથી : સુપ્રીમ

### ગુમાવેલા સોના બદલ પત્નીને ૨૫ લાખનું વળતર ચૂકવવાનો પતિને આદેશ

નવી દિલ્હી

સુપ્રીમકોર્ટે ગુરુવારે એક મહત્ત્વનો ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું હતુ કે, પત્નીના સ્ત્રીધન પર પતિનું કોઈ જ નિયંત્રણ નથી અને જો કટોકટીના સમયે પતિએ સ્ત્રીધનનો ઉપયોગ કર્યો હોત તો બાદમાં તે પરત કરવું તેની નૈતિક ફરજ છે. ગુમાવેલા સોના બદલ પત્નીને ૨૫ લાખનું વળતર ચૂકવવાનો પતિને આદેશ આપતા સુપ્રીમકોર્ટે આ સ્પષ્ટતા કરી હતી.

મૂળ કેરળના કેસમાં પત્નીએ દાવો કર્યો હતો કે લગ્ન સમયે તેને પિયર પક્ષ તરફથી સોનાના ૮૯ દાગીના મળ્યા હતા. વધુમાં તેના પિતાએ મહિલાના પતિને ૨ લાખ રૂપિયાનો ચેક પણ આપ્યો હતો. પત્નીના જણાવ્યા પ્રમાણે લગ્નની પ્રથમ રાતે જ પતિએ સુરક્ષાનું કારણ આગળ ધરીને તમામ દાગીના પોતાના કબજા હેઠળ લઈ લીધા હતા. જો કે, પત્નીએ આરોપ મુક્યો હતો કે પતિ તથા તેના સાસુએ અગાઉની આર્થિક જવાબદારીઓમાંથી છૂટકારો મેળવવા માટે સોના- ચાંદીના દાગીનાનો દુરુપયોગ કર્યો હતો.આ કેસમાં ૨૦૧૧માં ફેમિલિ કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે પતિ અને તેની માતાએ મહિલાની જ્વેલરીનો ગેરવહીવટ કર્યો છે. તેથી આ નુકસાનની ભરપાઈ કરવાનો તેને અધિકાર છે. જો કે કેરળ હાઈકોર્ટે ફેમિલિ કોર્ટના ચુકાદાને રદ ઠેરવીને મહિલાના પતિ તથા સાસુને રાહત આપી હતી. હાઈકોર્ટે જણાવ્યું હતું કે પતિ અને તેની માતા દ્વારાલ જ્વેલરીનો ગેરવહીવટ થયો છે એ પુરવાર થયું નથી. એ પછી મહિલાએ ચુકાદાને સુપ્રીમકોર્ટમાં પડકાર્યો હતો.

સુપ્રીમકોર્ટના જસ્ટિસ સંજીવ ખન્ના અને દિપાંકર દત્તાએ જણાવ્યું હતું કે સ્ત્રીધન એ પત્ની અને પતિની સંયુક્ત સંપત્તિ નથી. તેથી આ સંપત્તિ પર પતિનો અધિકાર નથી. આ સંપત્તિ મહિલાને લગ્ન પહેલા કે લગ્ન પછી મળી હોય છે તેથી તેના પર માત્ર તેનો જ અધિકાર છે. આ કેસમાં હાઈકોર્ટના ચુકાદાને ખામી ભરેલો ગણાવતા સુપ્રીમકોર્ટની બેન્ચે જણાવ્યું હતું કે લગ્નસંબંધ પતિ- પત્નીના પરસ્પર વિશ્વાસ પર ટકેલો છે. તેથી આ કેસમાં પત્નીને પહેલેથી જ પતિ પર ભરોસો ન હતો એવું માનવું શક્ય નથી.



# બે વખત હારી ગયા છતાં લોકોની વચ્ચે અને પક્ષની સાથે રહ્યા ત્યારે તે ન ગયા તો ૫ કરોડમાં કેવી રીતે વેચાઈ જાય? - નીતા કુંભાણી

## ઘટનાક્રમને સમજવા માટે તો માણસને ટાઈમ આપો તેવી વિનંતી કરી



સુરત

ઉમેદવારી રદ થયા બાદ લાપતા નીલેશ કુંભાણીના પત્ની નીતા કુંભાણીએ મીડિયાને કહ્યું હતું કે, ઉમેદવારી રદ થઈ છે તેની ઈન્કવાયરી માટે મારા પતિ નીલેશ કુંભાણી અમદાવાદ ગયા છે. કાર્યકર્તા રોષ ઠાલવી કહી રહ્યા છે કે, ગદ્દાર છે, ખરીદાઈ ગયા છે. બીજેપીના કાર્યકર્તાઓ ખુદ એમની મિલીભગત હોવાથી અને ભાજપ દ્વારા પ્રેશર કરાયું હોય અને નીલેશ કુંભાણીને ખરીદી ન શક્યા હોય ત્યારે ટેકેદારો પર પ્રેશર કરાયું હોઈ શકે. બે વખત હારી ગયા છતાં લોકોની વચ્ચે અને પક્ષની સાથે રહ્યા ત્યારે તે ન ગયા તો ૫ કરોડમાં કેવી રીતે વેચાઈ જાય? તમામનું સાહસ કરીને મીડિયા સામે હું બોલી છતાં દોષનો ટોપલો અમારા પર ઢોળવામાં આવે છે.

રાજકીય માણસો તો બોલતા હોય પરંતુ તમે તો સમજો. ઘરનું માણસ નથી, ટેકેદારો અમારા સગા છે, અને તેમના પરિવારના અમારા પર કોલ આવે છે. તેમને જવાબ પણ અમારે જ આપવાનો છે. તેની જાણકારી લેવા એ માણસ કંઈ તો કાર્યવાહી કરતો હશે ને? મારી સાથે શું થયું એવો જવાબ આપવા મીડિયા સામે આવે? ઘટનાક્રમને સમજવા માટે તો માણસને ટાઈમ આપો તેમ તેમણે જણાવ્યું હતું.

# નિલેશ કુંભાણીના ચૂંટણી લડવા પર પ્રતિબંધ મુકાઈ શકે છે : ઘરે ગોઠવાયો ચુસ્ત બંદોબસ્ત

સુરત,

છેલ્લા કેટલાક દિવસથી સુરત લોકસભાની ઉમેદવારી નોંધાવનાર કોંગ્રેસના નિલેશ કુંભાણી ચર્ચામાં છે. જો કે સોંગદનામામાં ભૂલ નીકળતા તેમનું ઉમેદવારી પત્ર રદ કરવામાં આવ્યુ છે. કોંગ્રેસ નેતા નિલેશ કુંભાણી હજી પણ ભૂર્ગભમાં છે. તેમની પત્ની ચાર દિવસ બાદ આજે તેમના નિવાસ્થાને પરત ફરી છે. જેમને ફ૯ સાથે જણાવ્યુ કે સમય આવશે ત્યારે નિલેશ કુંભાણી લોકો સામે આવશે.

બીજી તરફ ગઈ કાલે કેટલાક રાજકીય નેતા દ્વારા નિલેશ કુંભાણી વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરાય તે માટે પોલીસ સ્ટેશમાં ફરિયાદ નોંધાવાની કાર્યવાહી હાથ ધરી હતી. ત્યારે પૂર્વ કોર્પોરેટર દિનેશ કાછડિયાએ એક નિવેદનમાં જણાવ્યુ કે નિલેશ કુભાણીનુ સ્વાગત ફૂલથી થશે કે પથ્થરથી તે સમય બતાવશે. જેના પગલે નિલેશ કુંભાણીના ઘરે પોલીસ બંદોબસ્ત વધારવામાં આવ્યો છે. બિલ્ડીંગના નીચે ક્રાઈમ બ્રાન્ચ પોલીસના જવાનો ગોઠવાયા છે.

ચૂંટણી પંચ નિલેશ કુંભાણી સામે કડક પગલા લઈ શકે છે. નિલેશ કુંભાણીના ચૂંટણી લડવા પર પ્રતિબંધ મુકાઈ શકે છે. સુરતથી કોંગ્રેસ ઉમેદવાર નિલેશ કુંભાણીનો રિપોર્ટ દિલ્લી ચુંટણી પંચમાં પહોંચ્યો છે. ટેકેદારોની ખોટી સહી મુદ્દે સુરત કલેક્ટર અને નિરીક્ષકે રિપોર્ટ તૈયાર કર્યો હતો. મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીએ આ રિપોર્ટ દિલ્લી મોકલ્યો છે. ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં આવા કેસમાં નવ ઉમેદવારો પર ત્રણ વર્ષનો ચૂંટણી લડવા પર પ્રતિબંધ મુકાઈ ચૂક્યો છે.

# આણંદ એલસીબીની ટીમે પિસ્તોલ વેચવાના રેકેટનો પર્દાફાશ કર્યો



આણંદ,

આણંદ એલસીબીની ટીમે પિસ્તોલ વેચતા રેકેટનો પર્દાફાશ કર્યો છે. પાણીપુરીના ધંધાની આડમાં વેપારી પિસ્તોલ વેચવાનું જાણવા મળતા આણંદ ક્રાઈમ બ્રાન્ચે તપાસ હાથ ધરી છે.

અસામાજીક તત્વોનું દૂષણ વધતું જઈ રહ્યું છે. ત્યારે આણંદ એલસીબીએ પિસ્તોલ વેચતા રેકેટનો પર્દાફાશ કર્યો છે. આણંદ એલસીબીએ બે શખ્સોને લોડેડ પિસ્તોલ સાથે પકડ્યા છે. આ બે શખ્સો એક્ટિવા પર જઈ રહ્યા હતા. એક્ટિવાની તલાશી લેતાં ડેકીમાંથી લોડેડ પિસ્તોલ મળી આવી હતી તેમજ તેમની પૂછપરછ કરતાં માલૂમ પડ્યું કે તેઓ પાણીપુરી વેચતા વેપારી પાસેથી પિસ્તોલ લીધાનું કબૂલ્યું હતું. આણંદ એલસીબીએ આ મામલે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# પાંચ દિવસ ૪૨ ડિગ્રી સુધી અંગ દઝાડતી ગરમી પડશે

## દક્ષિણ પશ્ચિમથી પશ્ચિમ દિશા તરફથી પવનો ફૂંકાવાની શક્યતા

અમદાવાદ,

હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે. દાસ દ્વારા આગાહી કરવામાં આવી છે કે હજુ પણ આગામી પાંચ દિવસ રાજ્યમાં ગરમીનો પ્રકોપ યથાવત્ રહેશે. ગુજરાતના ઉત્તર અને દક્ષિણ ભાગના દરિયાકાંઠાના વિસ્તારોમાં, એટલે કે, કચ્છના અખાત અને ખંભાતના અખાતમાં ઉત્તર-પશ્ચિમ દિશા તરફથી પવનો ફૂંકાયા હતા. આ સાથે જ ૧૫થી ૨૦ નોટ્સ પ્રતિ કલાકની ઝડપે પવનનો ફૂંકાયા હતા. હજુ પણ આગામી ૨૪ કલાક દરમિયાન ગુજરાત પર દક્ષિણ પશ્ચિમથી પશ્ચિમ દિશા તરફથી પવનો ફૂંકાવાની શક્યતા છે. આગામી પાંચ દિવસ ગુજરાતના મહત્તમ તાપમાનમાં મોટો ફેરફાર ન આવતા મોટા ભાગના જિલ્લાઓનું મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહે એવી શક્યતા છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે આગામી પાંચ દિવસ દરમિયાન રાજ્યના વિવિધ જિલ્લાઓમાં એકથી બે ડિગ્રી સેલ્સિયસ તાપમાનમાં વધારો થઈ શકે છે. હાલમાં ભારતના ઉત્તરી વિભાગમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અપ્રોચ કરી રહ્યું છે. ખાસ કરીને જમ્મુ-કાશમીરના વિસ્તારોમાં સાઈક્લોનિક સર્ક્યુલેશન સર્જાયું છે, પરંતુ હવામાન વિભાગની આગાહી અનુસાર ગુજરાત પર એની અસરો જોવા મળશે નહીં. ત્યાર બાદ પાંચથી સાત દિવસ પછી ફરી એક વખત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ગુજરાતના ઉત્તરી વિભાગને અપ્રોચ કરશે. એને કારણે ગુજરાત પર એની અસર થશે કે નહીં એ હાલમાં સ્પષ્ટપણે કહી શકાય એમ નથી.

હવામાન વિભાગની આગાહી અનુસાર રાજ્યના તાપમાનમાં ધીમે ધીમે વધારો થઈ રહ્યો છે. રાજ્યના કેટલાક જિલ્લાનું મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રીની આસપાસ પહોંચી શકે છે એવી આગાહી કરવામાં આવી હતી.

# વડાપ્રધાન મોદી માટે વાંધાજનક ટીપ્પણી કરનાર યુવકની જૂનાગઢથી ધરપકડ



જૂનાગઢ,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરૂધ્ધ આપત્તિજનક ટીપ્પણી કરનાર યુવકની જૂનાગઢથી ધરપકડ કરવામાં આવી છે.જૂનાગઢના હૈદર નામના યુવાન દ્વારા વડાપ્રધાન મોદી માટે સોશિયલ મીડિયા પર આપત્તિજનક ટીપ્પણી કરાઈ હતી પોલીસ દ્વારા યુવકની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરાઈ છે.આ યુવક જૂનાગઢનો રહેવાસી છે.

હૈદર કુરેશી નામના યુવાન દ્વારા વડાપ્રધાન મોદી માટે આપત્તિજનક ટીપ્પણી આઈ લવ માય જૂનાગઢ નામના વોટ્સએપ ગ્રુપ પર કરાઈ હતી.

# બોટાદના ગુજસીટોકના ગુનાનો ફરાર આરોપી સિદ્ધપુરથી ઝડપાયો

## આરોપીને બોટાદ પોલીસને સોંપવા માટે તજવીજ

પાટણ

સુરેન્દ્રનગરના ગરાંભડી ગામના ગુનાઈત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા બોટાદ પોલીસ સ્ટેશનના ગુજસીટોક ગુનાના નાસતા ફરતાં શખ્સને સિદ્ધપુર પોલીસે શહેરના બિંદુ સરોવર પાસેથી દબોચી લીધો હતો.

સિદ્ધપુર ખાતે બિંદુ સરોવરના અંદરના ભાગે એક શખ્સ પોલીસને જોઈ ભાગતાં તેના પર શંકા જતાં પોલીસે તેનો પીછો કરી પકડી પાડ્યો હતો. આ શખ્સ સુરેન્દ્રનગરના ગરાંભડી ગામનો જગદીશ ઉર્ફે જગો રતિલાલ મહેતા હોવાનું તેણે જણાવ્યું હતું. ત્રણ માસ અગાઉ બોટાદ પોલીસ સ્ટેશનમાં ગુજસીટોકનો ગુનો દાખલ થયેલો હોવાનું જણાવતા પોલીસે તપાસ કરતાં બોટાદ ટાઉન પોલીસ મથકના ગુજસીટોકના ગુનામાં ફરાર હોવાની હકીકત જાણવા મળી હતી જેને પગલે સિદ્ધપુર પોલીસે સીઆરપીસી કલમ ૪૧(૧) મુજબ અટકાયત કરી આરોપીને બોટાદ પોલીસને સોંપવા માટે તજવીજ હાથ ધરી હતી. આ અંગે પોલીસે જણાવ્યું હતું કે આરોપી જગદીશ મહેતા સામે હત્યા, હત્યાની કોશિષ, દારૂ સહિતના ૧૦ જેટલા ગુનાઓ કોટડા સાંગાણી, ઉના, બોટાદ ટાઉન, જસદણ, સાયલા અને વિરછા પોલીસમાં દાખલ થયેલા છે.

# એસઓજીએ અમદાવાદ એક્સપ્રેસ ટ્રેનમાંથી બે બેગ ભરેલો ગાંજો ઝડપી પાડ્યો

અમદાવાદ,

વેસ્ટર્ન રેલવે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા પૂરી અમદાવાદ એક્સપ્રેસ ટ્રેનમાંથી બે બેગ ભરેલો ગાંજો ઝડપી પાડ્યો છે. આ કાર્યવાહીમાં બિનવારસી બેગ અંગેની તપાસ કરતા ગાંજો મળી આવ્યો હોવાનું સામે આવ્યું છે. વેસ્ટર્ન રેલવે એસઓજી દ્વારા આ મામલે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી હોવાનું સુત્રો જણાવી રહ્યા છે.

વેસ્ટર્ન રેલવે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા ગુનાખોરી ડામવા માટે વિશેષ પ્રયાસો હાથ ધરવામાં આવતા હોય છે. આ કાર્યવાહી વર્ષભર ચાલરતી રહે છે. તેવામાં આજે સવારે વેસ્ટર્ન રેલવે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા પુરી અમદાવાદ એક્સપ્રેસ ટ્રેનમાંથી બિનવારસી બેગ ઝડપી પાડવામાં આવી છે. જેની ઝીણવટભરી તપાસ કરવામાં આવતા તેમાંથી બેગ ભરેલો ગાંજો મળી આવ્યો છે. આ ગાંજો પેકીંગ કરીને બે બેગોમાં મુકવામાં આવ્યો હોવાનું સુત્રો જણાવી રહ્યા છે. આ ગાંજાનો જથ્થો ભરેલી બેગ કાશીપુરા રેલવે સ્ટેશનથી જનરસ કોચમાં મુકવામાં આવી હોવાનું પ્રાથમિક સુત્રો જણાવી રહ્યા છે.

# બે વિવાદાસ્પદ નિવેદનઃ ભાયાણીને આચારસંહિતા ભંગ કર્યાનો રીપોર્ટ : કિરીટ પટેલને ક્લિનચીટ

જૂનાગઢ,

રાજ્યમાં લોકસભાની ચૂંટણી માટે મતદારોને રિઝવવાનો પ્રયાસ જોરશોરથી ચાલી રહ્યો છે. પ્રચારમાં ભાજપના પૂર્વ ધારાસભ્ય ભૂપત ભાયાણી અને જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટ પટેલે વિવાદાસ્પદ નિવેદનો બોલ્યા હતા. આ વિવાદમાં પૂર્વ ધારાસભ્ય ભૂપત ભાયાણી સામે આચાર સહીતા ભંગનો રિપોર્ટ કરાયો છે. જ્યારે જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટ પટેલે આચારસંહિતાનો ભંગ કર્યો નથી એવો રિપોર્ટ સોંપ્યો છે. જોકે, અરજદારે જિલ્લા ભાજપ પ્રમુખને આ રીતે અપાયેલી ક્લીનચીટ સામે વાંધા અરજી કરી વિરોધ નોંધાવ્યો છે. વિસાવદરમાં ભાજપના કાર્યાલયના ઉદઘાટનમાં આપના પૂર્વ ધારાસભ્ય અને ભાજપના આગેવાન ભુપત ભાયાણીએ રાહુલ ગાંધી માટે અભદ્ર શબ્દોનો ઉપયોગ કર્યો હતો. જ્યારે જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટ પટેલે રાજા અને તેની પટરાણીઓ વિશે વિવાદીત નિવેદન કર્યુ હતુ. બંને નિવેદનો બાદ ભારે ચર્ચામાં આવ્યો હતો.



ભૂપત ભાયાણી અને કિરીટ પટેલ સામે ચૂંટણી તંત્રમાં આચારસંહિતા ભંગ અંગે કાર્યવાહી કરવા ફરિયાદ કરવામાં આવી હતી.

# રાષ્ટ્રીય પક્ષો ગૌહત્યા પ્રતિબંધ માટે આગળ આવે - શ્રી હરિદાસ મહારાજ

અમદાવાદ,

લોકસભાની ચૂંટણીઓ ચાલુ છે તેવા સમયે રાષ્ટ્રીય પક્ષો ગૌહત્યા મુદ્દે કેમ ચુપ છે તેવો પ્રશ્ન બનાસકાંઠા ભડવેલ ના આચાર્ય શ્રી હરિદાસ મહારાજ દ્વારા કરવામાં આવ્યો છે.હરિદાસજી એ પત્રકારો સાથે ની વાતચીત દરમ્યાન જણાવ્યું હતું કે ભારત વિશ્વ માં દયા કરુણા ધરાવતો દેશ છે હિન્દૂ શીખ જૈન બુદ્ધ વગેરે ધર્મ માં અહિંસા ના પાઠ ભણાવવામાં આવે છે છતાં કમનસીબી એ છે કે એમના જ દેશ ના ગૌહત્યા થઈ રહી છે.ભારત ના અલગ અલગ સંતો મહા પુરુષો દ્વારા ગૌહત્યા રોકવામાં આવે તેવી સ્પષ્ટ વાત થઈ છે ગૌહત્યા પ્રતિબંધ થી ના માત્ર ધાર્મિક લાભ થશે પરંતુ આર્થિક સામાજિક ફાયદાઓ પણ થશે આથી દરેક રાષ્ટ્રીય પક્ષો એ ગૌહત્યા પ્રતિબંધ નો ચૂંટણી ઢંઢેરા માં સમાવેશ કરવો જોઈએ.

# હરણી તળાવ બોટ દુર્ઘટના મામલે તત્કાલીન વડોદરા મ્યુનિ.કમિ. સામે ડિસિપ્લિનરી પગલાં લેવા આદેશ

## હાઇકોર્ટે કહ્યું- કોન્ટ્રાક્ટ આપનારા તમામને નોકરીમાંથી દૂર કરી દેવા જોઇએ

વડોદરા,

ગત ૧૮ જાન્યુઆરીએ હરણી લેકઝોનમાં ૧૨ બાળક સહિત ૧૪ લોકોએ જીવ ગુમાવ્યા હતા. આ દુર્ઘટના મામલે હાઈકોર્ટમાં સુઓમોટો સુનાવણી થઈ રહી છે. આ સુનાવણી દરમિયાન હાઈકોર્ટે વડોદરાના તત્કાલીન મ્યુનિસિપલ કમિશનર સામે ડિસિપ્લિનરી પગલાં લેવા માટે અર્બન હાઉસિંગના સેક્રેટરીને આદેશ કર્યો છે. આ તપાસ IAS નિયમોના પરિપ્રેક્ષ્યમાં થશે. આ ઉપરાંત હાઈકોર્ટે સવાલ કર્યો કે કોન્ટ્રાકટર પાસે લાયકાત ના હોવા છતાં પહેલી વખત કોન્ટ્રેક્ટ નહોતો અપાયો તો બીજી વખત ફક્ત બે મહિનામાં લાયકાત કેવી રીતે આવી ગઈ?

ગુજરાત હાઈકોર્ટમાં ચીફ જજ સુનિતા અગરવાલ અને જજ અનિરૂદ્ધ માયીની બેન્ચ સમક્ષ વડોદરા હરણી તળાવ બોટ દુર્ઘટના મામલે સુઓ મોટો પિટિશન ઉપર આજે વધુ સુનવણી હાથ ધરાઈ હતી. ગત સુનવણીમાં કોર્ટે હરણી તળાવ રી-ડેવલોપમેન્ટ કોન્ટ્રાક્ટ આપવાના તમામ રેકોર્ડ કોર્ટ સમક્ષ મૂકવા જણાવ્યું હતું. જે મુદ્દે આજે વડોદરા મ્યુનિસિપલ કમિશ્નરે સોગંદનામા ઉપર તમામ રેકોર્ડ કોર્ટ સમક્ષ મૂક્યો હતો. ફસ્ઝના એડવોકેટે જણાવ્યું હતું કે આ કેસ સંદર્ભે કુલ ૧૧ ફાઈલો છે, જે આશરે ૦૪ હજાર પાનાની છે.આ એફિડેવિટમાં જણાવવામાં આવ્યું હતું કે સૌપ્રથમ જ્યારે હરણી તળાવને વિકસિત કરવા માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું ત્યારે બે વ્યક્તિઓએ બીડ ભરી હતી.

# સુરતમાં ૧૩ જગ્યાએ ચાલતા ગેસ રિફિલિંગ કૌભાંડનો પર્દાફાશ

## ૧૩ આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

સુરત

સુરતના કાપોદ્રા વિસ્તારમાંથી ગેરકાયદેસર રીતે ગેસ રિફિલિંગ કરવામાં આવતા નેટવર્કનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. ગેસ રિપેરિંગની આડમાં ઘરેલુ ગેસ સિલિન્ડરમાંથી અન્ય સિલિન્ડરમાં ગેસ રિફિલિંગ કરવામાં આવતું હતું. પોલીસે ૭ કલાકનું ઓપરેશન હાથ ધરી ૧૩ દુકાન પર છાપો મારી સમગ્ર નેટવર્ક ઝડપી પાડ્યું હતું. જેમાં ૧૩ આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

કાપોદ્રા પોલીસને માહિતી મળી હતી કે, કાપોદ્રા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં ગેસ રિપેરિંગની આડમાં ગેરકાયદેસર રીતે ગેસ રિફિલિંગ કરવામાં આવી રહ્યું છે. જે માહિતીને આધારે પોલીસે આખું ઓપરેશન હાથ ધરી છાપો માર્યો હતો. કાપોદ્રા પોલીસ સ્ટેશનની ચાર જેટલી ટીમો બનાવવામાં આવી હતી. ૨૦ જેટલા પોલીસ કર્મીઓ દ્વારા દીનદયાળ વસાહત, મરઘા કેન્દ્ર વડવાળા શોપિંગ સેન્ટર, અક્ષર ડાયમંડ પાસે, રામકૃષ્ણ કોલોની ભરવાડ ફળિયા, મોહન બાગ બરોડા પ્રિસ્ટેઝ સહિતના વિસ્તારમાં તપાસ હાથ ધરવામાં આવી હતી.

# અમદાવાદમાં એક જ રાતમાં બે હત્યા : બંને મૃતકમાંથી એક ઈસમ ૧૦ જેટલા ગુનામાં સંડોવાયેલો હતો

અમદાવાદ,

અમદાવાદમાં ગણતરીના કલાકોમાં જ એક જ રાતમાં હત્યાના બે બનાવો બન્યા છે. જેમાં પહેલી હત્યા નવરંગપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા આશ્રમ રોડ ઉપર આવેલા શીતલ આઈસ્ક્રીમ પાર્લર પાસે બન્યો હતો. અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં રાત્રે ૯:૩૦ વાગ્યાની આસપાસ જીતુ ઉર્ફે જીતેન્દ્ર દંતાણી નામનો રીક્ષા ચાલક રીક્ષા લઈને ઊભો હતો, તે સમયે આઈસ્ક્રીમ પાર્લર પર એક સગીર યુવક પોતાના નાના ભાઈ સાથે આવ્યો હતો અને દુકાનમાં હાજર કર્મચારી સાથે બોલાચાલી કરી રહ્યો હતો. તે દરમિયાન રીક્ષા ચાલક જીતુ દંતાણીએ તેને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો, ત્યારે સગીરે તેઓની સાથે ઝપાઝપી કરી હતી અને પોતાની પાસે રહેલી છરી મારી હતી.

આ ઘટનામાં રીક્ષા ચાલક યુવકનુ મોત નિપજ્યું છે. જે સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. આ ઘટનાની જાણ થતા નવરંગપુરા પોલીસની ટીમ સ્થળ ઉપર પહોંચી હતી અને સીસીટીવી તેમજ અન્ય બાબતો તપાસ કરી અંતે સગીર વિરુદ્ધ પગલા લીધા છે.

અમદાવાદમાં અન્ય એક બનાવ શહેરના દાણીલીમડા વિસ્તારમાં બિસમિલ્લાહ હોટલની પાછળ બન્યો હતો. જેમાં જુબેર કુરેશી નામના ૩૧ વર્ષીય યુવકની સૈયદ નામના આરોપીએ તિક્ષ્ણ હથિયારના ઘા મારી હત્યા નીપજાવી હતી. મહત્વનું છે કે બંને વચ્ચે છેલ્લા પાંચ મહિનાથી બોલાચાલી અને અદાવત ચાલતી હતી. જેના ભાગરૂપે ગઈકાલે ઝુબેરની એકલતાનો લાભ લઈ યુસુફે તેના પર હુમલો કર્યો હતો. આરોપીએ ગળાના અને છાતીના ભાગે જીવલેણ ઘા મારી ઈજાઓ પહોંચાડી તેની હત્યા નિપજાવી હતી. તેથી પોલીસે હત્યાનો ગુનો નોંધી ફરાર યુસુફની પોલીસે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

નવરંગપુરામાં થયેલી હત્યામાં નિર્દોષનો જીવ ગયો છે. જે માત્ર ઝઘડામાં સમાધાન કરાવવા વચ્ચે પડ્યો હતો, તો બીજી તરફ દાણીલીમડામાં ૧૦ ગુનાના સંડોવાયેલ આરોપીની હત્યા થઈ છે.

# કચ્છમાં ૯ લોકોને રહેંસી નાંખનાર સામુહિક હત્યાકાંડનો આરોપી ૨૩ વર્ષે પકડાયો

ભુજ,

કચ્છના રાપરની સુરબાવાંઢમાં થયેલા સામૂહિક હત્યાકાંડનો ફરાર આરોપી આખરે ૨૩ વર્ષે ઝડપાયો છે. ફિલ્મી ઢબે આરોપીને પકડવા કચ્છના પોલીસ કર્મચારીઓ ભેંસના સોદાગર બન્યા હતા. ત્યારે કચ્છ પોલીસને મોટી સફળતા હાથ લાગી છે.

રાપરના સુરબાવાંઢ ગામે ગત તા. ૧૩-૬-૨૦૦૧ના સામૂહિક હત્યાકાંડ થયો હતો. જેમાં ૪૦ થી વધુ લોકોના ટોળાએ ધારિયા, કુહાડી, ભાલો, છરા, બંદુકો વગેરે હથિયારો ધારણ કરી ૯ લોકોને રહેંસી નાખ્યા હતા. આ ચકચારી બનાવમાં સંડોવાયેલા આરોપીને ૨૩ વર્ષ બાદ પ્લાનિંગ સાથે ઝડપી લેવામાં આવ્યો છે.

બોર્ડર રેન્જ આઈજી ચિરાગ કોરડીયા અને પૂર્વ કચ્છ પોલીસવડા સાગર બાગમારની સુચનાથી જિલ્લામા નાસતા ફરતાં આરોપીને શોધવા માટે સૂચના અપાઈ હતી. જેમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ તથા ટીમ પેટ્રોલિંગમા હતી, ત્યારે આ આરોપી વિશે બાતમી મળી હતી. બાતમીના આધારે રાપર તાલુકાના સુરબાવાઢ ગામે ૨૦૦૧માં થયેલા સામૂહિક હત્યાકાંડના આરોપી અરજણ રૂપાભાઈ કોલી (ઉ.વ. ૫૦) (રહે મૂળ સુરબાવાંઢ, હાલે રહે લાકડાવાંઢ) ને ઝડપી લેવાયો હતો.

આરોપીને ઝડપી લેવામાં પોલીસે ફિલ્મી ઢબે કામગીરી કરી હતી. આરોપી અરજણ ગુનો બન્યો ત્યારથી સતત ફરાર હતો. ભૂતકાળમાં પોલીસ જયારે પકડવા જતી ત્યારે ચકમો આપીને ભાગી જતો, જેથી તેને પકડવો મુશ્કેલ હતો. દરમિયાન એલસીબીના હેડ કોન્સ્ટેબલને બાતમી મળી કે, અરજણ લાકડાવાંઢમાં રહે છે, જેથી છકડામાં ડુંગળી બટેકા ભરી વેચવાના બહાને તેમજ ભેંસની લે-વેચ કરવાના બહાને રેકી કરી ખરાઈ કરી હતી. આ બાદ તેને પકડી લેવામાં જડબેસલાક પ્લાનિંગ કર્યુ હતું.

# અમરેલીના વેપારી સંગઠનોનો અનુરોધ: પહેલા કરીએ મતદાન પછી ખોલીએ દુકાન

## મતદાતાઓને પ્રોત્સાહિત કરવા મતદાન કરી ખરીદી કરવા આવનારને વળતર આપવા અમરેલીના વેપારીઓની સહમતિ

## ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન અંતર્ગત અમરેલીના વિવિધ વેપારી સંગઠનો અને મંડળો સાથે બેઠક યોજાઈ

અમરેલી:જિલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે તા.૦૭ મે, ૨૦૨૪ના રોજ મતદાન થશે. જિલ્લામાં વધુમાં વધુ મતદાન થાય અને નાગરિકોમાં મતદાન માટે જાગૃત્તિ આવે તે માટે સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસીપેશન (SVEEP) અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (TIP) અંતર્ગત મતદારોમાં મતદાન અંગેની જાગૃત્તિ પ્રસરાવવાની કામગીરી શરુ છે.



આ કડીના ભાગરુપે જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને TIP તેમજ ખર્ચ નોડલશ્રી પરિમલ પંડ્યાના અધ્યક્ષ સ્થાને વેપારી સંગઠનો સાથે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વેપારીઓને મતદાનનું મહત્વ સમજાવવામાં આવ્યુ હતુ. મતદારોને મતદાન કરવા માટે પ્રોત્સાહિત કરવાના હેતુથી મતદાન કરી ખરીદી કરવા માટે આવનારા ગ્રાહકોને યથા યોગ્ય વળતર આપવાના ચૂંટણી પંચના અનુરોધને અમરેલી જિલ્લાના વેપારી સંગઠનોએ વધાવ્યો હતો.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી પરિમલ પંડ્યાએ ઉપસ્થિત અમરેલી ડિસ્ટ્રીક્ટ ચેમ્બર્સ ઓફ કોમર્સ, રેડીમેઇડ ગાર્મેન્ટ એસોસિએશન, વેપારી મહામંડળ, મોલ-સુપર માર્કેટના પ્રતિનિધીશ્રીઓ, પેટ્રોલ પમ્પના વિક્રેતાઓ, સંચાલકો, અમરેલી જિલ્લા આઈ.ટી.એસોસિએશન, મેડીકલ સ્ટોર્સ સંચાલક એસોસિએશન, ફૂટવેર એસોસિએશન, હોટલના સંચાલકો, ઈન્દિરા શોપીંગ સેન્ટર, એસોસિએશન એગ્રો પ્રોડક્ટ અને ડેરી પ્રોડક્ટના વેપારીઓ, કાપડ, કરિયાણાના વિક્રેતાઓ વગેરે વેપારી સંગઠનો અને એસોસિએશન, મંડળોના પ્રમુખશ્રીઓ તેમજ સંગઠનના હોદ્દેદારોને જણાવ્યુ કે, અમરેલી લોકસભા મતવિસ્તારમાં મતદાનની ટકાવારી વધારવા માટે છેલ્લા કેટલાક સમયથી ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (TIP) અંતર્ગત સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશના ભાગરુપે વેપારીઓને મતદાન કરી આવનારા ગ્રાહકોને ૭% જેટલું અથવા પોતાની યથા શક્તિ મુજબ વળતર આપવા માટે અનુરોધ છે.

વેપારી સંગઠનો પૈકી કેટલાક સંગઠનો અગાઉથી જ આ પહેલના ભાગરૂપે તેમની સંમતિ સાથેની વિગતો પૂરી પાડી હતી. જ્યારે કેટલાક સંગઠનો આગામી દિવસોમાં વેપારીઓ સાથે સંમતિ સાધી અને પોતાના સંગઠન હેઠળના વેપારીઓ કેટલું ડિસ્કાઉન્ટ આપશે તેની વિગતો પૂરી પાડશે.

બેઠકમાં મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી અને પ્રાંત અધિકારીશ્રી મહેશ નાકીયાએ વેપારી સંગઠનોને તેમના કર્મચારીઓને મતદાન માટે સવેતન રજા અથવા મતદાન માટેના સમયની અનુકૂળતા કરી આપવા અનુરોધ કર્યો હતો. બેઠકમાં ઉપસ્થિત સૌ સંગઠનને એક જ સૂરમાં જણાવ્યું હતું કે, આગામી તા.૭ મે, ૨૦૨૪ના રોજ 'પહેલાં મતદાન પછી ખોલીએ દુકાન' બેઠકના પ્રારંભે નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી દીપાબેન કોટકે બેઠકનો વિષય તેમજ ટર્ન આઉટ ઈમ્પલિટેશન પ્લાન (TIP) વિશે માહિતી આપી હતી. કાર્યક્રમના અંતે સૌએ આગામી તા. ૭ મે, ૨૦૨૪ના રોજ મતદાન કરવાના શપથ લીધા હતા તેમજ પોતાના અને પોતાના પરિવાર તેમજ આસપાસના લોકોને મતદાન કરવા માટે પ્રેરણા આપવાની બાંહેધરી આપી હતી.

આ બેઠકમાં વિવિધ સંગઠનોના પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી, ખજાનચીશ્રી, સદસ્યશ્રીઓ, જિલ્લા વહીવટી-ચૂંટણી તંત્રના કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલા વોર્ડ નં.-૭માં ઉનાળા દરમ્યાન પાણીની સુવિધા સુધારવા આગોતરૂ આયોજન કરાયું



સાવરકુંડલા:

સાવરકુંડલા શહેરના વોર્ડ નંબર - ૭ માં ઉનાળા દરમ્યાન પાણીની સમસ્યાઓ ટાળવા માટે પાલિકા તેમજ નગરસેવકો દ્વારા આગોતરા પગલાં લેવામાં આવી રહ્યા છે. વોર્ડમાં ઉનાળા દરમ્યાન બોરિંગના પાણીના સ્તરમાં ઘટાડો થવાને કારણે પાણીનું પ્રેસર ઓછું થઈ શકે છે જેના કારણે વિસ્તારના રહેવાસીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે, પાલિકા દ્વારા મણિનગર અને ખાટકીવાડ વિસ્તારમાં આવેલા બોરિંગમાં નવી મોટરો સ્થાપિત કરવામાં આવી રહી છે. આ નવી મોટરો વધુ પાણી કાઢવામાં સક્ષમ હશે, જેનાથી ઉનાળા દરમ્યાન પણ પૂરતા પ્રમાણમાં પાણીનું સંચાલન થઈ શકશે અને વિસ્તારના રહેવાસીઓને પાણીની કોઈ તકલીફ નહીં થાય.આ ઉપરાંત, પાલિકા દ્વારા પાણીનો બગાડ ઘટાડવા માટે લોકોને જાગૃત પણ કરવામાં આવી રહ્યા છે. લોકોને નળ ખુલ્લા રાખીને પાણીનો બગાડ ન કરવા અને પાણીનો કાળજીપૂર્વક ઉપયોગ કરવા માટે અપીલ કરવામાં આવી રહી છે. આ સંદર્ભે લોક પ્રતિનિધિ સોહીલ શેખ જણાવ્યું છે કે, "આપણે સૌએ મળીને ઉનાળા દરમ્યાન પાણીની સમસ્યાનો ઉકેલ લાવવા માટે પ્રયત્ન રહેવું જોઈશે....અને એક વાત પણ મનમાં ગાંઠ વાળીને પાકી કરી લેવી જોઈએ કે પાણી છે તો જીવન છે. એનો સ્રોત અખૂટ નથી એટલે પાણીનો ઉપયોગ પણ સંયમ અને વિવેક પૂર્ણ કરવો જોઈએ.

# વિશ્વ મેલેરિયા દિવસ અંતર્ગત વેરાવળ ચોપાટીથી સિવિલ હોસ્પિટલ સુધી "સાયકલ રેલી" યોજાઈ

ગીર-સોમનાથ:વિશ્વ મેલેરિયા દિવસને અનુલક્ષીને દેશમાં મેલેરિયા વિશે જાગૃતિ ફેલાવવા માટે અનેક જનજાગૃતિના કાર્યક્રમો કરવામાં આવે છે. તેને અનુલક્ષીને આજે વેરાવળ ચોપાટી થી લઈને સિવિલ હોસ્પિટલને આવરી લેતી એક સાયકલ રેલીનું આયોજન કલેકટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજાના નેતૃત્વમાં કરવામાં આવ્યું હતું.

આ રેલીમાં કલેક્ટરશ્રી સાથે જિલ્લા વિકાસ અધિકારી શ્રી સ્નેહલ ભાપકર, જિલ્લા પોલીસ વડા શ્રી મનોરહરસિહ જાડેજા, નિવાસી અધિક કલેક્ટર શ્રી રાજેશ આલ સહિતના જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓ જોડાયા હતા.

વિશ્વમાં ખાસ કરીને ભારતમાં મેલેરિયાનો ઉપદ્રવ વધુ હોય છે. જેના કારણે બિમારી પણ ફેલાય છે. આ બધા વિશે લોકોમાં જાગૃતિ આવે તે માટે મેલેરિયા જાગૃતિ વિશેના બેનર સાથેની આ સાયકલ રેલી વેરાવળ ચોપાટી થી લઈને ટાવર ચોક અને ટાવર ચોક થી સિવિલ હોસ્પિટલ સુધી પહોંચી હતી.

"વધુ સમાન વિશ્વ માટે મેલેરિયા સામેની લડાઈને વધુ વેગ આપીએ"ની થીમ પર વિશ્વ મલેરિયા દિવસની ઉજવણી અંતર્ગત નાગરિકો સ્વચ્છતા જાળવે અને મલેરિયા રોગ નાબૂદી માટેની જાગૃતિ કેળવાય તેમજ નાગરિકો બહોળી સંખ્યામાં મતદાત કરે તેવા આશય સાથે આ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

દેશના નાગરિકોના સારા સ્વાસ્થ્ય માટે મલેરિયાના રોગને અટકાવવો જરૂરી છે. તેવી જ રીતે સ્વસ્થ લોકશાહીને ધબકતી રાખવા માટે દેશના પ્રત્યેક નાગરિકોએ મતદાન કરવું જરૂરી છે, તેવાં જાગૃતિના સંદેશ આપતાં પોસ્ટરો સાથે "સાયકલ રેલી" ચોપાટી મેદાન, ટાવર ચોક, બસ સ્ટેશન, સિવિલ હોસ્પિટલ સહિતના વિસ્તારોમાં ફરી હતી.

આ રેલીમાં જિલ્લા આરોગ્ય અધિકારી ડો. શ્રી અરુણ રોય, જિલ્લા પુરવઠા અધિકારી શ્રી એન.બી.મોદી, પ્રાંત અધિકારી શ્રી વિનોદ જોષી, ડેપ્યુટી કલેક્ટર-૧ શ્રી ભૂમિકાબેન વાટલીયા સહિત આરોગ્ય વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયાં હતાં.

# સરકારી સિવિલ હોસ્પિટલના ડોક્ટર કેફી પીણું પીધેલી હાલતમાં ઝડપાયા!

## કલેક્ટરની સિવિલ હોસ્પિટલની આકસ્મિક મુલાકાતમાં ઘટના સામે આવી

ગીર સોમનાથઃ આજરોજ વિશ્વ મેલેરિયા દિવસના અવસરે યોજાયેલ સાયકલ રેલીમાં જોડાયા બાદ કલેક્ટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજા અચાનક વેરાવળ ખાતે આવેલ સિવિલ હોસ્પિટલ ખાતે અચાનક તપાસ અર્થે પહોંચ્યા હતાં.કલેક્ટરશ્રીએ સિવિલ હોસ્પિટલના દરેક વિભાગો અને વોર્ડની મુલાકાત લીધી હતી. આ દરમિયાન માલુમ પડે અસુવિધાઓ અંગે કલેક્ટરશ્રીએ સિવિલ હોસ્પિટલના અધિકારી વર્ગને જરૂરી સૂચનાઓ આપી દર્દીઓને કોઈ અગવડ ન પડે તેના પર ભાર મુક્યો હતો.કલેક્ટરશ્રીએ સિવિલ હોસ્પીટલની મુલાકાત દરમિયાન હોસ્પિટલમાં નિયમ પ્રમાણે રાઉન્ડ ધ ક્લોક સિક્યૂરીટી રાખવાં, સિવિલ હોસ્પિટલમાં અનધિકૃત



લોકો ન આવે, સિવિલ હોસ્પિટલમાં બહારના વાહનો પાર્ક ન થાય, કંપાઉન્ડના બહારના ભાગે થયેલ દબાણ દૂર કરવામાં આવે, સિવિલ કેમ્પસમાં સંપૂર્ણ સ્વચ્છતા જળવાય, કેમ્પસમાં કોઈપણ પાન-માવા અને બીડીનો ઉપયોગ કરે તો તેને દંડ કરવો, મશીનરીની યોગ્ય રીતે જાળવણી અને વપરાશ થાય તે માટેની સૂચનાઓ આપી હતી.કલેક્ટરશ્રીએ આ સિવાય સ્ટાફનો પરિચય કેળવી તેમની કામગીરીની જાણકારી મેળવી રહ્યા હતા. તે દરમિયાન સિવિલ હોસ્પિટલના ગાયનેકોલોજિસ્ટ એવા ડૉ. એ.બી. સોંદરવા, વર્ગ૧ બરોબર જવાબ ન આપી શકતાં તેમજ ડોક્ટર કેફી પીણું પીધું હોય તેવી શંકા જણાતાં તુરંત જ પોલીસને બોલાવી તેમનો બ્લડ ટેસ્ટ લેવાની સૂચના આપી હતી. જેનો તાત્કાલિક અમલ કરતાં સિવિલ હોસ્પિટલના આર.એમ.ઓ. ડૉ. પી.બી. નારીયા, વર્ગ-૧ એ વેરાવળ સિટી પોલીસમાં આ અંગે વિધિવત એફ.આર.આઈ. નોંધાવી છે. આ બાબતે ડૉ. એ.બી. સોંદરવાને હિરાસતમાં લઈને વેરાવળ સિટી પોલીસના પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી ભારતીબેન રાઠોડે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# વિનામૂલ્યે નેત્રનિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો



સાવરકુંડલા:

શ્રી સદગૂરૂ શ્રીકબીર સાહેબ સેવા ટસ્ટ સાવરકુંડલા અને લાયન્સ કલબ ઓફ અમરેલી સીટી તથા શ્રી નાગરદાસ ધનજી સંઘવી ટ્રસ્ટ સુદર્શન નેત્રાલય હોસ્પીટલ સંચાલિત અમરેલી દ્વારા વિનામુલ્યે નેત્ર નિદાન તથા નેત્રામણી આરોપણ કેમ્પનું ભવ્ય આયોજન થયેલ હતું. આ કેમ્પમાં આંખોના રોગથી પીડાતા દર્દીનારાયણ માટે ઓપરેશન વિનામુલ્યે કરવામાં આવ્યું હતું. આ કેમ્પની અંદર ઓ.પી.ડી.માં ૭૨ દર્દીઓએ લાભ લીધો હતો. અને તેમજ મોતિયાના ઓપરેશન માટે ૨૫ દર્દીઓએ લાભ લીધો હતો આ કેમ્પનું દિપ પ્રાગટય કબિર ટેકરી નાં મહંત શ્રી નારાયણ સાહેબ, લાયન્સ કલબ ઓફ અમરેલી સામાજિક સેવા સંસ્થાન શ્રી બચુભાઈ જીવરાજભાઈ સ્મારક ટ્રસ્ટના ટ્રસ્ટી વિશાલભાઇ વ્યાસ, જગદીશભાઈ જેઠવા જિતેનભાઇ હેલૈયા, મેહુલભાઈ ત્રિવેદી તથા પટેલ બેટરીવાળા વિઠ્ઠલભાઈ સુદર્શન નેત્રાલયના કર્મચારી નિલેષભાઈ ભીલ, તથા કબીર ટેકરી ના સ્વયંમ સેવકો વગેરેએ સેવા આપી હતી. આ કેમ્પ દર મહિનાના ત્રીજા ગુરુવારે છેલ્લા ૧૨ વર્ષથી યોજાય છે

# ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા પાલિતાણામાં ૧૧ ચેકડેમો બનાવાયા



રાજકોટ:સૌરાષ્ટ્રમાં અલગ-અલગ જીલ્લામાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ૧૪૫થી વધુ ચેકડેમ રિપેરિંગ ઉંડા અને ઉચા કરવા તેમજ નવા બનાવેલ છે.જેનાથી વરસાદી પાણી વિશાળ જથ્થામાં રોકાયલ છે. ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા સૌરાષ્ટ્રમાં ૧૧,૧૧૧ ચેકડેમો તૈયાર કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે.સિહોર તાલુકાના પાલીતાણાની બાજુમાં ટોડી ગામમાં ધમપાલી વીપશ્યના ધ્યાન કેન્દ્ર છે તે કેન્દ્ર જેવા ઘણા વિપશ્યના સંચાલક રાજુભાઈ મહેતા જે હાલ રાજકોટના રહેવાસી (ભાભા હોટેલ) અને બોમ્બેના સાધક દાતા દુર્ગેશભાઈ શાહના આર્થિક સહયોગથી ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા આ વર્ષે ૧૧ ચેકડેમનું કાર્ય પૂર્ણ કર્યુ.જેમાં ૪ ચેકડેમ નવા અને ૭ ચેકડેમ રીપેરીંગ અને ઉંચા કરેલ છે.તેમજ ગયા વર્ષે ચેકડેમ બનાવેલ હતાં. હાલ તેને ઉંડા કરવાનું કામ ચાલુ છે. જેનાથી ખેડૂતોને ખેતીમાં શિયાળુ પાકમાં ખેત ઉત્પાદનમાં ખુબ મોટો આર્થિક ફાયદો થયો છે.આ કર્યે ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયા, પ્રકૃતિ પ્રેમી દિનેશભાઈ પટેલ, જમનભાઈ ડેકોર, ટોડી ગામના આગેવાનો ગોહિલ વેલુભા ભરતસિંહ ગામના સરપંત ભુપેન્દ્રસિંહ કિરીટભાઈ ઘણા ખેડૂતોનો સહયોગ રહ્યો હતો.

# ચૂંટણી પૂર્વે રાજકોટમાં સહકારી ક્ષેત્રે 'ગરમી' ! 'ઈફકો'માં રાદડીયા કે અમદાવાદના બીપીન પટેલ ?

## ઈફકોના આખા ડાયરેકટર બોર્ડે ફોર્મ ભરી દીધા છે, મેન્ડેટની ખબર નથી : રાદડીયા

રાજકોટ:

રાજકોટ સહિત ગુજરાતભરમાં લોકસભા ચૂંટણીનો પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે તેવા સમયે રાજકોટના સહકારી જગતમાં એકાએક ગરમી સર્જાય છે. આગામી ૯મી મેના રોજ યોજાનારી ઈફકોની ચૂંટણીમાં ખેંચતાણ સર્જાયાના એંધાણ હોય તેમ રાજકોટના સહકારી નેતા અને ભાજપના ધારાસભ્ય એવા જયેશ રાદડીયાએ ફોર્મ ભરી દીધુ છે તો બીજી તરફ ભાજપ દ્વારા અમદાવાદના બીપીન નારણભાઇ પટેલ (ગોતા)ના નામનો મેન્ડેટ જારી કરવામાં આવ્યો છે રાજકોટ સહિત સમગ્ર ગુજરાતના ભાજપના સંગઠન પ્રમુખોને પાઠવી પોતપોતાના જિલ્લાના ડેલીગેટ મતદારોને બિપીન પટેલ તરફી મતદાન કરવાની સૂચના આપવા કહેવામાં આવ્યું છે. આ ઘટનાક્રમથી લોકસભા ચૂંટણી ટાંણે જ રાજકોટના સહકારી જગતમાં જબરી ચર્ચા શરૂ થઇ છે. સહકારી ક્ષેત્રના સુત્રોએ જણાવ્યું છે કે દેશની ટોચની સહકારી સંસ્થા ઈફકોની ચૂંટણી આગામી ૯ મેના રોજ યોજાનારી છે. તેમાં ગુજરાતની એક બેઠક છે. છેલ્લી બે ટર્મથી જયેશ રાદડીયા જ તેમાં બિનહરીફ ચૂંટાતા રહ્યા છે અને વર્તમાન ડાયરેકટર પણ છે.આ વખતે તેઓ જ ચૂંટણી લડશે તે નકકી ગણવામાં આવતું હતું અને તે મુજબ તેઓએ ગઈકાલે દિલ્હી પહોંચીને ઉમેદવારી પણ નોંધાવી દીધી હતી. આ દરમ્યાન ભાજપ દ્વારા હવે બિપીન પટેલ (ગોતા)ના નામનો મેન્ડેટ ઈસ્યુ કરીને ચૂંટણીમાં તેમના તરફી



મતદાન થાય તે જોવાની તાકીદ કરવા સાથે તમામ જિલ્લાના સંગઠન પ્રમુખોને મેન્ડેટનો પત્ર પાઠવવામાં આવ્યો છે. આ સંજોગોમાં ઈફકોના ઉમેદવાર તરીકે જયેશ રાદડીયા હશે કે બિપીન પટેલ તે વિશે સહકારી ક્ષેત્રમાં જોરદાર ચર્ચા થવા લાગી છે. ઈફકોના ગર્વનીંગ બોર્ડને લાગે વળગે છે ત્યાં સુધી ગુજરાતની એક બેઠક છે. રાજકોટ જિલ્લાના ૪૨ સહિત સમગ્ર ગુજરાતના ૧૭૬ ડેલીગેટ મતદારો છે જેઓને ચૂંટણીના સંજોગોમાં મતદાન કરવાનો અધિકાર મળે છે. વર્તમાન ડાયરેકટર જયેશ રાદડીયા બે ટર્મથી ચૂંટાતા રહ્યા છે.આ વખતની ત્રીજી ટર્મ માટે તેઓએ ફોર્મ ભર્યુ છે. ભાજપ દ્વારા છેલ્લા કેટલાક વખતથી સહકારી ક્ષેત્રની ચૂંટણી પણ પક્ષીય ધોરણે લડવાનું જાહેર કરી દેવામાં આવ્યું જ હતું. રાજકોટની જિલ્લા બેંક હોય કે લોધીકા સંઘ અથવા તો ડેરી તમામની ચૂંટણી વખતે પાર્ટી દ્વારા જ ઉમેદવારોની પસંદગી કરવામાં આવી હતી. રાષ્ટ્રીય લેવલની સંસ્થા ઈફકોમાં પણ સમાન પ્રણાલી અપનાવવામાં આવતી હોવાનું સ્પષ્ટ છે.ઈફકોના ડાયરેકટર જયેશ રાદડીયાનો સંપર્ક સાધતા તેઓએ જણાવ્યું હતું કે, ૯ મેના રોજ ચૂંટણી યોજાવાની છે. ગઈકાલે ઈફકોની બોર્ડ મીટીંગ હતી અને તેમાં ભાગ લેવા પોતે દિલ્હી ગયા હતા. આ સમયે વર્તમાન બોર્ડના તમામ ડાયરેકટરોએ એક સાથે ફોર્મ ભરી દીધા હતા. મેં પોતે પણ ઉમેદવારી નોંધાવી દીધી છે. ભાજપ દ્વારા બિપીન પટેલના નામનો મેન્ડેટ ઈસ્યુ કરવામાં આવ્યો છે તે વિશે પોતાને કોઈ જાણકારી નથી. લોકસભાની ચૂંટણી છે અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની જામકંડોરણામાં સભા હોવાથી ચૂંટણી પ્રચાર અને અમિત શાહના કાર્યક્રમની તૈયારીમાં વ્યસ્ત છું.

# ૨૬ એપ્રિલ - વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ

૨૬ એપ્રિલ - વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ અને તે પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે જે બૌદ્ધિક સંપદા અધિકારો નવીનતા અને સર્જનાત્મકતાને પ્રોત્સાહિત કરવામાં ભજવે છે. આ દિવસ દર વર્ષે ૨૬ એપ્રિલના રોજ ઉજવવામાં આવે છે અને પેટન્ટ, કૉપિરાઇટ, ટ્રેડમાર્ક અને ડિઝાઇન રોજિંદા જીવનને કેવી રીતે પ્રભાવિત કરે છે તે અંગે જાગૃતિ લાવવા માટે ૨૦૦૦ માં વર્લ્ડ ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ઓર્ગેનાઈઝેશન (WIPO) દ્વારા તેની સ્થાપના કરવામાં આવી હતી. અને તે પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે જે બૌદ્ધિક સંપદા અધિકારો નવીનતા અને સર્જનાત્મકતાને પ્રોત્સાહિત કરવામાં ભજવે છે.

# ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા ૨૬૬મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાશે

ચલાલા:વિવિધ સેવાકીય કાર્યો કરનાર ચલાલાના યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા ગાયત્રી સંસ્કાર કેન્દ્ર, ધારી રોડ ચલાલા ખાતે આગામી તા.૦૮-૦૫-૨૦૨૪ બુધવારના રોજ ૨૬૬મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, સર્વરોગ કેમ્પનું આયોજન કરેલ છે. રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ તથા જીલ્લા અંધત્વ નિવારણ સમિતિના ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોક્ટરોની ટીમ સેવા આપશે . પરિમલભાઈ મીનાબેન અતુલભાઈ શ્રુતિ એન્ડ સોહમ તન્ના પરિમલભાઈના ૬૦ માં જન્મદિવસની ઉજવણી નિમિતે - યુ.કે ના આર્થિક સહયોગથી યોજનાર આ કેમ્પમાં દર્દીઓની તપાસ કરી દવા આપવામાં આવશે અને ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીને શ્રી રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ ફેકોમશીન દ્વારા ઓપરેશન કરી વિનામૂલ્યે નેત્રમણી મૂકી અદ્યતન સારવાર અને દવા આપવામાં આવશે અને સાથે દર્દીઓએ આધારકાર્ડની ઝેરોક્ષ નકલ સાથે લાવવી . દંતયજ્ઞમાં દાંતના તમામ રોગો જેવા કે દાંત કાઢવા ચાંદી પૂરવી વગેરેની સારવાર વિનામૂલ્યે કરવામાં આવશે. સર્વરોગ કેમ્પમાં તમામ પ્રકારના રોગો જેવા કે શ્વાસ, હરસ, મસા, ડાયાબીટીશ, પેટના રોગો, વાના રોગો, વગેરેની સારવાર કરી દવા પણ વીનામુલ્યે આપવામાં આવશે.હરિબા મહિલા કોલેજમાં દીકરીઓ માટે B. P. E. S(સ્પોટ્સ), આર્ટસ, કોમર્સ, B.C.A. જેનું પ્રવેશ કાર્ય શરુ છે. ઉપરોક્ત સ્થળે દર મહિનાના બીજા બુધવારે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, તથા સર્વરોગ કેમ્પ યોજાય છે કેમ્પમાં ઉપરોક્ત તમામ સારવાર વિનામુલ્યે મળશે તો ચલાલા અને આજુબાજુના ગામોમાંથી વધુમાં વધુ લોકો લાભ લે તેવું સંસ્થાના વડા પૂ.શ્રી રતિદાદાની એક યાદીમાં જણાવાયું છે.

# ઊના દેલવાડા રોડ અકસ્માત ઝોન બનયો

નવિન જોષી ઊના: ઊના દેલવાડા રોડ જાણે અકસ્માત નો ઝોન તરીકે બની ગયો હોય તેમ વારંવાર અકસ્માત ના બનાવો વધ્યા છે જેમાં દેલવાડા ગામના નગાભાઈ જીણાભાઇ બાંભણિયા અને તેમના પત્ની લીલી બેન નગા ભાઈ મોટર સાયકલ ઉપર જતા હતા ત્યારે દેલવાડા ગામ પાસે એક મોટર સાયકલ ચાલક એ પુર ઝડપે અને બેદરકારી થી ચલાવી ડબલ સવારી વાળા મોટર સાયકલ સાથે ભટકાવ તા દંપતિ રોડ ઉપર પડી જતા પતિ ને માથા મા અને પત્ની ને પગ અને શરીર ઉપર ગંભીર ઈજાઓ પહોંચતા ઊના હોસ્પિટલ માં સારવાર માટે ખસેડાયા હતા પોલીસ ને જાણ થતા કાર્ય વાહી કરી રહી છે.

# હિટવેવ સંદર્ભે ખેડૂતોએ સાવચેતી રાખવા માર્ગદર્શિકા જાહેર

## બપોરે ખેતીની પ્રવૃત્તિઓ બંધ રાખવી: પશુઓને છાંયડામાં રાખવા

અમરેલી:

ઉનાળાની ઋતુના સમયે રાજ્યમાં કાળઝાળ ગરમી પડી રહી છે તેમજ હવામાન વિભાગ દ્વારા એપ્રિલ માસના અંત તથા મે માસમાં હિટવેવની આગાહી કરવામાં આવી છે, ત્યારે ઉનાળુ ઋતુના ઊભા પાક અંગે સાવધાની રાખવા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.

જે મુજબ,ખેડૂતોએ ખેતરમાં ઊભા પાકને હળવું તેમજ વારંવાર પિયત આપવું. તેમજ વહેલી સવારે તથા સાંજના સમયે પિયત આપવું. આ સાથે જમીનમાં ભેજનું પ્રમાણ જાળવી રાખવા પાકના અવશેષો, પોલીથીન તેમજ માટી વડે આચ્છાદન કરવું. તેમજ જમીનમાં ભેજ જળવાઈ રહે તે માટે ફુવારા પદ્ધતિનો ઉપયોગ કરવો. બપોરના કલાકો દરમિયાન ખેતી વિષયક પ્રવૃત્તિઓ બંધ રાખવી. જેથી ખેડૂતોને ગરમીમાં રાહત મળી શકે.ઉપરાંત પશુઓને છાંયડામાં રાખવા. તેમના પીવાના પાણી માટે ચોખ્ખું અને ઠંડુ પાણી આપવું. તેમજ પશુોને ખોરાકમાં લીલું ઘાસ અને ખનીજયુક્ત દ્રવ્ય આહાર આપવો. ઓછી ગરમીના કલાકોમાં પશુઓને ચરાવવા માટે લઈ જવા તેમજ બપોરના સમયે દુધાળા પશુઓને ચરાવવા નહીં કે ખોરાક આપવો નહીં.

કૃષિ હવામાન એડવાઈઝરી અને સેવાઓ માટે મેઘદૂત મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરવી તથા તેમાં જણાવેલી વિગતોનો જરૂરિયાત મુજબ ઉપયોગ કરવો.

આ અંગે વધુ જાણકારી માટે પોતાના વિસ્તારના ગ્રામ સેવક કે વિસ્તરણ અધિકારી, ખેતીવાડી અધિકારી, જિલ્લા ખેતીવાડી અધિકારી, મદદનીશ ખેતી નિયામક, તાલુકા અમલીકરણ અધિકારી અથવા કિસાન કોલ સેન્ટરનો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારીની યાદીમાં જણાવાયું છે.

સૌરાષ્ટ્ર આસપાસ

Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## ધર્મના આધારે અનામત નહીં

ભારત બિનસાંપ્રદાયિક દેશ છે આ દેશનો કોઇ પણ નાગરિક પોતાના અંતરાત્મના અવાજ મુજબ પોતાનો ધર્મ પાળી શકે છે ધર્મ એ વ્યક્તિગત બાબત છે જ્યારે ધર્મને આધારે અનામત આપવામાં આવે છે ત્યારે વિવિધ પ્રકારના સમુદાયના લોકોની વચ્ચે એક પ્રકારનો અલગાવ ઉભો થાય છે અનેક સમસ્યાઓ ઊભી થાય છે આ બધું થતું હોવા છતાં રાજકારણમાં ધર્મને આધારે અનામત આપવાની પ્રથા કોંગ્રેસે શરૂ કરી હતી. જે બિલકુલ વ્યાજબી બાબત નહોતી.

કોંગ્રેસે ધર્મના આધારે અનામત વધારવાનો પ્રયત્ન કર્યો છે અને મુસ્લિમોને તે અનામતનો લાભ આપ્યો છે. કોંગ્રેસે દેશના લોકોની સંપત્તિ છીનવી લઈને પસંદગીના લોકોમાં તેને વહેંચવાનું ઊંડું ષડયંત્ર રચ્યું છે, એવો ગંભીર આક્ષેપ વડા પ્રધાને ફરીથી કોંગ્રેસ ઉપર કર્યો હતો. કોંગ્રેસના શાસનમાં કોઈ વ્યક્તિને તેની શ્રદ્ધા મુજબ ધર્મનું પાલન કરવામાં તકલીફ થતી હતી.તેમના શાસનમાં હનુમાન ચાલીસા સાંભળવું કે તેનો પાઠ કરવો પણ એક ગુનો બને છે. સપ્તાહે સમગ્ર દેશમાં હનુમાન જન્મોત્સવની ઉજવણી થઈ હતી ત્યારે મોદીનું આ નિવેદન આવ્યું છે.

૨૦૦૪માં જ્યારે કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર આવી ત્યારે -સૌપ્રથમ આંધ્ર પ્રદેશમાં એસસી અને એસટીની અનામત બેઠકો ઓછી કરીને તે મુસ્લિમોને આપી હતી. આ તબક્કે મોદી તમને ખુલ્લાંદિલે ગેરન્ટી આપે છે કે દલિત અને પછાત વર્ગનું આરક્ષણ ક્યારેય સમાપ્ત નહીં થાય અને ધર્મના નામે કોઈની પણ સાથે અનામતની વહેંચણી નહીં થાય.

કોંગ્રેસે હંમેશાં વોટ બેન્કના રાજકારણને નજરમાં રાખીને શાસન કર્યું છે. ૨૦૦૪માં સત્તા પર આવ્યા બાદ કોંગ્રેસે સૌપ્રથમ આંધ્ર પ્રદેશમાં એસસી-એસટીની અનામત ઘટાડીને મુસ્લિમોને આપી હતી. સમગ્ર દેશમાં આ પ્રોજેક્ટનો અમલ કરવા માટે પહેલા આંધ્ર પ્રદેશમાં તેનો અમલ થયો હતો. કોંગ્રેસે આંધ્ર પ્રદેશમાં ચાર વાર આ પ્રોજેક્ટ લાગુ કરવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ કાયદાકીય રુકાવટો અને સુપ્રીમ કોર્ટની જાગૃતિને કારણે તેમનો ઇરાદો સફળ થયો ન હતો.૨૦૧૧માં કોંગ્રેસે સમગ્ર દેશમાં તેનો અમલ કરવાનો પ્રયત્ન કર્યો હતો. કોંગ્રેસે ત્યારે ૨ એસસી, એસટી અને ઓબીસીના હક્કો છીનવી લઈને અન્ય લઘુમતીને આપ્યા હતા. કોંગ્રેસે આ ઇરાદાપૂર્વક કર્યું હતું અને તેના માટે બી.આર. આંબેડકરે રચેલા ભારતના બંધારણની પરવા કરી ન હતી. ‘કોંગ્રેસ ફરીથી દલિતો અને પછાત વર્ગના આરક્ષણમાંથી મુસ્લિમ લોકોને આરક્ષણ ફાળવશે?’ એવો પ્રશ્ન મતદાતાઓએ કોંગ્રેસને કરવો જોઈએ ભાજપ જ્યારે કર્ણાટકમાં સત્તા પર આવ્યો ત્યારે સૌપ્રથમ એસસી-એસટીના આરક્ષણના જે ક્વોટા મુસ્લિમ લોકોને ફાળવી દીધાં હતાં તે રદબાતલ કરવામાં આવ્યા હતા. દેશમાં અનામતની બંધારણીય મર્યાદા ૨૦૨૦માં સમાપ્ત થતી હતી. તે સમયે મોદીએ દલિતો અને જનજાતિઓની મર્યાદા વધુ ૧૦ વર્ષ માટે લંબાવી હતી.

કોંગ્રેસ અને તેના ઈન્ડિ સાથી પક્ષોનું વોટ બેન્કનું રાજકારણ ખુલ્લું પડી ગયા બાદ નારાજ થઈ ગયા હતા. કોંગ્રેસ લોકોની સંપત્તિ છીનવી લઈને તેમની પસંદગીના લોકોમાં વહેંચી દેવાનું કાવતરું ઘડી રહ્યો છે અને તેમણે લોકોની સમક્ષ આ સત્ય પ્રગટ કર્યું છે, એમ મોદીએ જણાવ્યું હતું કોંગ્રેસે અનામતમાં પરિવર્તન કરીને તેનો અમલ કર્યો અને મોદીએ તે ખાનગી બાબત જાહેર કરી.



## ફ્રાઈડે ફોટો સ્ટોરી


- જયદીપ એ. દવે.

## વનીકરણના ભોગે શહેરીકરણ...

શહેરી કરણની ઘેલછામાં ( કે મજબૂરીમાં...) આપણે વૃક્ષોનું છેદન કરી પ્રકૃતિનો વિસ્તાર ઘટાડતા જઈએ છે.શહેરીકરણ ની દોડ માં આપણે વનીકરણ ની અગત્યતા ચુકી જતા શહેરી વિસ્તારોમાં રાની પશુઓની હાજરીની ઘટનાઓ રોજિંદી બની ગઈ છે. તો આબોહવાની દ્રષ્ટિએ પણ આપણે ગરમી, પુર જેવી કુદરતી આફતો સ્વરૂપે માઠા પરિણામો ભોગવી રહ્યા છીએ. ત્યારે આ તસવીર આજની પરિસ્થિતિનો ચિતાર આપી જાય છે. ત્યારે બોરતલાવ પરની આ તસવીરમાં એક બાજુ પ્રાકૃતિક સંપદા સમાન બોરતલાવ અને બીજી બાજુ વિકસી અને વિસ્તરી રહેલા સિમેન્ટના જંગલોને અલગ પાડતા રસ્તા પરથી આ બાબત ચિંતિત ભાવે વોકિંગ કરતા આ વડીલ નું દ્રશ્ય આપને પ્રકૃતિની રક્ષા માટે જાગૃત થવા માટે નો વેક અપ કોલ નથી લાગતું...???

# એલોન મસ્ક ટૂંક સમયમાં લોન્ચ કરશે ટીવી એપ

### એપ વિશે માહિતી આપતું X TVનું ૧૦ સેકન્ડનું ટીઝર પણ રિલીઝ કરવામાં આવ્યું





એલોન મસ્ક તેના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ Xને સંપૂર્ણપણે બદલવામાં વ્યસ્ત છે. એલોન મસ્કએ ટ્વિટરના માલિક બન્યા બાદ તેમાં તેમણે ઘણા ફેરફાર કર્યા છે. હવે એલોન મસ્ક વધુ એક મોટો ફેરફાર કરવા જઈ રહ્યા છે. સમાચાર છે કે Elon રેજા ટૂંક સમયમાં X TV એપ લોન્ચ કરશે જે ટીવી માટે હશે, એટલે કે Xનો ઉપયોગ TV પર પણ કરી શકાશે.

X TV એપ વિશે માહિતી આપતું X TVનું ૧૦ સેકન્ડનું ટીઝર પણ રિલીઝ કરવામાં આવ્યું છે. આવી સ્થિતિમાં એમ કહી શકાય કે સ્માર્ટ ટીવી માટે ટૂંક સમયમાં એક્સ ટીવી એપ બહાર પાડવામાં આવશે.

Xના CEO લિન્ડા યાકેરિનોએ પણ થોડા દિવસો પહેલા કહ્યું હતું કે નાના પડદાથી લઈને મોટા પડદા સુધી X દરેક વસ્તુને બદલી રહી છે. ટૂંક સમયમાં અમે X TV એપ વડે તમારા સ્માર્ટ ટીવી પર રીઅલ-ટાઇમ આકર્ષક કન્ટેન્ટ લાવીશું. અગાઉ ગયા મહિને એલોન મસ્કે પણ ટીવી એપ વિશે માહિતી આપી હતી.

લિન્ડાના જણાવ્યા અનુસાર, યુઝર્સને X TV એપ પર ઉચ્ચ ગુણવત્તાની સામગ્રી મળશે. આ સિવાય યુઝર્સ Xના કન્ટેન્ટને મોટી સ્ક્રીન પર પણ જોઈ શકશે. વપરાશકર્તાઓને વ્યક્તિગત દૃશ્ય પણ મળશે. આ એપ દ્વારા યુઝર્સને તેમના મોબાઈલના કન્ટેન્ટ ટીવી પર જોવાની સુવિધા પણ મળશે.એલોન મસ્ક ધીમે ધીમે ઠ વીડિઓ પ્લેટફોર્મ તરફ આગળ વધી રહ્યા છે. થોડા દિવસો પહેલા જ તેમણે એક વિદેશી ન્યૂઝ ચેનલના પ્રખ્યાત એન્કર સાથે એક્સક્લુઝિવ શોમાં ભાગીદારી માટે મુલાકાત કરી હતી. આ સિવાય યુટ્યુબર મિસ્ટર બીસ્ટએ તેના એક વિડિયોમાંથી X માંથી $૨,૫૦,૦૦૦ ની કમાણી કરી છે, જેના પછી X કમાણી મામલે કન્ટેન્ટ ક્રિએટર્સ વચ્ચે ખૂબ જ લોકપ્રિય બની ગયું છે.

# અમેરિકામાં, ડોકટરોએ ડુક્કરની કિડની ટ્રાન્સપ્લાન્ટ કરી મહિલાનો બચાવ્યો જીવ



અમેરિકામાં એક ખૂબ જ મહત્વપૂર્ણ સર્જરી કરવામાં આવી છે, જે મેડિકલ ક્ષેત્રે માઈલસ્ટોન સાબિત થઈ શકે છે. હકીકતમાં, અમેરિકાના ન્યુ જર્સીમાં સર્જનોએ એક મહિલાના શરીરમાં સંયુક્ત હાર્ટ પંપ અને પિગની કિડની ટ્રાન્સપ્લાન્ટ કરી છે. આ પ્રથમ વખત છે જ્યારે સંયુક્ત હૃદય પંપ અને પિગની કિડની માનવમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે.

આ સર્જરી ન્યુ જર્સીના એનવાયયુ લેંગોન ખાતે કરવામાં આવી હતી. વાસ્તવમાં, ન્યુ જર્સીની રહેવાસી ૫૪ વર્ષની લિસા પિસાનો હાર્ટ ફેલ્યોર અને છેલ્લા સ્ટેજની કિડનીની બિમારીથી પીડિત હતી. તેને નિયમિત ડાયાલિસિસની જરૂર હતી. ઘણા સમયથી લિસા હાર્ટ અને કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાવવાનો પ્રયાસ કરી રહી હતી, પરંતુ અમેરિકામાં ઓર્ગન ડોનર્સની અછતને કારણે તે અંગો મેળવી શકી ન હતી.

સર્જરી બાદ લિસાએ કહ્યું કે જ્યારે મારી સાથે પહેલીવાર આ ઓપરેશન વિશે વાત કરવામાં આવી ત્યારે મેં કહ્યું કે હું ચોક્કસપણે આનો પ્રયાસ કરવા માંગીશ. સર્જરી બાદ લિસાએ ICUમાં પોતાના બેડ પરથી મીડિયા સાથે વાત કરી હતી.

લિસાએ જણાવ્યું કે તે તમામ પ્રકારની સારવાર કરાવ્યા બાદ થાકી ગઈ હતી અને હાર્યો હતો. તેથી જ્યારે ડોકટરોએ મને પિગની કિડની ટ્રાન્સપ્લાન્ટ વિશે જણાવ્યું, ત્યારે મેં ખુશીથી તેનો સ્વીકાર કર્યો. લિસાએ આગળ કહ્યું, ‘આશા છે કે હવે મને મારા પૌત્ર-પૌત્રીઓ સાથે સમય પસાર કરવાનો અને તેમની સાથે રમવાનો મોકો મળશે.’

તમને જણાવી દઈએ કે અમેરિકામાં અંગ દાન કરનારાઓની સંખ્યા કરતાં અંગ મેળવનારાઓની સંખ્યા ઘણી વધારે છે. અહેવાલો અનુસાર, અમેરિકામાં દરરોજ ૧૭ લોકો અંગની રાહ જોતા મૃત્યુ પામે છે. અહીં કિડનીની માંગ સૌથી વધુ અને પુરવઠો સૌથી ઓછો છે. ઓર્ગન પરચેઝ એન્ડ ટ્રાન્સપ્લાન્ટ નેટવર્ક અનુસાર, ૨૦૨૩માં લગભગ ૨૭ હજાર કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી હતી, પરંતુ લગભગ ૮૯ હજાર લોકો તે અંગો માટે રાહ જોઈ રહ્યા હતા.

મળતી માહિતી મુજબ, ૪ એપ્રિલે લિસાના શરીરમાં હાર્ટ પંપ લગાવવામાં આવ્યો હતો અને ૧૨ એપ્રિલે પિગની થાઇમસ ગ્રંથિ સાથે જીન-એડિટેડ પિગની કિડની લગાવવામાં આવી હતી. તમને જણાવી દઈએ કે, વિશ્વમાં પ્રથમ વખત, માર્ચ મહિનામાં મેસેચ્યુસેટ્સ જનરલ હોસ્પિટલમાં ૬૨ વર્ષના રિક સ્લેમેનને જીવંત વ્યક્તિમાં ડુક્કરની કિડનીનું પ્રત્યારોપણ કરવામાં આવ્યું હતું. જે આ મહિને હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ ઘરે પણ પહોંચી ગયા છે. જો કે, જ્યારે બચી ગયેલા બે લોકોને ડુક્કરની કિડની આપવામાં આવી હતી, ત્યારે તેઓ થોડા અઠવાડિયામાં મૃત્યુ પામ્યા હતા.

# ગરમીનું ભયાનક રૂપ વિજ્ઞાન સામેનો સૌથી મોટો પડકાર

### ધરતીનું વાતાવરણ બદલાઈ રહ્યું છે અત્યારે સૌથી વધુ ગરમી પડી રહી છે ત્યારે લોકો ત્રાહિમાન પુકારી રહ્યા છે આ ગરમી માટે કુદરત જવાબદાર છે આમ છતાં વિદેશમાં વધતી જતી ગરમી સામે અનેક મહિલાઓ સરકાર સામે કેસ કરી રહી છે!!

**આસપાસ ચોપાસ** — સુરેશ ભટ્ટ

આપણા દેશમાં અત્યારે ગરમીની મોસમ ચાલી રહી છે ત્યારે સૌથી વધુ ગરમી પડી રહી છે લોકો ગરમીથી ત્રાહિમામ પોકારી ગયા છે ગરમાગરમ લુ વહે છે અને રસ્તા પર નીકળવું મુશ્કેલ બન્યું છે અમદાવાદ જેવા શહેરમાં લાખો વાહનો ના એકઝોસ્ટ ને કારણે ગરમી ખૂબ જ ભયંક રૂપ લેતી હોય તેવું લાગે છે બીજી બાજુ શહેરના આધુનિક બિલ્ડીંગોમાં લગાવેલા કાચ દ્વારા સૂર્યપ્રકાશનું પરાવર્તન થતું હોવાથી ગરમીમાં અનેક ઘણો વધારો થઈ રહ્યો છે આથી અમદાવાદની અંદર સૌથી વધુ ગરમી લાગે છે ગાંધીનગર ગ્રીન સિટી હોવા છતાં અહીં સૌથી વધુ એર કન્ડિશનનો બંગલાઓમાં કાર્યરત હોવાથી તેની ગરમી રોડ પર ફેલાય છે અને આ ગ્રીન સિટીમાં પણ ઉનાળાની ગરમીનું પ્રમાણ માની ન શકાય તેટલું વધતું જાય છે આ ગરમી માટે કોણ જવાબદાર છે આપણા દેશમાં તો માનવામાં આવે છે કે ગરમી વરસાદ વગેરે કુદરત પર આધારિત છે પરંતુ વિદેશના લોકો વધતી જતી ગરમી સામે સરકારને જવાબદાર ગણાવે છે કારણ કે સરકારી યોજનાઓને કારણે વૃક્ષોનો મોટા પ્રમાણમાં વિનાશ થાય છે સરકારની બેદરકારીને કારણે જ ક્લાઇમેટ ચેન્જ થઈ રહ્યું છે તેમ વિદેશના લોકો માને છે અને આથી તેઓ વધતી જતી ગરમીથી ત્રાહિમામ પોકારીને સરકાર સામે કોર્ટમાં કેસ દાખલ કરી રહ્યા છે ખાસ કરીને સ્વીઝરલેન્ડમાં આવી ઘટનાઓ બની રહી છે જેમાં વૃદ્ધ સ્ત્રી પુરુષો ગરમીથી પરેશાન થઈને તેનો ઉકરાટ સરકાર સામે ઠાલવે છે અને કોર્ટમાં કેસ કરે છે! આ કેસ કોર્ટમાં ચાલે પણ છે અને સરકારના પ્રતિનિધિ કોર્ટમાં હાજર થઈને વધતી જતી ગરમી સામે સરકાર સાચા પગલાં લઈ રહી છે તેની રજૂઆત પણ કરે છે અને ગરમીની મોસમમાં વયોર્દ્ધ લોકોને ઓછી મુશ્કેલી પડે તે માટે સરકાર જે કંઈ કાર્ય કરી રહી છે તેની રજૂઆત કરે છે

આપણા દેશમાં પણ ગઈકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આવી જ એક બેઠકનું આયોજન કરીને વધતી જતી ગરમી સામે લોકોને મુશ્કેલી ઓછી પડે માટે શું થઈ શકે તે માટે વિચારણા કરી હતી અને તેનો અમલ કરવા માટે પણ આદેશો આપ્યા છે.

લાઈવ મેચ ચેન્જને કારણે ગરમીમાં વધારો થઈ રહ્યો છે. ગરમીનુ વિકરાળ સ્વરુપ લોકોને ચિંતામાં મુકી રહ્યુ છે. નવા રિસર્ચ પ્રમાણે દુનિયાભરના ૬૫ દેશોમાં ઓગસ્ટ મહિનામાં રેકોર્ડ બ્રેક તાપમાન નોંધાયુ છે. બીજા દેશોમાં ગરમીની રીતે થોડી રાહત રહી છે પણ ૧૯૫૧થી ૧૯૮૦ વચ્ચેના સરેરાશ તાપમાન કરતા તો ઓગસ્ટ મહિનામાં ઘણુ વધારે તાપમાન નોંધાયુ છે.

અમેરિકાની એક સંસ્થાએ આ રિસર્ચ કર્યુ છે અને તેમાં દાવો કરવામાં આવ્યો છે કે, ૧૮૮૦થી તાપમાનનો રેકોર્ડ રાખવાની શરુઆત થઈ હતી અને ત્યારથી લઈને અત્યાર સુધીના રેકોર્ડ જોવામાં આવે તો ઓગસ્ટ મહિનામાં આટલુ તાપમાન ક્યારેય નોંધાયુ નથી.ઓગસ્ટ મહિનામાં ભારતના કેટલાક હિસ્સાઓમાં પણ અભૂતપૂર્વ ગરમી પડી હતી.

આ સિવાય જાપાન, ઉત્તર અમેરિકા, મધ્ય અમેરિકા, આફ્રિકાના કેટલાક હિસ્સાઓમાં પણ ઓગસ્ટ મહિનામાં ગરમીએ લોકોને પરેશાન કરી નાંખ્યા હતા. અમેરિકાની નેશનલ ઓસનિક એન્ડ એટમોસ્ફિરિક એડમિનિસ્ટ્રેશને ગુરુવારે કહ્યુ હતુ કે, ૧૭૪ વર્ષના ક્લાઈમેટ ચેન્જ રેકોર્ડ અનુસાર આ વર્ષે ઓગસ્ટનો મહિનો સૌથી ગરમ રહ્યો છે.

એનાલિસિસ પ્રમાણે ૨૦૧૬ની સરખામણીમાં ઓગસ્ટ ૨૦૨૩માં ૦.૩૧ ડિગ્રી તાપમાન વધ્યુ છે અને આ આંકડો હેરાન કરનારો છે. દુનિયાના બાકી હિસ્સાઓમાં પણ તાપમાનમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. દુનિયાના સરેરાશ તાપમાનમાં થઈ રહેલો વધારો ખતરાની ઘંટડી વગાડી રહ્યો છે. તાપમાનમાં વધારાના કારણે હિમાચલ સહિત તમામ બર્ફિલા વિસ્તારોમાં ગ્લેશિયર ઝડપથી પીગળી રહ્યા છે.

પૃથ્વી પર સજીવ સૃષ્ટિ વિકસી શકે તેવા અનેક પરિબળો હોવાથી તે વિશિષ્ટ ગ્રહ બને છે. પૃથ્વી પરના પ્રાણી-પક્ષીઓ અને વનસ્પતિના જીવનનો આધાર ધરતી છે. પૃથ્વીની સપાટી પરના આ ભાગને ધરતીમાતા પણ કહેવાય છે. ધરતી કે જમીન એટલે પૃથ્વીની ઉપલી સપાટીનો ૩૭ કિલોમીટર સુધીની ઊંડાઈનો વિસ્તાર. આ પોપડો સજીવોને પોષણ પુરુ પાડે છે. જો કે સપાટી પર ૭૦ ટકા ભાગમાં સમુદ્રો આવેલા છે. બાકીની ૩૦ ટકા ભૂમિ વિસ્તારમાં સજીવ સૃષ્ટિ વિકસી છે. જમીન પર પર્વતો, ઊંચા નીચા મેદાનો, જંગલો, ભૌગોલિક વિસ્તાર છે. પૃથ્વીના વાયુમંડળ, પવન અને વરસાદને કારણે સપાટી પર વિવિધતા જોવા મળે છે.

જમીન પર માણસો અને અન્ય પ્રાણીઓ વસવાટ કરે છે. તે જ રીતે જમીનના પોપડામાં જાતજાતના જંતુઓ અને બેક્ટેરિયાની સૃષ્ટિ છે. વરસાદનું પાણી જમીનમાં ઉતરી આ સૃષ્ટિનું જીવન સરળ બનાવે છે. વનસ્પતિને જમીનમાંથી પોષણ મળે છે. વનસ્પતિના ખરી ગયેલાં પાન, પ્રાણી પક્ષીઓના મૃતદેહના અવશેષો વિગેરે જમીનમાં ઉતરી ફરીથી સેન્દ્રીય ખાતર બનાવે છે અને ઇયળો, અળસિયાં, કીડી, ઉધઇ વિગેરે દેહક્રિયા દ્વારા જમીનને વધુ ફળદ્રુપ બનાવે છે. વિવિધ પ્રકારની વનસ્પતિ જમીન પર વસતા પ્રાણી પક્ષીઓને ખોરાક બને છે. આમ પૃથ્વીનો આ પોપડો સજીવ સૃષ્ટિના જીવનચક્રનું મહત્ત્વનું અંગ છે. આ તમામ બાબતો પર્યાવરણની મહત્વની વસ્તુ છે સૌના જતન માટે આ બાબતો પર ગંભીરતાથી વિચારણા કરવામાં આવી રહી છે. માત્ર માનવીઓ જ નહીં પરંતુ જીવ માત્ર ને જીવવાનો અધિકાર છે સરકાર પર મૂળભૂત અધિકારોની રક્ષા ન કરવાનો આરોપ ઇસાબેલા ક્વાઇ નામની મહિલાઓએ મૂક્યો છે

સ્વિત્ઝર્લેન્ડના વિભિન્ન હિસ્સામાં રહેતી મહિલાઓ જર્મન, ફ્રેન્ચ અને ઇટાલિયન ભાષા બોલે છે. તેમણે અલગ અલગ પ્રોફેશનમાં કામ કર્યું છે. પરંતુ, ૬૪ વર્ષથી વધુ ઉંમરની ૨,૪૦૦ સ્વિસ મહિલાઓના જૂથ - ક્લિમાસીનિયરિનેન સ્કવિઝ કહે છે કે તેઓ બધા વધતા તાપમાન અને ભીષણ ગરમીથી ભયભીત છે. તેનાથી તેઓને જીવનના અંતિમ વર્ષોમાં અનેક બીમારીનો ખતરો પેદા થયો છે. ૭૧ વર્ષીય ફાતિમ હ્યુસલર અનુસાર, ઘરથી બહાર નીકળવું અને શ્વાસ લેવું મુશ્કેલ થઈ ગયું છે.

જર્મનીના સ્ટ્રોસબર્ગમાં વિરોધ કરતી વૃદ્ધ મહિલાઓ આજની તારીખે આંદોલન કરી રહી છે પર્યાવરણ પ્રત્યેની જાગૃતિના અભાવથી આજની તારીખની પર્યાવરણની આ સમસ્યા સર્જાણી હોવાનું તેમનું કહેવું છે આજે પર્યાવરણ બગડી ચૂક્યું છે. મહિલાના આ ગ્રુપની વધુ એક સભ્ય ૭૦ વર્ષીય તે ઇસાબેલે જોઈર્ગ અનુસાર, મને ગરમી ગમતી છે હતી પરંતુ હવે તેનાથી ડર લાગે છે.

આ વર્ષે દક્ષિણ યુરોપમાં હીટવેવથી ચિંતા વધી છે. મહિલાઓએ યુરોપની સૌથી મોટી માનવાધિકાર અદાલતમાં ૨૦૨૦માં એક કેસ દાખલ કરીને સરકાર પર આરોપ લગાવ્યો છે છે કે તેઓએ ક્લાઈમેટ ચેન્જથી તેમની સુરક્ષા પૂરી પાડવા માટે માટે પર્યાપ્ત પગલાં ઉઠાવ્યા નથી. તેનાથી અનેક દેશોમાં સરકારો વિરુદ્ધ કેસ કરવામાં આવી રહ્યા છે

દુનિયાના અનેક અન્ય દેશોમાં પણ કેસ દાખલ કરાયા છે. તેમાં તર્ક અપાયો છે કે સરકાર પોતાની જવાબાદારીથી બચી રહી છે અને નાગરિકોની કાળજી રાખવામાં નિષ્ફળ છે. ક્લિમાસિરિયરિનેન કેસમાં ચુકાદો ૨૦૨૪ સુધી આવે તેવી સંભાવના છે. કોર્ટ ક્લાઈમેટ ચેન્જ સંબંધિત અનેક અન્ય કેસ પર વિચારી રહી છે. તેમાં એક પોર્ટુગલના યુવાઓના ગ્રૂપે ૩૩ દેશો પર ગ્રીન હાઉસ ગેસોનું ઉત્સર્જન રોકવામાં નિષ્ફળતાનો આરોપ લગાવ્યો છે. ફ્રાન્સ સરકાર વિરુદ્ધ પણ આવો કેસ ચાલી રહ્યો છે.

તેઓના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન થયું છે. સ્વિત્ઝર્લેન્ડમાં આ સૌથી ગરમ વર્ષને રેકોર્ડ રહ્યો છે. ગત મહિને કેટલાક અલ્પાઇન ક્ષેત્રોમાં તાપમાન ૩૬ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું.

# ચીને ૨૦૧૭-૨૩માં કરી દસ લાખ ઉઈગર મુસ્લિમોની ધરપકડ : યુએસ રિપોર્ટમાં ખુલાસો

વોશિંગ્ટન,
ચીનમાં મુસ્લિમો પર અત્યાચાર થઈ રહ્યા છે તે તો આખી દુનિયા જાણી ચૂકી છે પણ તેને લઈને છાશવારે જે પ્રકારની જાણકારી સામે આવે છે તે ચોંકાવનારી હોય છે. અમેરિકાએ હાલમાં જ એક અહેવાલ જાહેર કરીને ચીનની ફરી એક વખત પોલ ખોલી નાંખી છે. આ અહેવાલ અનુસાર ચીનમાં ૨૦૧૭ થી ૨૦૨૩ સુધીમાં દસ લાખ ઉઈગર સહિતના મુસ્લિમોને મનફાવે તે રીતે પકડીને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યા છે.

અમેરિકાના વિદેશ મંત્રાલયે કહ્યુ છે કે, 'અમે દુનિયાભરમાં માનવાધિકારોનુ સન્માન કરનારા અને લોકોની સ્વતંત્રતા માટે લડનારાઓનુ સમર્થન કરવાનુ ચાલુ રાખીશું. ચીનમાં ૨૦૧૭ બાદ અત્યાર સુધીમાં ૧૦ લાખ લોકોની ચીનની સરકારે અટકાયત કરી છે. તેમને નજરકેદમાં રાખવામાં આવ્યા છે અથવા તો જેલમાં ધકેલી દેવાયા છે. પત્રકારો,વકીલો, લેખકો, સોશિયલ મીડિયાના બ્લોગર્સ તથા સ્વતંત્રતાના હિમાયતી બીજા લોકો સામે ચીનની સરકાર કોર્ટમાં મનફાવે તે રીતે કેસ ચલાવી રહી છે. સાથે સાથે ઈન્ટરનેટ પર પણ પ્રતિબંધો મુકયા છે. ચીનમાં માનવાધિકારોનુ ઉલ્લંઘન બહુ સામાન્ય વાત છે અને લઘુમતી સમુદાયના લોકોને ટાર્ગેટ બનાવીને તેમની સામે હિંસાનુ શસ્ત્ર ઉગામવામાં આવે છે.'

વિદેશ મંત્રાલયે આગળ કહ્યુ છે કે, 'ચીનની સરકારે માનવાધિકારોનુ હનન કરનારા અધિકારીઓની ઓળખ કરીને તેમની સામે કાર્યવાહી કરવાની કોઈ હિલચાલ કરી નથી. ચીનના ઝિજિયાંગ ખાતેના લેબર કેમ્પમાં તો લોકોના મોત થયા હોવાનુ પણ અમને જાણવા મળ્યુ છે. એક મીડિયા રિપોર્ટમાં જણાવાયુ છે કે અન્ય એક પ્રાંતની તુમશુક જેલમાં ઈદની રજા પહેલા ઓછામાં ઓછા ૨૬ ઉઈગર મુસ્લિમોના મૃતદેહ તેમના પરિવારનો સોંપવામાં આવ્યા હતા. એટલુ જ નહીં પણ દેશના ઘણા હિસ્સાઓમાં લોકો ગાયબ થઈ રહ્યા છે.'

વિદેશ મંત્રાલયે જાહેર કરેલા રિપોર્ટમાં એવો પણ આક્ષેપ કરાયો છે કે, 'મુસ્લિમો માટે અવાજ ઉઠાવનારા માનવાધિકાર કાર્યકરો, પત્રકારો, ધાર્મિક નેતાઓ અને તેમના પરિવારના સભ્યોને પણ ગમે ત્યારે પોલીસ ધરપકડ કરીને જેલમાં પૂરી દે છે.'

# ૬ હાર બાદ આખરે RCB જીત્યું

## કોહલી અને પાટીદારની ફિફ્ટી : કર્ણ- સ્વપ્રીલ અને ગ્રીનને ૨-૨ વિકેટ મળી

મુંબઈ
રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ IPL-2024માં બીજી મેચ જીતી લીધી છે. ટીમે સિઝનની ૪૧મી મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદ ને ૩૫ રનથી હરાવ્યું હતું. બેંગલુરુએ સતત ૬ મેચ હાર્યા બાદ મેચ જીતી છે, જ્યારે હૈદરાબાદે સતત ૪ જીત બાદ એક મેચ હારી છે.

હૈદરાબાદના રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં ટૉસ જીતીને બેટિંગ કરતા બેંગલુરુએ ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૨૦૬ રન બનાવ્યા હતા. જવાબમાં હૈદરાબાદની ટીમ ૨૦ ઓવરમાં ૮ વિકેટે ૧૭૧ રન જ બનાવી શકી હતી. RCB તરફથી વિરાટ કોહલી (૫૧ રન) અને રજત પાટીદારએ અડધી સદી ફટકારી હતી. કેમરૂન ગ્રીને ૨૦ બોલમાં અણનમ ૩૭ રન બનાવ્યા હતા જ્યારે કેપ્ટન ફાફ ડુ પ્લેસિસે ૨૫ રનનું યોગદાન આપ્યું હતું. જયદેવ ઉનડકટે ૩ વિકેટ લીધી હતી. કેપ્ટન પેટ કમિન્સ, ટી નટરાજન અને મયંક માર્કંડેને એક-એક વિકેટ મળી હતી. SRH તરફથી શાહબાઝ અહેમદે ૪૦ રનની અણનમ ઈનિંગ રમી હતી. કેપ્ટન પેટ કમિન્સ અને અભિષેક શર્માએ ૩૧-૩૧ રન બનાવ્યા હતા. ડેબ્યૂ કરનાર સ્વપ્રિલ સિંહ, કર્ણ શર્મા અને કેમરૂન ગ્રીનને ૨-૨ વિકેટ મળી હતી.

# યુઝવેન્દ્ર ચહલે ઈતિહાસ રચ્યો : પત્ની ધનશ્રીએ પોતાનો પ્રેમ વરસાવ્યો

મુંબઈ,
આઈપીએલ ૨૦૨૪ની ૩૮મી મેચમાં રાજસ્થાન રોયલ્સના સ્પિનર યુઝવેન્દ્ર ચહલે નવો ઈતિહાસ રચ્યો છે. તેણે અફઘાનિસ્તાનના બેટ્સમેન મોહમ્મદ નબીને આઉટ કર્યા બાદ આ સિદ્ધિ મેળવી હતી. જે બાદ તેની પત્નીએ તેના ઈન્સ્ટાગ્રામ પર એક સ્ટોરી શેર કરીને યુઝવેન્દ્ર પર પ્રેમ વરસાવ્યો છે. વાસ્તવમાં, યુઝવેન્દ્ર આઈપીએલમાં ૨૦૦ વિકેટ લેનાર પ્રથમ બોલર બની ગયો છે. તેણે મોહમ્મદ નબીની વિકેટ લઈને આ સિદ્ધિ મેળવી હતી.

આ પહેલા આઈપીએલમાં ૨૦૦ વિકેટ ઝડપનાર કોઈ બોલર નથી. ચહલે આઈપીએલની પોતાની ૧૫૩મી મેચમાં તેની ૨૦૦મી વિકેટ લીધી છે. યુચવેન્દ્ર ચહલની પત્ની ધનશ્રી વર્માએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર આઈપીએલનો વીડિયો શેર કર્યો છે, જેમાં ચહલ તેની ૨૦૦મી વિકેટ લઈ રહ્યો છે. આ સાથે ધનશ્રીએ લખ્યું - "સારું લાયક, આઈપીએલ ઈતિહાસમાં ૨૦૦ વિકેટ લેનાર પ્રથમ બોલર. હજુ ઘણું કરવાનું બાકી છે. તે મહાન છે. હું પહેલેથી જ કહી રહ્યો છું." યુજવેન્દ્ર ચહલે આઈપીએલમાં ત્રણ ફ્રેન્ચાઈઝી માટે મેચ રમી છે. જેમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર, મુંબઈ ઈન્ડિયન્સ અને હવે રાજસ્થાન રોયલ્સનો સમાવેશ થાય છે. ચહલે તેની પ્રથમ વિકેટ ૧૭ એપ્રિલ ૨૦૧૪ના રોજ દિલ્હી સામે લીધી હતી. અને હવે મુંબઈ સામે તેની ૨૦૦મી વિકેટ લીધી.

ચહલે અત્યાર સુધીમાં ૫૫૮.૫ ઓવર ફેંકી છે.

# બુક કરેલી ટિકિટો રદ કરતા મોટી રકમની કપાત નહીં થાય

## રેલવે દ્વારા નિર્ધારિત યાત્રી દીઠ રૂપિયા ૬૦ કેન્સલેશન ફી વસૂલવામાં આવશે

નવીદિલ્હી,
રેલવેએ મુસાફરોને મોટી રાહત આપી છે. IRCTC વેબસાઈટથી બુક થયેલી વેઈટિંગ અને RAC ટિકિટો રદ કરવાના કિસ્સામાં સુવિધા ફીના નામે મોટી રકમની કપાત નહીં થાય. હવે આવી ટિકિટો પર રેલવે દ્વારા નિર્ધારિત યાત્રી દીઠ માત્ર રૂપિયા ૬૦ કેન્સલેશન ફી વસૂલવામાં આવશે. હવે આવી ટિકિટો પર રેલવે દ્વારા નિર્ધારિત યાત્રી દીઠ માત્ર રૂપિયા ૬૦ કેન્સલેશન ફી વસૂલવામાં આવશે.




એક મુસાફરની ફરિયાદના આધારે રેલવેએ મુસાફરોને આ રાહત આપવાનો નિર્ણય કર્યો છે. તેનાથી સમગ્ર દેશના લોકોને રાહત મળશે. મુસાફરે ૧૨ એપ્રિલે રેલવે પ્રશાસનને ટિકિટ કેન્સલ કરાવવા માટે IRCTC દ્વારા વસૂલવામાં આવતી મનમાની ફી અંગે પત્ર મોકલ્યો હતો. જેમાં તેણે કહ્યું હતું કે, જો IRCTC વેબસાઈટ દ્વારા બુક કરવામાં આવેલી વેઈટિંગ ટિકિટ કન્ફર્મ ન થાય તો રેલવે પોતે જ તે ટિકિટો કેન્સલ કરી દે છે. તેમજ અમારા દ્વારા ચૂકવવામાં આવતી રકમનો મોટો ભાગ સર્વિસ ચાર્જ તરીકે કાપવામાં આવે છે.

ઉદાહરણ તરીકે, એવું કહેવામાં આવ્યું હતું કે જો વેઈટિંગ ટિકિટ ૧૯૦ રૂપિયામાં બુક કરવામાં આવતી તો ટિકિટ કન્ફર્મ ના હોય, ત્યારે રેલવે માત્ર ૯૫ રૂપિયા જ રિફંડ કરતી હતી. આ ફરિયાદના આધારે, IRCTCએ આ મોટી કાર્યવાહી કરી છે. IRCTCના મેનેજિંગ ડિરેક્ટરે ૧૮ એપ્રિલે ફરિયાદી મુસાફરને જાણ કરી હતી કે, ટિકિટ બુકિંગ અને રિફંડ સંબંધિત નીતિ, નિર્ણયો અને નિયમો ભારતીય રેલવે (રેલવે બોર્ડ)નો વિષય છે.

# ૧૦૦ જેટલાં ભારતીયોની વસતી ધરાવતા સુદાનમાં ભૂખમરો, એક સમયે અન્નનો કોઠાર કહેવાતો હતો

સુદાન,
સતત ચાલતા યુદ્ધ અને વહીવટી તંત્રના લગભગ અભાવે સુદાનને નિષ્ફળ રાષ્ટ્ર બનાવ્યું છે. પરિસ્થિતિ હૃદય દ્રાવક બની છે. દુનિયામાં પોતાના જ દેશમાં અગણિત લોકો નિર્વાસિત બની ગયા છે. ન તો ગાઝામાં કે ન તો યુક્રેનમાં આ પરિસ્થિતિ છે. સુદાનમાં લાખ્ખો લોકો ભૂખમરો વેઠી રહ્યા છે. પીવાનાં પાણીની પણ અસહ્ય તંગી છે. વિધિની



વક્રતા તે છે કે ઈજીપ્તના ફેરોઝ કે ટોલેલી ફિલાડેલ્ફીયા કે સમાટ્ર કિલઓવેટ્રાના સમયથી ગોલ્ડન હાર્વેસ (ઘઉં) દ્વારા વિખ્યાત બની રહેલા સુદાનમાં લાખ્ખો લોકો ભૂખમરા અને પાણીની તંગીથી ટળવળી રહ્યાં છે. યુનો તેમજ અન્ય દેશો દ્વારા પણ મોકલાતી અન્ન સહાય ભૂખે ટળવળતા લાખ્ખો લોકો માટે પૂરી પડી શકે તેમ નથી. યુનો હવે વધુ ને વધુ સહાય મોકલી રહ્યું છે. આફ્રિકાના ત્રીજા સૌથી વિશાળ રાષ્ટ્રમાં આ પરિસ્થિતિ વાસ્તવમાં માનવ સર્જિત છે.

અહીં ઉત્તરે ઈસ્લામ ધર્મના અનુયાયીઓ છે. બ્લ્યુ નાઈમથી દક્ષિણે ખ્રિસ્તી ધર્મીઓ ભારે મોટી બહુમતીમાં છે. વર્ષોથી બંને વચ્ચે સતત સંઘર્ષ ચાલે છે. ખાર્ટુમમાં લશ્કરી જુન્ટાનું શાસન છે. અહીં લોકશાહી હતી જ. તેનું સંવિધાન ઘડવા અને પંચવર્ષિય યોજનાઓ તૈયાર કરવા ભારતના સુકુમાર સેનનાં નેતૃત્વ નીચે અર્થશાસ્ત્રીઓ અને રાજ્ય શાસ્ત્રીઓનું પ્રતિનિધિ મંડળ ત્યાં ગયું હતું. તમોને ભાગ્યે જ માહિતી હશે કે ખાર્ટુમના એક રાજમાર્ગનું નામ સુકુમાર સેન માર્ગ રાખવામાં આવ્યું છે.

# બોલિવૂડ સ્ટાર્સ ટ્રેન્ડની સાથે જળવાઈ રહેવા માટે કપડાં ભાડા પર વસાવે છે : ખુરાના

મુંબઈ,
બોલિવૂડના સ્ટાર્સ પોતાના લૂકને લઈને એકદમ ગંભીર હોય છે. તેઓ પોતાના મેક-અપથી લઈને પોતાના ડ્રેસ સુધીની તમામ બાબતોનું ખાસ ધ્યાન રાખતાં હોય છે.

આકર્ષક દેખાવા માટે તેઓ સતત કંઈકને કંઈક નવું કરતા રહેતાં હોય છે. તાજેતરમાં એક મુલાકાતમાં અભિનેતા આયુષ્યમાન ખુરાનાએ બોલિવૂડમાં ભાડાના ચલણ પર મોટું નિવેદન કર્યું છે. તેણે બોલિવૂડ સ્ટાર્સના કપડાંને લઈને ચોંકાવનારું નિવેદન આપી દીધું છે. અભિનેતાએ જણાવ્યું હતું કે તે એક ખુલ્લું રહસ્ય છે કે મોટાભાગના બોલિવૂડ સ્ટાર્સ ટ્રેન્ડની સાથે જળવાઈ રહેવા માટે કપડાં ખરીદવાના બદલે તેને ભાડા પર વસાવે છે. આ દરમિયાન તેણે પોતાના ભાઈ અને અભિનેતા અપારશક્તિ ખુરાના સાથે જોડાયેલો એક કિસ્સો પણ શેર કર્યો હતો. અભિનેતાઓ એક યૂ-ટ્યૂબ ચેનલ સાથેની મુલાકાતમાં જણાવ્યું હતું કે આખું બોલિવૂડ ભાડા પર ચાલે છે. તમને લાગે છે કે અમે કપડાં ખરીદતાં હોઈશું? અમે સ્ટાઈલિસ્ટોને કામ પર રાખીએ છીએ, તેમની પાસેથી કપડાં લઈએ છીએ અને પરત આપી દઈએ છીએ. અમે આટલા બધા કપડાં કેવી રીતે લઈ શકીએ? આયુષ્યમાન દિલજીત દોસાંજની સ્ટાઈલ અને તેની વૈશ્વિક રિચની પ્રશંસા કરતાં કહે છે કે મને દિલજીત દોસાંજની સ્ટાઈલ પસંદ છે.

# ફોરેક્સ ટ્રેડીંગમાં મોટા નફાની લાલચ આપીને ઠગાઈના વધતા કેસ

## અનઅધિકૃત સંસ્થાઓનાં નામોનું લીસ્ટ જાહેર કરવા બેંકોને રિઝર્વ બેન્કની સુચના

નવીદિલ્હી,
ફોરેક્સ ટ્રેડીગમાં તગડા રીટર્નની લાલચ આપીને બીનઅધિકૃત સંસ્થાઓ સામાન્ય લોકોને જાળમાં ફસાવીને આર્થિક નુકશાન કરી રહ્યા છે.આ પ્રકારના વધતા કેસોને પગલે રીઝર્વ બેન્કે એલર્ટ જાહેર કર્યું છે. અનઅધિકૃત સંસ્થાઓનાં નામોનું લીસ્ટ જાહેર કરવા બેંકોને સુચના આપવામાં આવી છે.

રિઝર્વ બેન્કની તપાસમાં એવો ખુલાસો થયો છે કે લોકલ એજન્ટો બનાવીને બિન અધિકૃત સંસ્થાઓ લોકોને જાળમાં ફસાવી રહી છે. એજન્ટો માર્જીન, રોકાણ વગેરે માટે બેંક ખાતા ખોલે છે. આ એકાઉન્ટ વ્યકિતગત કે કંપની કે સંસ્થાના નામે ખોલવામાં આવે છે અને તેમાં નાણાંકીય ગોટાળા થાય છે. બીન અધિકૃત સંસ્થાઓ આ પ્રકારનાં બેંક ખાતા મારફત ઓનલાઈન ટ્રાન્સફરનો ઉપયોગ કરીને ગેરકાયદે ફોરેક્સ ટ્રેડીગ કરાવે છે.

રિઝર્વ બેન્કે તમામ બેંકોને લેખીતમાં સુચના આપી છે કે અધિકૃત ડીલરો મારફત જ ફોરેક્સ ટ્રેડીગ કરવા ગ્રાહકોને માર્ગદર્શન આપવામાં આવે અને અનઅધિકૃત સંસ્થાઓનું લીસ્ટ નહિં કરવામાં આવે.અનઅધિકૃત સંસ્થાઓ દ્વારા ફોરેક્સ, ટ્રેડીગમાં બેંક ચેનલોના થતા ઉપયોગ રોકવા સતર્કતા રાખવામાં આવે.

# સિરીઝ 'ધ ફેમિલી મેન ૩' સાથે જોડાયેલી એક માહિતી સામે આવી

મુંબઈ,
'ધ ફેમિલી મેન'ની બંને સીઝનોએ લોકોનું ઘણું રોમાંચક લાગ્યું હતું અને તેને ખૂબ પસંદ પણ કર્યું છે. મનોજ બાજપેયી શ્રીકાંત તિવારીના રોલમાં અને શારીબ હાશ્મી જેકે તલપડેના રોલમાં મગ્ન હતા. બંને વચ્ચેની કેમેસ્ટ્રી જબરદસ્ત હતી. પહેલી સિઝન ૨૦૧૯માં આવી હતી અને ૨૦૨૧માં મેકર્સ બીજી સિઝન લઈને આવ્યા હતા. હવે બધા છેલ્લા ત્રણ વર્ષથી 'ધ ફેમિલી મેન ૩'ની રાહ જોઈ રહ્યા છે. જો તમે પણ રાહ જોનારાઓમાં છો, તો તમારા માટે આ સીરિઝ સાથે જોડાયેલી એક માહિતી સામે આવી છે. તાજેતરમાં, 'ધ ફેમિલી મેન'ના પહેલા ભાગના લેખક સુપરને ત્રીજા ભાગ વિશે પૂછવામાં આવ્યું હતું.

# બિગ બજેટ તેલુગુ ફિલ્મ 'કનપ્પા'માં અક્ષય કુમારનો સમાવેશ થયો

મુંબઈ,
અક્ષય કુમાર પોતાના કેરેક્ટર સાથે હંમેશા અખતરા કરતા હોવાથી એક્શન-કોમેડી અને ડાન્સ સહિતના તમામ રોલ પર હાથ અજમાવી ચૂક્યા છે. અક્ષયે સતત નવું કરતા રહેવાની પોતાની આદતને આગળ ધપાવતા તેલુગુ ઈન્ડસ્ટ્રીમાં આગમન કરવાનો નિર્ણય લીધો છે. બિગ બજેટ તેલુગુ ફિલ્મ 'કનપ્પા'માં અક્ષય કુમારનો સમાવેશ થયો છે. વિષ્ણુ માંચુનો લીડ રોલ ધરાવતી આ ફિલ્મમાં અક્ષયની એન્ટ્રી અંગે સત્તાવાર



જાહેરાત થઈ ચૂકી છે. તેમની સાથે આ ફિલ્મમાં સાઉથની જાણીતી એક્ટ્રેસ કાજલ અગ્રવાલ પણ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, વિષ્ણુ માંચુની 'કનપ્પા'ને બજેટ અને સ્ટારડમની રીતે મોટી બનાવવા પ્રયાસ થઈ રહ્યા છે. અક્ષય બાદ તેમાં કાજલ અગ્રવાલની એન્ટ્રી પણ થઈ ચૂકી છે. અગાઉ તેલુગુ એક્ટર વિષ્ણુ માંચુએ સોશિયલ મીડિયા પર અક્ષય કુમાર સાથે જોડાણની જાહેરાત કરી હતી. અક્ષય કુમાર સાથેનો ફોટોગ્રાફ શેર કરતા વિષ્ણુ માંચુએ જણાવ્યુ હતું કે, સુપરસ્ટાર અક્ષય કુમાર તેલુગુ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પહેલી ફિલ્મ કરી રહ્યા છે. તેમની સાથે 'કનપ્પા'ની જાહેરાત કરતા આનંદ અનુભવું છે.

# દુનિયાભરના ધનિકોની નવી વસાહત : દુબઇ

## દુબઇમાં ૧૧૬૫૦૦ કરોડપતિઓ ૧૦૦ મિલિયન ડોલરની સંપત્તિવાળા અને ૨૦ અબજોપતિઓ છે



દુબઇ
દરેક શહેરોમાં કેટલાક વિસ્તારોમાં કરોડપતિ લોકો રહેતા હોય તેને પોર્શ વિસ્તારો કહેવામાં આવે છે. આવા વિસ્તારોમાં જઈએ ત્યાં જ એક અલગ વાતાવરણ જોવા મળતું હોય છે. ત્યાં મળતી સારી સુવિધાઓ અને શાંતિ મેળવવા માટે શહેરનો દરેક નાગરિક આર્થિક રીતે સક્ષમ હોતો નથી. હવે તો શહેરો થી દૂર પણ આ પ્રકારની કોલોનીઓ વિકસાવવામાં આવી રહી છે ત્યારે યુએઈનું દુબઇ પોર્શ દેશ બની રહ્યો છે.

વધતી મિલકતોની કિંમતો અને મોંઘવારીમાં દુબઈમાં સામાન્ય માણસ માટે જીવન અઘરું છે. ન્યૂ વર્લ્ડ વેલ્થના રિસર્ચના જણાવ્યા મુજબ યુક્રેન,સીરિયા જેવા દેશોમાં અશાંતિને કારણે અને કરવેરા કે સલામતી જેવા અન્ય કારણોસર દક્ષિણ આફ્રિકા, ઈજિપ્ત, નાઈજીરીયા તેમજ તાન્ઝાનિયા અને અલ્જેરિયા જેવા દેશોમાંથી દુબઈમાં કરોડોપતિઓનું મોટા પાયે સ્થળાંતર થઇ રહ્યું છે.

દુબઈ વિશ્વના ટોચના વ્યાપાર અને નાણાકીય કેન્દ્રોમાંનું એક હોવાથી અહીં વ્યવસાયની તકો છે જયારે આફ્રિકામાં સલામતી અને સુરક્ષાની ચિંતાઓ જોવા મળી રહી છે તે સિવાયેંછઈ માં ઓછા કરનું પણ દુનિયાભરના કરોડપતિઓને આકર્ષણ રહે છે. આજની પરિસ્થિતિ જોતોંછઈ તરફ સ્થળાંતરનું આ વલણ ૨૦૨૪ પછી પણ ચાલુ રહેશે. દુબઇ લંડન, યુરોપ અને પેરિસને પાછળ છોડીને મધ્ય પૂર્વ પ્રદેશમાં કરોડપતિ સંપત્તિનું મુખ્ય કેન્દ્ર બની રહ્યું છે. એક સર્વે અનુસાર કરોડોપતિઓ મોટાભાગે યુકે, યુએસ, ઑસ્ટ્રેલિયા અને યુએઈ સિવાય ફ્રાન્સ, સ્વિટ્ઝર્લેન્ડ, મોનાકો, પોર્ટુગલ, કેનેડા, ન્યુઝીલેન્ડ અને ઈઝરાયેલમાં પણ મોટી સંખ્યામાં સ્થળાંતર કરી રહ્યા છે જે ઓસ્ટ્રેલિયા પછી બીજા નંબરનું સૌથી વધુ સ્થળાંતર છે.

ેંછઈમાં હાલ ૧૦૦ મિલિયન ડોલરની સંપત્તિ ધરાવતા ૧૧૬,૫૦૦ કરોડપતિ અને ૨૦ અબજોપતિ છે જેમાંથી ફક્ત દુબઈમાં ૭૨,૫૦૦ કરોડપતિ અને ૧૫ અબજોપતિઓ વસે છે. ૨૦૧૩ અને ૨૦૨૩ વચ્ચે ઉચ્ચ નેટવર્થ ધરાવતા વ્યક્તિઓની સંપત્તિમાં ૭૭ ટકાનો વધારો થયો છે જે બ્રિક્સ દેશોમાં સૌથી વધુ છે.

વૈશ્વિક રોકાણકારોમાં આત્મવિશ્વાસ વધારતા સરકારે કોવિડ-૧૯ને સફળતાપૂર્વક સંભાળ્યા બાદ મહામારી પછીના સમયગાળામાં મોટી સંખ્યામાં ઉચ્ચ અને અતિ-ઉચ્ચ નેટ-વર્થ વ્યક્તિઓેંછઈ તરફ આકર્ષાયા છે. આ ઉપરાંત, વિશ્વભરમાંથી શ્રેષ્ઠ પ્રતિભાઓને આકર્ષવા માટે ઘણી નવી વ્યવસાયનીતિઓ અને કરમાળખું રજૂ કરવામાં આવ્યું હતું જેનો હકારાત્મક પ્રતિભાવ દુબઈમાં સ્થળાંતર કરી રહેલા કરોડપતિઓમાં જોવા મળી રહ્યો છે.સ્થાયી થયા સિવાયના ઘણા ઉદ્યોગગૃહો એવા પણ છે જેઓએ તેમની ઓફિસો દુબઈમાં શરુ કરી છે. સલામતી અને કરવ્યવસ્થાના દમ ઉપર દુબઇ હવે ધનિકોની વસાહત બની રહી છે.

# રાજકોટમાંથી ૯ દિવસ પહેલા ગૂમ થયેલ સગીરને ભક્તિનગર પોલીસે અમૃતસરથી શોધી કાઢયો

## યુ-ટયુબમાં રીલ્સો જોયા બાદ ફરવા નીકળી ગયો હતોઃ પંજાબ પહોંચી બાળકને શોધી વાલી સાથે મિલન કરાવ્યું



રાજકોટ, રાજકોટ શહેરના કોઠારીયા રોડ ન્યુ સૂર્યોદય સોસાયટીમાં રહેતાં એક પરિવારનો ૧૬ વર્ષનો દિકરો આજથી નવ દિવસ પહેલા ૧૭મીએ સવારે ઘરેથી નીકળ્યા બાદ ગૂમ થઇ જતાં પરિવારજનોએ શોધખોળ કરી પોલીસને જાણ કરતાં ભક્તિરનગર પોલીસે અપહરણનો ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. આ ટાબરીયો રાજકોટ રેલ્વેત સ્ટૌશનના સીસીટીવી કેમેરામાં જમ્મુ તાવી ટ્રેનમાં બેસતો જોવા મળતાં પોલીસની એક ટીમ તેને શોધવા નીકળી ગઇ હતી. આ ટીમે ૪૧૦૦ કિ.મી.નું ટ્રાવેલીંગ કરી છેલ્લે અમૃતસર રેલ્વેમ સ્ટે શનેથી તરુણને શોધી કાઢી રાજકોટ લાવી તેના વાલી સાથે મિલન કરાવ્યુંમ હતું.

ભક્તિેનગર પોલીસ સ્ટે શને બાળકના વાલી પહોંચતા પીઆઇ મયુરધ્વુજસિંહ એમ. સરવૈયાએ બનાવને ગંભીર ગણી તરૂણના ફોટા મેળવી ટીમોને કામે લગાડી હતી. તે જ્યાં થી નીકળ્યોજ ત્યાં આસપાસના સીસીટીવી કેમેરા ચેક કરાવ્યાણ હતાં. ટેકનીકલ સેલન મદદથી તપાસ કરતાં આ તરૂણ છેલ્લે રેલ્વે સ્ટે શને જમ્મુીતાવી ટ્રેનમાં બેસતો દેખાયો હતો. આથી તુરત એક ટીમને અમદાવાદ તપાસમાં મોકલી હતી. ત્યોં અલગ અલગ કેમેરા ચેક કરાવતાં સીસીટીવી અને સોર્સની મદદથી માહિતી મેળવતા જાણવા મળ્યુંસ હતું કે ગૂમ થનાર તરૂણ ઉત્તર પ્રદેશમાં છે. આથી એક ટીમ યુપી રવાના કરવામાં આવી હતી. ત્યાંસ જઇ તપાસ કરતાં સીસીટીવી મારફતે જાણવા મળ્યું હતું કે આ ટાબરીયો પંજાબ તરફ હોઇ શકે. આથી પોલીસની ટીમ પંજાબના અમૃતસર રેલ્વી સ્ટેશને પહોંચી હતી. જ્યાંટ સર્ચ કરતાં તે રેલ્વે. સ્ટૌશની મળી આવ્યોલ હતો. અહિથી તે ફરી ઉત્તરપ્રદેશ જવા ટ્રેન પકડવાનો હતો.પોલીસ તેને રાજકોટ હેમખેમ લઇ આવી હતી અને માતા-પિતા સાથે મિલન કરાવતાં તેઓ ભાવુક બની ગયા હતાં અને લાગણીસભર દ્રશ્યો સર્જાયા હતાં.

પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, પીઆઇ મયુરધ્વપજસિંહ એમ. સરવૈયા તેમજ હેડકોનસ. સંજયભાઇ ચાવડા અને સમગ્ર ટીમનો આભાર વ્યરક્તય કરી પ્રશંસાપત્ર આપ્યાએ હતાં. હસમુખભાઇ આહિર, વિશ્વરાજભાઇ આહિર સહિતે પોલીસની આ કામગીરીને બીરદાવી હતી.

# રાજકોટ મહિલા પોલીસે ઝૂંપડપટ્ટી વિસ્તારોના બાળકોને ગુડ ટચ બેડ ટચ વિશે જાણકારી આપી



રાજકોટ, પો.કમીશ્નર રાજુ ભાર્ગવ તથા અધિક પો.કમી. વિધિ ચૌધરી તથા નાયબ પોલીસ કમિશ્નર ટ્રાફીક પૂજા યાદવ તથા મદદનીશ પોલીસ કમિશ્નર મહિલા સેલ આર.એસ.બારીઆના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેકટર આઇ.એન.સાવલિયા તથા છજીૈ સ્મિતાબેન નીંબાર્ક તથા મહિલા વિભાગ શી ટીમના મહિલા પોલીસ જાગૃતિબેન શીવાભાઈ તથા મહિલા પોલીસ દક્ષાબેન કેશુભાઈ તથા મહિલા પોલીસ રોજીબાનું બાબુશા દ્વારા હનુમાન જયંતિ નિમિત્તે શહેર વિસ્તારમાં આવેલ અલગ-અલગ ઝૂંપડપટ્ટી જેવી કે માધાપર ચોક, નાગેશ્વર, જામનગર રોડ વાળી વિગેરે જગ્યાએ મુલાકાત લઈ બાળકોને નાસ્તાનું વિતરણ કરવામાં આવેલ હતું.

મહિલાઓની જાગૃતિ તથા બાળ જાગૃતિ માટે મહિલા સુરક્ષા, શી ટીમ તથા પોકસો હેઠળ થતા ગુન્હા વિશે તેમજ ગુડ ટચ બેડ ટચ વિશે જાણકારી આપેલ હતી.

# રાજકોટના ગજાનનધામ દ્વારા મહાપ્રસાદ-રકતદાન કેમ્પ યોજાયો



રાજકોટ, શ્રી બાલાજી હનુમાનજી પ્રેરિત ગજાનધામ દ્વારા શ્રી હનુમાનજી જન્મોરત્સોવ નિમિતે રકતદાન કેમ્પે તથા મહાપ્રસાદ બાલાજી મંદિર, કરણસિંહજી સ્કુરલ ગ્રાઉન્ડ? ખાતે આયોજન કરેલ. જેમાં અંદાજીત આઠ હજાર લોકોએ પ્રસાદનો લાભ લીધો હતો. સાથે આયોજીત રકતદાન કેમ્પકમાં ૨૨૫ બોટલ લોહીની એકત્રીત કરી રાજકોટ સીવીલ હોસ્પી ટલના થેલેસેમીક બાળકો તથા ગરીબ દર્દીઓ માટે જમા કરાવેલ.

આ તકે રાજકોટ શહેર પોલીસ કમિશનર શ્રી રાજુ ભાર્ગવ સહ પરિવાર ઉપસ્થિજત રહ્યા હતાં. આયોજનને સફળ બનાવવા કિરીટભાઇ પાંધી, મુકેશભાઇ ગુંસાણી, ભરતભાઇ ગમારા, સંજયભાઇ જીવરાજાની, હરીશ પૂજારા, રમણીકભાઇ મીરાણી, સંજયભાઇ વાઘેલા, ધનેશ જીવરાજાની, રાજુ ચાવડા, લાલાભાઇ મનાણી, દિલીપભાઇ આડેસરા, પ્રવિણભાઇ પટેલ, હિતેષ જોગી, કાકુભાઇ મહેતા, વિજય વાગડીયા, અજય ચાવડા, રાજુભાઇ તન્નાવ, સંદિપ પટેલ, જીતુભાઇ અનડકટ, ભાગ્યેજશ જીવરાજાની, હીશીત પુજારા, જીતુભાઇ ગોહેલએ જહેમત ઉઠાવેલી.

# જુનાગઢ જિલ્લા ચૂંટણી અધિકારીની હોટલ એન્ડ રેસ્ટોરન્ટ એસો.ના હોદ્દેદારો સાથે બેઠક મળી

## મતદાનનું નિશાન દર્શાવનારને હોટલ, રેસ્ટોરન્ટમાં ૭ ટકા ડિસ્કાઉન્ટ

જુનાગઢ, જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ મહત્તમ મતદાન થાય અને મતદાતાઓને પ્રોત્સાહન મળે તે માટે ખાસ જૂનાગઢ હોટલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિએશનના હોદ્દેદારો સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં તા.૭મી મેએ મતદાન કરનાર મતદાતા બ્લ્યુ ટીક બતાવી જૂનાગઢની જાણીતી ૪૫થી વધુ હોટલ રેસ્ટોરન્ટમાં ૭ ટકા ડિસ્કાઉન્ટ આપવા માટે હોટલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિએશનના હોદ્દેદારોએ ઉત્સાહભેર સહમતિ દર્શાવી હતી. કલેકટર કચેરી ખાતે જિલ્લા ચૂંટણી અધિકારીની અધ્યક્ષતામાં હોટલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિએશનના હોદ્દેદારો સાથે મળેલી આ બેઠકમાં મતદાતાઓને વિશેષ રીતે પ્રોત્સાહન મળે અને તા.૭મી મેએ ઉત્સાહભેર મતદાન કરે તે સંદર્ભે ચર્ચા કરવામાં આવી હતી. જૂનાગઢ હોટલ એન્ડ રેસ્ટોરેન્ટ એસોસિએશનના હોદ્દેદારોએ પણ લોકશાહીના આ મહાપર્વમાં મતદાતાઓને મતદાન કરવા માટે પ્રોત્સાહન મળી રહે તે માટે ૭ ટકા ડિસ્કાઉન્ટ આપવાની ઉત્સાહપૂર્વક સ્વૈચ્છિક સહમતી આપી છે. આ ડિસ્કાઉન્ટ માટેના બોર્ડ બેનર હોટલ - રેસ્ટોરેન્ટ બહાર પણ લગાવવામાં આવશે. ઉપરાંત મહત્તમ મતદાન થાય તે માટે ગ્રાહકો સહિતના નાગરિકોને પ્રોત્સાહિત કરવા માટે પણ ઉત્સાહ બતાવ્યો હતો. હળવા માહોલમાં મળેલી આ બેઠકમાં પારદર્શક ચૂંટણી પ્રક્રિયા ઉપરાંત ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવતી સુવિધાઓ વિશે પણ જિલ્લા જિલ્લા ચૂંટણી અધિકારીએ જાણકારી આપી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી નીતિન સાંગવાન, ડેપ્યુટી કમિશનર ઝાપડા, મહાનગરપાલિકાના સેક્રેટરી કલ્પેશ ટોલિયા, હોટલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિયેશનના વિનોદભાઈ ડેકીવાડીયા રોહિતભાઈ પટેલ, જયેશભાઈ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટની એમ.જે.કુંડલીયા મહિલા કોલેજ ખાતે ચિત્રસ્પર્ધા થકી મતદારોને જાગૃત કરવામાં આવ્યા

રાજકોટ,રાજકોટ જિલ્લામાં આગામી લોકસભા ચૂંટણી માટે તા. ૦૭ મે ૨૦૨૪ના રોજ મતદાન યોજાનાર છે.જેમાં સૌ રાજકોટવાસીઓ પોતાના પવિત્ર મતદાનની ફરજ અંગે જાગૃત થઈ, મતદાન કરે તે માટે "સ્વીપ" દ્વારા વિવિધ મતદાર જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે.

આ કાર્યક્રમો અંતર્ગત રાજકોટ શહેરની એમ.જે.કુંડલીયા આર્ટસ એન્ડ કોમર્સ મહિલા કોલેજ ખાતે ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી. સાથે જ સ્વીપ દ્વારા ઉપસ્થિત સર્વે યુવા મહિલા મતદારોને મતદાનની પ્રક્રિયા સાથે મતદાનના મહત્વને સમજાવવામા આવ્યું હતું. યુવા મહિલા મતદારોએ ભારતની લોકતાંત્રિક પ્રક્રિયામાં નિર્ભયતાથી ગરિમાપૂર્ણ રીતે સહભાગી થઈ મતદાન કરવાના શપથ પણ લીધા હતા. રાજકોટ જિલ્લાના અધિક કલેક્ટરશ્રી અને સ્વીપના નોડલ ઓફિસર શ્રી જીજ્ઞાસા ગઢવીએ યુવા મતદારો સાથે ચૂંટણી અંગે વાર્તાલાપ કર્યો હતો તથા યુવતીઓને "દસ મિનિટ દેશ માટે" કાઢી મતદાન કરવા માટે પ્રોત્સાહિત કરી હતી. યુવા મતદાર વિદ્યાર્થીનીઓને આમંત્રણ પત્રિકા આપીને મતદાનમાં જોડાવા અનુરોધ કરવામાં આવ્યો હતો. હાલ સ્વીપ દ્વારા શાળા કક્ષાએ વિવિધ સ્પર્ધાઓ- રેલી યોજી, ગ્રામ વિસ્તારોમાં સેલ્ફી પોઈન્ટ, ગેસના બાટલા - વીજળીના બિલો પર મતદાનના સંદેશા છાપવા સહિતના વિવિધ નવતર પ્રયાસો દ્વારા સઘન મતદાન જાગૃતિ કાર્યક્રમ થકી લોકજાગૃતિ લાવવામાં આવી રહી છે.

# જિલ્લા ચૂંટણી અધિકારીની પહેલને વધાવતા દુકાનદારો શોપ અને રેસ્ટોરમાં મતદાન કરનારને મળશે વળતર

રાજકોટ,લોકશાહીનો અવસર ખરેખર મહાઉત્સવ બનવા જઈ રહ્યો હોય તેમ અનેક સંસ્થાઓ દુકાનદારો અને રેસ્ટોરાં મતદાતાઓને ખાસ ડિસ્કાઉન્ટ આપવા લોકોને મતદાન માટે પ્રેરણા પુરી પાડી રહ્યા છે.

ગોંડલ ખાદી ગ્રામોદ્યોગ સંચાલિત ઉદ્યોગ ભારતીએ ૭ ટકા વળતર ની જાહેરાત કરી છે. ધોરાજી ખાતે જનઔષધિ કેન્દ્ર ખાતે ૭ ટકા વળતર, ધોરાજી ખાતે પેટ્રોલ પંપ પર ઓઈલની ખરીદીમાં ૫૦ ટકા સુધીનું વળતર, ઉપલેટા ખાતે વેપારીઓ દ્વારા વળતર આપવાની જાહેરાત કરી છે. સાથોસાથ રાજકોટના ભાભા હોટેલ, અડિંગો રેસ્ટોરન્ટ, ફર્ન દ્વારા ૭થી ૧૦ટકા સુધીનું ડિસ્કાઉન્ટ આપવાની જાહેરાત કરી છે. આ ઉપરાંત કેટલાક બ્યુટી પાર્લર, કરિયાણા શોપ દ્વારા પણ મતદાન કરનાર મતદાતાઓને છૂટ આપવાની પહેલ દર્શાવી લોકશાહીને મજબૂત બનાવવા મતદાતાઓ આગળ આવે તે માટે આગળ આવ્યા છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તાલુકા કક્ષાએ વિવિધ એસોસિએશન સાથે બેઠકો કરી મતદાતાઓને પ્રોત્સાહન આપવા માટે શક્ય તેટલા લોકો આ પ્રકારે વળતર આપે તે માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

# વાંકાનેર વિધાનસભા મતવિસ્તારમાં લોકતંત્રના મહાપર્વમાં જોડાવા મહંતોએ કર્યો અનુરોધ

રાજકોટ, આગામી તા.૦૭ મે ૨૦૨૪ના રોજ લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે મતદાન યોજાશે. ત્યારે હાલ સ્વીપ દ્વારા વિવિધ કાર્યક્રમો થકી યુવા થી લઈ વયોવૃદ્ધ મતદારો સુધીના સર્વેને મતદાન કરવા પ્રેરિત કરવામાં આવી રહ્યા છે. આ સઘન ઝુંબેશમાં વાંકાનેર વિધાનસભા મત વિસ્તારના મહંતો પણ જોડાયા છે.

૬૭-વાંકાનેર વિસ્તારમાં ગાયત્રી મંદિર, ગાયત્રી શકિતપીઠના મહંત શ્રી અશ્વિનબાપુ રાવલ તથા માટેલ ધામ દ્વારા મતદારોને મતદાન કરવા માટેની અપીલ કરવામાં આવી હતી. લોકતંત્રને મજબૂત કરવા નિર્ભયપણે મતદાનમા સહકાર આપવા મહંતશ્રીઓએ વાંકાનેરની જનતાને તા. ૭ મેના રોજ મતદાન દિવસે અચૂક બૂથ પર જવા અનુરોધ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ૬૭- વાંકાનેર વિધાનસભા મતવિસ્તારમાં હાલ કુલ ૨ લાખ ૮૬ હજાર ૪૭૯ મતદારોમાં ૧ લાખ ૩૮ હજાર ૬૦૪ મહિલા અને ૧ લાખ ૪૭ હજાર ૮૭૩ પુરુષ મતદારો નોંધાયેલ છે ત્યારે નોંધાયેલ મતદારો મતદાન કરવા બૂથ પર પણ આવે તે માટે સ્વીપ દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે તેમ અધિક કલેકટર તથા સ્વીપના નોડલ અધિકારી શ્રી જીજ્ઞાસાબેન ગઢવીની યાદીમાં જણાવાયું છે.

# ગીર સોમનાથ જિલ્લામાં વેપારીઓ, ડોક્ટર્સ અને પ્રતિષ્ઠિત આગેવાનો સાથે મતદાર જાગૃતિ સંવાદ યોજાયો

મિતેશ પરમાર, વેરાવળ,

મતદાનની ટકાવારી વધે અને આગામી લોકસભાની ચૂંટણી અન્વયે તા.૭ મેના રોજ બહોળી સંખ્યામાં નાગરીકો મતાધિકારનો ઉપયોગ કરી મતદાન કરે તે માટે જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા સુદ્રઢ પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે.

જે અંતર્ગત તાલાલા નરસિંહ ટેકરી વિસ્તારમાં નાના દુકાનદારો, વયોવૃદ્ધ નાગરિકો અને બહેનો સાથે પ્રાથમિક શાળા ખાતે મતદાર જાગૃતિ અભિયાન સંવાદ કરવામાં આવ્યો હતો. તેમજ સુત્રાપાડા નગરપાલિકા વિસ્તારમાં પ્રતિષ્ઠિત નાગરિકો તથા વેપારીઓમાં મતદાન જાગૃતિ અન્વયે સંવાદ કરવામાં આવ્યો હતો અને મતદાન કરવા માટે પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. ગીરગઢડા ગામના પાણીયારી વસાહતની જલારામ વાડી ખાતે ચેમ્બર ઓફ કોમર્સના હોદ્દેદારો, સ્થાનિક નાગરિકો તેમજ આગેવાનો સાથે મતદાન જાગૃતિ માટે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. તેમજ તુલસીશ્યામ યાત્રાધામ ખાતે પણ પ્રવાસીઓ, દુકાનદારો, સ્થાનિકો સાથે બેનર, સેલ્ફી દ્વારા જાગૃતિ લાવવા ભગીરથ પ્રયાસ કરાયો હતો. આમ જિલ્લાના વિવિધ સ્થળોએ વેપારીઓ, સ્થાનિક આગેવાનો, શૈક્ષણિક સંસ્થાઓએ સાથે જોડાયેલા લોકો, ડોક્ટર્સ, ચેમ્બર ઓફ કોમર્સના હોદ્દેદારો સહિત નાગરિકો સાથે સંવાદ સાધી મતદાર જાગૃતિ અભિયાન વેગવંતુ બનાવાયું છે.

# રાજકોટ રેસકોર્સમાં વિશ્વ પુસ્તક દિવસ નિમિતે પુસ્તક પરબ યોજાયું



રાજકોટ, "દીકરાનું ઘર" વૃદ્ધાશ્રમ ઢોલરા પ્રેરિત સાહિત્યિક પ્રવૃત્તિ કરતી સંસ્થા સાહિત્ય સેતુ રાજકોટ દ્વારા ગત તા.૨૩ને વિશ્વ પુસ્તક દિવસ નિમિતે રેસકોર્સમાં વહેલી સવારે ૬:૩૦ થી ૮ વાગા સુધી પુસ્તક પરબનું આયોજન કરવામાં આવ્યું હતું.

પુસ્તક પરબમાંથી વહેલી સવારે વોકિંગમાં આવતા ૧૦૦ જેટલા ભાઈઓ, બહેનો, વડીલો પોતાને મનગમતા પુસ્તકો લઈ ગયેલ, આ ઉપરાંત ૩૦૦ થી વધુ નાગરિકોએ પુસ્તક પરબની મુલાકાત લીધી હતી. આ તકે વિવિધ ક્ષેત્રના મહાનુભાવો દેવાંગભાઈ માંકડ, હિતેશભાઈ દોશી, ધિરેનભાઈ ભરડવા, હરીશભાઈ હરિયાણી, કિરણભાઈ બાટવીયા, કાળુમામા, વિનોદભાઈ ચોટલિયા, ડો.મધુરિકાબેન જાડેજા વગેરે મુલાકાતે આવ્યા હતા.

સમગ્ર આયોજનની તરહ બનાવવા માટે સાહિત્ય સેતુ પરિવારના અનુપમ દોશી, જનાર્દન આચાર્ય, નૈષધભાઈ વોરા, મહેશભાઈ વ્યાસ, પંકજ રૂપારેલિયા અને હસુભાઈ શાહએ જહેમત ઉઠાવી હતી.

# JEE મેઈનમાં રાજકોટનો ડંકોઃ બે વિદ્યાર્થી ટોપર્સ

## ટોપ ૫૦૦ AIR માં ૬ વિદ્યાર્થીઓ, ટોપ ૧૦૦૦ AIR માં ૧૧, ટોપ ૨૦૦૦ AIR માં ૧૫, ટોપ ૫૦૦૦ AIR માં ૨૩ અને ટોપ ૧૦,૦૦૦ AIR માં ૩૧ વિદ્યાર્થીઓએ સ્થાન મેળવ્યું



રાજકોટ:નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ ૨૫ એપ્રિલ ૨૦૨૪ના રોજ દેશની સૌથી મોટી એન્જિનિયરિંગ પ્રવેશ પરીક્ષા, JEE મેઈન ૨૦૨૪નું અંતિમ પરિણામ જાહેર કર્યું છે. એલન રાજકોટના વિદ્યાર્થીઓ છેલ્લા ૫ વર્ષથી સતત ત્નઈઈ મેઇનના પરિણામોમાં ટોપ પર્સન્ટાઇલ મેળવીને સૌરાષ્ટ્રના ટોપર્સ બન્યા છે અને આ વર્ષે તેઓ ગુજરાતમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરીને ઐતિહાસિક પરિણામો આપી ગૌરવ અપાવ્યું છે.

એલન રાજકોટ સેન્ટર હેડ અમૃતાશ મુખર્જીએ જણાવ્યું હતું કે એલન રાજકોટના ક્લાસરૂમ વિદ્યાર્થી મીત પારેખ એ AIR ૨૮ અને હર્ષલ કાનાણીએ AIR ૪૪ સ્કોર પ્રાપ્ત કર્યો તેમજ બંનેએ ૧૦૦-૧૦૦ પર્સન્ટાઈલ સ્કોર પ્રાપ્ત કરીને સંયુક્ત રીતે "ગુજરાત ટોપર્સ" બન્યા છે. આ સાથે અન્ય વિદ્યાર્થી દ્વિજા પટેલે AIR ૫૮ મેળવીને ગર્લ કેટેગરીમાં સૌરાષ્ટ્ર ટોપરનું બિરુદ મેળવ્યું જે સમગ્ર સૌરાષ્ટ્રના વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ છે.

ALLEN રાજકોટના ટોપ ૫૦૦ AIR માં ૬ વિદ્યાર્થીઓ, ટોપ ૧૦૦૦ AIR માં ૧૧, ટોપ ૨૦૦૦ AIR માં ૧૫, ટોપ ૫૦૦૦ AIR માં ૨૩ અને ટોપ ૧૦,૦૦૦ AIR માં ૩૧ વિદ્યાર્થીઓએ સ્થાન મેળવ્યું જયારે ૧૦૨ વિદ્યાર્થીઓએ JEE એડવાન્સ્ડ ૨૦૨૪ માં બેસવાનું પસંદ કર્યું છે. એલન રાજકોટના વિદ્યાર્થીઓ દ્વારા મેળવેલા આ પરિણામો સૌરાષ્ટ્રના ઈતિહાસમાં સૌથી વધુ છે. આ ઉપરાંત ૯ વિદ્યાર્થીઓએ પણ એક અથવા વધુ વિષયોમાં ૧૦૦ પર્સેન્ટાઈલ મેળવ્યા છે.

### નિયમિત શિસ્તબદ્ધ અભ્યાસ અને પુનરાવર્તને ટોપર બનાવ્યોઃ મિત પારેખ

JEE ના પરિણામ ૨૦૨૪ માં ગુજરાત ટોપર - ઓલ ઈન્ડિયા રેક્ક ૨૮ (૧૦૦ પર્સેન્ટાઈલ) મેળવનાર મિત પારેખ ના પિતા પારેખ વિક્રમભાઈ પ્રાઈવેટ કંપની મા માર્કેટિંગ મેનેજર છે.અને માતા પારેખ જ્યોતિબેન હાઉસ વાઈફ છે. મિત પારેખ જણાવે છે કે હું છેલ્લા ૨ વર્ષથી ALLEN Career Institute રાજકોટમાં વર્ગખંડનો વિદ્યાર્થી છું. હું માનું છું કે નિયમિત શિસ્તબદ્ધ અભ્યાસ અને પુનરાવર્તને મને JEE મેઈન ૨૦૨૪ માં સારો સ્કોર કરવામાં મદદ કરી. તેથી, મેં મારા માટે તમામ વિષયો માટે સમાન વિતરણ સાથે યોગ્ય સમયપત્રક તૈયાર કર્યું.

### એરોસ્પેસ એન્જિનિયરિંગમાં આગળ વધવા માટે ટોચની IIT કોલેજમાં જોડાવા માટે ઉત્સુકઃ હર્ષલ કાનાણી

મુખ્ય JEE ૨૦૨૪ રેક્ક માં Gujarat Topper અને ઓલ ઈન્ડિયા રેક્ક ૪૪ ક્રમ મેળવનાર હર્ષલ કાનાણી ના પિતા ભરત કાનાણી ધંધો કરે છે તેમજ માતા ધર્મીસ્ટા કાનાણી ગૃહિણી છે. હર્ષલ કાનાણીએ જણાવ્યું હતું કે JEE(Adv)માં સારા રેક્ક સાથે તેની પસંદગી બદલ તે ખુશ છે અને તે ભગવાન, માતા-પિતા અને તેના એલન ફેકલ્ટીઓનો ખૂબ આભારી છે કે જેમણે તેની ૫ વર્ષની સફરમાં તેનું માર્ગદર્શન કર્યું છે. તમામ એલન સામગ્રીનો અભ્યાસ કર્યો.

# રાજકોટના ગજાનન ધામ દ્વારા હનુમાનજી જન્મોત્સવ નિમિતે રકતદાન કેમ્પ યોજાયો



રાજકોટ, રાજકોટ બાલાજી હનુમાનજી પ્રેરિત ગજાનનધામ દ્વારા હનુમાનજી જન્મોત્સવ નિમિતે રકતદાન કેમ્પ તથા મહાપ્રસાદનું બાલાજી મંદિર કરણસિંહજી સ્કુલ ગ્રાઉન્ડ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંદાજીત ૮ હજાર લોકોએ પ્રસાદ લાભ લીધો હતો તેમજ રકતદાન કેમ્પમાં ૨૨૫ બોટલ રકત એકત્ર થયું હતું. આ એકત્રીત થયેલ રકત સિવિલ હોસ્પિટલના થેલેસેમીયાના બાળકો તથા ગરીબ દર્દીઓ માટે આપવામાં આવ્યું હતું.

આ તકે શહેર પોલીસ કમિશ્ર્નર રાજુ ભાર્ગવે સહપરિવાર સાથે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કિરીટભાઈ પાંધી, મુકેશભાઈ ગુંસાણી, ભરતભાઈ ગમારા, સંજયભાઈ જીવરાજાની, હરીશભાઈ પુજારા, રમણીકભાઈ મીરાણી, સંજયભાઈ વાઘેલા, ધનેશ જીવરાજાની, રાજુ ચાવડા, લાલાભાઈ ચનાણી, દિલીપભાઈ ઓડેસરા, પ્રવિણભાઈ પટેલ, હિતેષભાઈ જોગી, કાકુભાઈ મહેતા, વિજય વાગડીયા, અજય ચાવડા, રાજુભાઈ તન્ના, સંદીપ પટેલ, જીતુભાઈ અનડકટ, ભાગ્યેશ જીવરાજાની, હીશીત પુજારા, જીતુભાઈ ગોહેલએ જહેમત ઉઠાવી હતી.

# રાજકોટ મનપા દ્વારા બાળકના જન્મ.જાત હૃદયના કાણાનનું વિનામૂલ્યે સફળ ઓપરેશન

રાજકોટ,

રાજકોટ શહેરમાં રેલનગરમાં રહેતા જન્મ.જાત બાળકના હૃદયમાં કાણુ જોવા મળતા મ્યુરનિ. કોર્પોરેશનની આરબીએકે ટીમ દ્વારા વિનામૂલ્યે્ સફળતાપૂર્વક ઓપરેશન કરાયું હતું.

આ અંગે મનપાની સતાવાર યાદીમાં જણાવ્યા્ મુજબ મહેશભાઈ વાળા અને પ્રીયંકાબેન વાળા જે રેલનગર વિસ્તા રમાં રહે છે તેમને ત્યાંા પર્વરાજનો જન્મઈ તા.૧૦ નવેમ્બેર ૨૦૨૩નાં થયેલ પરંતુ બાળકની હૃદયમાં કાણું હોવાનું ડોકટરો દ્વારા નિદાન કરવામાં આવેલ. નાના બાળકનાં હૃદયમાં કાણું હોવાનું માતા-પિતાને માલુમ પડતા જ શાળા આરોગ્યો કાર્યક્રમ તપાસણી દરમ્યા ન સંતોષીનગર આંગણવાડીમાં તપાસ અર્થે આવેલ?આર.બી.એસ.કે.



?ટીમનાં ડોક્ટ?રશ્રીઓએ પર્વરાજને ઘરે જઈ તપાસીને માતા-પિતાને ઓપરેશન માટે સમજાવી યુ.એન.મહેતા. હોસ્પિટલ- અમદાવાદ ખાતે વિનામૂલ્યેજ?એસ.એચ.- આર.બી.એસ.કે. ?કાર્યક્રમ હેઠળ સફળતાપૂર્વક ઓપરેશન કરાવવામાં આવેલ છે. હાલ બાળકની સ્થિલતિ સારી છે.

મ્યુવનિસિપલ કમિશનર આનંદ પટેલ,નાયબ મ્યુસનિસિપલ કમિશનર સ્વઓપ્નિજલ ખરેના માર્ગદર્શન હેઠળ આરોગ્યક અધિકારીશ્રી ડો. જયેશકુમાર વકાણી,?આર.સી.એચ. ઓફિસરશ્રી ડો. લલિત વાંઝાની જહેમતથી સંદર્ભ સેવાઓની વ્યકવસ્થાપ કરી યુ.એન.મહેતા. હોસ્પિરટલ- અમદાવાદ ખાતે વિનામૂલ્યેદ? એસ.એચ.- આર.બી.એસ.કે કાર્યક્રમ હેઠળ સફળતાપૂર્વક ઓપરેશન કરાવવામાં આવેલ છે.?આર.બી.એસ.કે આરોગ્યત ટીમનાં ડો. રાજવી કાનાબાર અને ડો. વિશાલ વાછાણીનો બાળકના માતા-પિતા દ્વારા કામગીરી બદલ આભાર વ્યએક્તક કર્યો હતો.

# રાજકોટ ડિવિઝનની વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ. ૨૨૭૬ કરોડની આવક મેળવી

રાજકોટ,

પશ્ચિમ રેલવેનું રાજકોટ ડિવિઝન ભારતીય રેલવે માટે કમાણીની દ્રષ્ટિએ સતત ફાયદાકારક સાબિત થઈ રહ્યું છે. રાજકોટ ડીવીઝનલ રેલવે મેનેજર શ્રી અશ્વનીકુમારે જણાવ્યુંક હતું કે દર વર્ષની જેમ આ વખતે પણ ડીવીઝન દ્વારા નૂર પરિવહનમાંથી સૌથી વધુ આવક મેળવીને નવો રેકોર્ડ સ્થા પ્યોી છે અને સર્વાંગી વિકાસની દિશામાં ઝંડો લહેરાવ્યોા છે.

રાજકોટ ડિવિઝને વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન દરેક ક્ષેત્રમાં શ્રેષ્ઠ દેખાવ કર્યો છે અને ૨૨૭૬.૪૪ કરોડ રૂપિયાની નોંધપાત્ર વાર્ષિક આવક મેળવી છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ની ૨૦૪૫.૬૦ કરોડની વાર્ષિક આવક કરતાં ૧૧.૨૯ એટ્લે કે ૨૩૦ કરોડ રૂ વધુ છે. આ ૨૨૭૬.૪૪ કરોડની આ આવકમાંથી મહત્તમ રૂ. ૧૮૭૧.૧૨ કરોડની આવક નૂર ભાડા થી, રૂ. ૩૭૪.૧૨ કરોડ પેસેંજર આવક થી અને રૂ. ૩૧.૨૦ કરોડની આવક પાર્સલ સહિત અન્યભ સ્ત્રોતોમાંથી પ્રાપ્ત થઈ છે.

રાજકોટ ડિવિઝને ૨૦૨૩-૨૪માં નૂર પરિવહનમાંથી રૂ. ૧૮૭૧.૧૨ કરોડની આવક હાંસલ કરી છે જે ગયા વર્ષે ની રૂ. ૧૬૯૦.૩૦ કરોડની સરખામણીએ ૧૦.૭૦ એટલે કે રૂ. ૧૮૦.૮૨ કરોડ વધુ છે. પેસેંજર આવક માં થી ૨૦૨૩-૨૪માં રૂ. ૩૭૪.૧૨ કરોડની આવક પ્રાપ્ત થઈ છે, જે ગયા વર્ષ ની રૂ. ૩૨૧.૯૯ કરોડની સરખામણીએ ૧૬.૨૦ એટલે કે રૂ. ૫૨.૧૩ કરોડ વધુ છે. આ વર્ષે રાજકોટ ડિવિઝનમાંથી ૧.૦૫ કરોડ લોકોએ મુસાફરી કરી છે.રાજકોટ ડિવિઝનના અધિકારીઓ અને કર્મચારીઓએ પોતાની મહેનત અને નિષ્ઠા થી કામ કરીને ડિવિઝનને દરેક ક્ષેત્રે નવી ઊંચાઈઓ પર પહોંચાડ્યું છે અને નોંધપાત્ર આવક મેળવીને ભારતીય રેલવેના વિકાસમાં મહત્વ નું યોગદાન આપ્યું છે

# રાજકોટમાં પરસોત્તમભાઈ રૂપાલાએ શ્રીનાથધામ હવેલીની મુલાકાત લઈ ઠાકોરજીના દર્શન કર્યા



રાજકોટ,

લોકસભા ઉમેદવાર પરસોત્તમભાઈ રૂપાલા ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. ત્યારે તેઓએ ગઈ કાલે શ્રી નાથધામ હવેલી ફર્ઈ રાજકોટ ખાતે મુલાકાત લીધી હતી. અને ઠાકોરજીના દર્શન કર્યા હતા. આગામી ચૂંટણી માટે ભવ્ય વિજય મેળવવા આશીર્વાદ લીધા હતા. આ તકે પરસોત્તમભાઈ રૂપાલા (કેન્દ્રીય મંત્રી, ભારત સરકાર) સાથે રામભાઈ મોકરીયા (સાંસદ સભ્ય) ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી નાથધામ હવેલી ફર્ઈ રાજકોટ ખાતે ૨૩ એપ્રિલ ૨૦૨૪ના રોજ સાંજે પરસોત્તમભાઈ રૂપાલા (કેન્દ્રીય મંત્રી, ભારત સરકાર) શ્રી ઠાકોરજીના દર્શનાર્થે પધાર્યા હતા. ત્યારે આવનાર લોકસભા ચૂંટણીમાં જવલંત વિજય પ્રાપ્તિ માટે વૈષ્ણવાચાર્ય પૂજ્યપાદ ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહોદય વીડિયો કોલિંગના માધ્યમથી હાર્દિક શુભેચ્છા તેમજ આશીર્વાદ પ્રદાન કર્યા હતા.

# રવિવારે રાજકોટમાં સમસ્ત કોળી સમાજના યુવક-યુવતીઓ માટે જીવનસાથી પસંદગી મેળો યોજાશે

રાજકોટ,

સમસ્ત કોળી સમાજના દિકરા-દિકરીઓને યોગ્ય મનપસંદ જીવનસાથી પાત્ર મળે અને સમાજના વડીલો એકબીજાના સંપર્કમાં આવે અને એક જ સ્થળ પર એકબીજાનો સંપર્ક કરી શકે તેવા હેતુથી જય વેલનાથ જય માંધાતા ટ્રસ્ટ દ્વારા અલગ-અલગ શહેરોમાં વેવિશાળ પસંદગી મેળાનું આયોજન કરવામાં આવે છે.

સમગ્ર ગુજરાત રાજયભરમાં રહેતા ચુંવાળીયા, તળપદા, ઘેડીયા, દિવેચા સમસ્ત કોળી સમાજના ઉચ્ચ અભ્યાસ કરતા એજયુકેશન ફેમીલીના યુવક યુવતીઓ માટે કોળી શકિત્ત યુવક મંડળ અમરેલી તથા જય વેલનાથ જય માંધાતા ટ્રસ્ટ રાજકોટ દ્વારા તારીખ ૨૮/૦૪/૨૦૨૪ રવિવારે સવારે ૮.૦૦ કલાકે થી ૨.૦૦ વાગ્યા સુધી શ્રી તળપદા કોળી સમાજની વાડી, હનુમાજી મંદિરની બાજુમાં, મું. બરવાળા, જી. બોટાદ મુકામે શાહી-જાજરમાન આયોજન કરેલ છે. આ કાર્યક્રમમાં સહભાગી થવા માટે સૌરાષ્ટ્ર, ગુજરાત જીલ્લા, શહેરના કોળી સમાજના તમામ આગેવાનો, ડોકટરો, વકિલો, શિક્ષકો, ઉચ્ચકક્ષાના સરકારી કર્મચારીઓને પધારવા આમંત્રણ છે. ફક્ત યુવતિઓ માટે અભ્યાસ ધ્યાનમાં લેવામાં આવશે નહિ.આ આયોજનને સફળ બનાવવામાટે કોળી શક્તિ યુવક મંડળ પ્રમુખ રમેશભાઈ ગોહિલ અમરેલી મંડળના હોદેદારો અને જય વેલનાથ જય માંધાતા ટ્રસ્ટ મહા મંત્રી કલ્પેશભાઈ બાવરીયા રાજકોટ ટ્રસ્ટના હોદેદારો અને બરવાળા કોળી સમાજ બોડીંગના આગેવાનો જહેમત ઉઠાવી રહ્યા છે.

# ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાને મહેર સમાજ- સતવારા સમાજ - વંથલી પાટીદાર સમાજનો સંપુર્ણ સમર્થન



રાજકોટ અત્રે મુંજકા રોડ સ્થિત સમસ્ત મહેર સમાજની વાડીમાં રાજકોટ શહેરમાં વસતા મહેર સમાજનુ એક સ્નેહ મિલન યોજાયુ હતુ. આ સ્નેહમિલનના કાર્યક્રમમાં રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર શ્રી પરશોતમભાઈ રૂપાલા અતિથિ વિશેષપદે ઉપસ્થિત રહયા હતા.

આ સ્નેહ મિલનના કાર્યક્રમમાં રાજકોટના મહેર સમાજ દ્વારા ભાજપના રાજકોટના લોકસભાના ઉમેદવાર શ્રી પરશોતમભાઈ રૂપાલાને મજબુત સમર્થન આપવાનો નર્ણયિ લેવામાં આવ્યો હતો.

આ પ્રસંગે શ્રી રૂપાલાજીએ મહેર સમાજનો આભાર માનીને યશશ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે વિવિધ ક્ષેત્રે સાધેલ વિકાસની હરણફાળની વિગતો આપી હતી.



સ્પીડવેલ પાર્ટ પ્લોટ ખાતે રાજકોટ શહેરમાં ધંધા—રોજગાર વ્યવસ્થા અર્થે વસતા વંથલી (સોરઠ)ના પાટીદાર સમાજના યોજાયેલા સ્નેહ મિલન અને રકતદાન કેમ્પમાં રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર શ્રી પરશોતમભાઈ રૂપાલાએ પ્રેરક હાજરી આપી હતી. આ તકે તેમણે સૌને શુભેચ્છા પાઠવીને ભાજપની‘સમાજ સેવા અને આરોગ્ય વિષયક પ્રવૃતિને બિરદાવી હતી તેમણે જણાવ્યુ કે ભાજપ વિકાસનો પર્યાય છે. નરેન્દ્રભાઈ મોદીએ વિકાસની નવી રાજનિતિની કેડી કંડારીને દેશના વિકાસની એક નવી ઓળખ આપી છે. તેમની દ્રષ્ટિવંત આવા વિકાસના નર્ણયિો થી ભારતની વિશ્વમાં એક નવી ઓળખ ઉભી થઈ છે.




રાજકોટ : અત્રે પારિજાત પાર્ટી પ્લોટ ખાતે રાજકોટમાં વસતા સતવારા સમાજનું એક સ્નેહમિલન રાજકોટ લોકસભા બેઠકમાં ભાજપના ઉમેદવાર શ્રી પરશોતમભાઈ રૂપાલા ની પ્રેરક ઉપસ્થિતિમાં મળ્યુ. આ સ્નેહમિલનના કાર્યક્રમમાં ભાજપના ઉમેદવાર શ્રી પરશોતમભાઈ રૂપાલાને જંગી બહુમતિથી જીતાડવા સો ટકા મત ભાજપના તરફેણમાં આપવા નર્ણયિ લેવામાં આવ્યો હતો.

આ પ્રસંગે રાજયસભાના સભ્ય શ્રી રામભાઈ મોકરીયા, પ્રદેશ ભાજપ ઉપાધ્યાક્ષ ડો. ભરતભાઈ બોઘરા, સતવારા સમાજના પ્રમુખ મોહનભાઈ સોનાગરા, ઉપપ્રમુખ શાંતિભાઈ પરમાર, મહામંત્રી માવજીભાઈ મારવીયા, ખજાનચી હિરાભાઈ કાંગલીયા, મંત્રી વિજયભાઈ ખાંદલા, સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ભાઈ—બહેનો ઉપસ્થિત રહયા હતા.

# અગ્રણી પવન સુતરીયા પરિવારની સૌજન્ય મુલાકાત લેતા રૂપાલા





રાજકોટ:

શહેરના મારૂતિનંદન, રામપાર્ક મેઈન રોડ ખાતે અગ્રણી પવનભાઈ સુતરીયાના પરિવારની રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાએ સૌજન્ય મુલાકાત લીધી હતી. આ તકે સુતરીયા પરિવારના પવનભાઈ, દિનેશભાઈ, ચાંદનીબેન, સંજયભાઈ ભંડેરીએ રૂપાલાજીનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું. રૂપાલાજીએ સુતરીયા પરિવારના સભ્ય સાથે ભોજન લીધું હતું. આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, અગ્રીણીઓ કિશોરભાઈ માવદીયા,મહેશભાઈ ચૌહાણ, મનીષભાઈ ભટ્ટ, મનોજભાઈ રંગાણી, નીરજભાઈ ડોબરીયા, કુશલભાઈ શીંગાળા, રસિકભાઈ કાછડીયા, રોહીતભાઈ કાછડીયા, ભૂપતભાઈ કોરાટ, કમલેશભાઈ વરૂ, ચંદુભાઈ મોલીયા વિગેરે ઉપસ્થિત રહયા હતા.

# ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાને પ્રચંડ સમસ્ત કોળી સમાજનું સમર્થન

## ’વિકસિત ભારત’ ના મંત્રને સાકાર કરવા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના મજબૂત નેતૃત્વ હેઠળ સૌ એક થઈને ગુજરાતમાંથી ૨૬ માંથી ૨૬ કમળ અર્પણ કરવાનો સંકલ્પ લઈએ : પરશોતમભાઈ રૂપાલા

રાજકોટ:

રાજકોટ તાલુકાના સરધાર પાસે ચિત્રાવાવ ગામે સમસ્ત કોળી સમાજનું સ્નેહમિલન રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાના અતિથિવિશેષ પદે અને રાજયના પાણી પુરવઠા વિભાગના મંત્રી અને જસદણના ધારાસભ્ય કુંવરજીભાઈ બાવળીયાના અધ્યક્ષસ્થાને યોજાયું હતું. આ સ્નેહમિલનના કાર્યક્રમમાં રાજકોટ, જસદણ અને કોટડાસાંગાણી એમ ત્રણ તાલકાના કોળી સમાજના આગેવાનો ઉપસ્થિત રહયા હતા. આ કાર્યક્રમમાં ત્રણેય તાલુકાના કોળી સમાજના આગેવાનો ધ્વારા એક સુરે હાથ ઉંચા કરીને રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાને સમર્થન જાહેર કરેલ હતું.

આ સ્નેહમિલન કાર્યક્રમમાં ત્રણેય તાલુકાના કોંગ્રેસના આગેવાનોના નેતૃત્વમાં ૯૦૦ જેટલા કોંગ્રેસના કાર્યકર્તાઓ ભાજપમાં જોડાતા ઉપસ્થિત આગેવાનો ધ્વારા ભાજપનો ખેસ



પહેરાવીને આવકાર આપવામાં આવ્યો હતો. આ બેઠકમાં ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાએ સ્નેહમિલનના કાર્યક્રમમાં સૌને શુભેચ્છા પાઠવીને પોતાને ઉમેદવાર તરીકે સમર્થન આપવા બદલ આગેવાનોને, કોળી સમાજનો આભાર વ્યકત કરેલ હતો. આ પ્રસંગે રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, રાજયના કેબીનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, રાજયના મહિલા બાળ કલ્યાણ મંત્રી અને વિધાનસભા—૭૧ના ધારાસભ્ય ભાનુબેન બાબરીયા, જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા, કોળી સમાજની વાડી જૂનાગઢ / માંધાતા ગ્રુપના પ્રમુખ ભૂપતભાઈ ડાભી, ઉપપ્રમુખ વાઘજીભાઈ મેવાસીયા, રાજકોટ ,જસદણ, કોટડાસાંગાણી તાલુકાના કોળી સમાજના સરપંચો, તાલુકા પંચાયતો તથા સહકારી ક્ષેત્રના આગેવાનો વિગેરે ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમને સફળ બનાવવા વાઘજીભાઈ મેવાસીયા, ચેતનભાઈ પાણ, પરશોતમભાઈ મેવાસીયા, વલ્લભભાઈ મકવાણા, ભરતભાઈ મકવાણા, ભીખાભાઈ ગોવાણી સહીતના આગેવાનો, કાર્યકર્તાઓ વિગેરેએ જહેમત ઉઠાવી હતી.

# શહેરના મવડી વિસ્તારમાં જન-જન સાથે વ્યાપક લોકસંપર્ક : ’કમળ’ને અભુતપૂર્વ સમર્થન

## પરશોતમભાઈ રૂપાલાના સમર્થનમાં શહેર ભાજપ ધ્વારા મવડી વિસ્તારમાં ઘનિષ્ઠ લોકસંપર્ક કરતા મુકેશભાઈ દોશી, મોહનભાઈ કુંડારીયા,ભાનુબેન બાબરીયા, ઉદયભાઈ કાનગડ, રમેશભાઈ ટીલાળા, ડો.દર્શીતાબેન શાહ સહીતના આગેવાનો

રાજકોટ:

આગામી લોકસભાની ચૂંટણી અન્વયે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીના માર્ગદર્શન હેઠળ શહેર ભાજપ ધ્વારા વિવિધ વોર્ડમાં ડોર ટૂ ડોર લોકસપંર્ક, જુથબેઠક, બુથ બેઠક, પ્રચાર—પ્રસાર, સાહિત્ય—પત્રિકા વિતરણ સહિતની કામગીરી વેગવંતી કરવામાં આવી છે ત્યારે શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીની આગેવાનીમાં અને રાજયના કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, સાંસદ મોહનભાઈ કુંડારીયા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, શહેર ભાજપ મહામંત્રી અશ્વીન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા,પૂર્વ પ્રમુખ કમલેશ મિરાણી, પૂર્વ મેયર ડો. પ્રદિપભાઈ ડવ સહીતના અગ્રણીઓ ધ્વારા શહેરના મવડી સહિતના વિસ્તારોમાં રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાના સમર્થનમાં પદયાત્રા — લોકસંપર્ક યોજાયો હતો.



આ તકે મુકેશભાઈ દોશી, ભાનુબેન બાબરીયા, મોહનભાઈ કુંડારીયા, ઉદયભાઈ કાનગડ, રમેશભાઈ ટીલાળા, અશ્વીન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા, ડો.પ્રદિપ ડવ સહિતનાઓએ રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાને જંગી લીડથી વિજયી બનાવવા અનુરોધ કરતા જણાવેલ કે કેન્દ્રની ભાજપ સરકાર ધ્વારા છેલ્લા દશ વર્ષમાં ગરીબોનું કલ્યાણ, દેશનું કલ્યાણના સંકલ્પને સાકાર કરતી અનેકવિધ યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. લોકસભાની ચૂંટણીમાં ગુજરાતના પનોતા પુત્ર અને દેશના લોકલાડીલા પ્રધાનસેવક નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં મોદી સરકાર—૪૦૦ ને પારના સંકલ્પને પૂર્ણ કરવા કટીબધ્ધ બનીએ. ૧૪૦ કરોડ દેશવાસીઓના સંકલ્પને સિધ્ધિમાં રૂપાંતરિત કરવા નરેન્દ્રભાઈ મોદી કટીબધ્ધ છે. આ તકે લોકસપંર્ક દરમ્યાન ઉપસ્થિત અગ્રણીઓએ રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાને ઐતિહાસિક બહુમતીથી વિજયી બનાવી દિલ્હીમાં ’કમળ’ મોકલવા અપિલ કરેલ હતી. આ તકે ઉપસ્થિત અગ્રણીઓ ધ્વારા વિવિધ વિસ્તારમાં વેપારી વર્ગ સાથે લોકસંપર્ક થકી દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારની છેલ્લા દશ વર્ષની સિધ્ધીઓ વર્ણવાઈ હતી. તેમજ કેન્દ્ર સરકારના છેલ્લા દશ વર્ષના સીમાચીન્હરૂપ નર્ણયિો—અનેકાનેક સિધ્ધીઓની માહિતીસભર પત્રિકાનું વિતરણ કરાયુ હતું.

# અગ્રણી હસુભાઈ દવેના પરિવારની સૌજન્ય મુલાકાત લેતા પરશોતમભાઈ રૂપાલા



રાજકોટ:

અત્રે કાલાવડ રોડ પાસે સત્યસાંઈ હોસ્પિટલ નજીક રહેતા અખિલ ભારતીય મઝદુર સંઘના પુર્વ પ્રમુખ અને જાહેર ક્ષેત્રના અગ્રણી શ્રી હસુભાઈ દવેના પરિવારની સૌજન્ય મુલાકાત રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર શ્રી પરશોતમભાઈ રૂપાલાએ લીધી હતી. આ પ્રસંગે દવે પરિવારના શ્રી હસુભાઈ દવે, નરેન્દ્રભાઈ દવે, મુરલીભાઈ દવે, રાજુભાઈ, વિપુલભાઈ જાની, શીતલબેન, જીગ્નેશભાઈ, અંકિતાબેન દવે વિગેરેએ શ્રી પરશોતમભાઈ રૂપાલાનું સ્વાગત કર્યુ હતુ શ્રી રૂપાલાજીએ દવે પરિવારના સભ્યો સાથે અલ્પાહાર —નાસ્તો કર્યો હતો.શ્રી રૂપાલાજીએ શ્રી હસુભાઈ દવે એ જનસંઘ ભાજપના સમયના તેમના સંગઠનના કાર્યોનું સંસ્મરણ કરીને સંવાદ કર્યો હતો.

# વચગાળાના જામીન પર છુટ્યા બાદ ફરાર આરોપી ઝડપાયો



અમરેલી: અમરેલી જિલ્લા જેલમાંથી વચગાળાના જામીન બાદ ફરાર થયેલ કાચા કામના આરોપીને પેરોલ ફર્લો સ્કવોડે ઝડપી લીધો હતો. માણેકપરામાં રહેતા શખ્સને ફરી જિલ્લા જેલમાં ધકેલવામાં આવ્યો હતો. અમરેલીમાં માણેકપરામાં રહેતા લાલજી ઉર્ફે લાલો ઉર્ફે બાદલ રવજીભાઈ માલકીયા અમરેલી જિલ્લા જેલમાં કાચા કામના કેદી તરીકે સજા ભોગવતો હતો. પરંતુ ૧૦ દિવસના વચગાળાના જામીન બાદ તે ફરાર થયો હતો અને જેલમાં ફરી હાજર થયો ન હતો. લોકસભાની ચૂંટણીમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડવા માટે જિલ્લા પોલીસવડા હિંમકરસિંહની સૂચનાથી ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે. અમરેલી પેરોલ ફર્લો સ્કોવોડના પીએસઆઈ સી.એન.દવેની રાહબરી હેઠળ એએસઆઈ કૌશિકભાઈ બેરા અને હેડ કોન્સ્ટેબલ જયપાલસિંહ ઝાલાએ બાતમીના આધારે જિલ્લા જેલમાંથી વચગાળાના જામીન બાદ ફરાર થયેલ લાલજી ઉર્ફે લાલો ઉર્ફે બાદલ રવજીભાઈ માલકીયાને ઝડપી લીધો હતો.

# આબરૂ જવાના ડરે ભાભી અને કૌટુંબિક દીયર પ્રેમીએ ઝેર પી લીધું!ભાભીનું મોત, દીયર સારવારમાં

અમરેલી: અમરેલી જિલ્લામાં આત્મહત્યાના જુદા જુદા ત્રણ બનાવમાં ત્રણ માનવજિંદગીનો અંત આવ્યો છે. જેમાં એક ઘટના એવી છે કે ધારી તાલુકાના જીરા ગામે ડંગામાં રહેતા ભાભી અને દીયર વચ્ચે પ્રેમ સબંધ પાંગર્યા બાદ સમાજમાં જાણ થઈ જશે તો આબરૂ જશે એવા ડરથી બન્નેએ સાથે ઝેરી દવા પી લેતાં ભાભીનું સારવાર દરમિયાન રાજકોટની હોસ્પિટલમાં મોત નીપજ્યું છે. જયારે દીયરની સારવાર ચાલુ છે. આત્મહત્યાની જુદી જુદી અન્ય ઘટનાઓમાં ધારી તાલુકાના જીરા ગામે ડંગા વિસ્તારમાં રહેતી સોનલબેન ભીખુભાઈ ચારોલીયા( ઉ. વ. ૪૦)ને છ એક મહીનાથી તેના કૌટુંબિક દીયર સાથે પ્રેમ સબંધ થઈ જતાં આ સંબધ બાબતે પરિવારને જાણ થઈ જાય તો સમાજમાં આબરૂ જવાની બીકે સોનલબેન અને પ્રેમીએ (કુટુંબી દીયરે) બને ઝેરી દવા પી જતા સારવારમા ખસેડવામાં આવ્યા હતા .જેમા સોનલબેનને અમરેલીથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું . અને પ્રેમીને પણ સારવારમાં ખસેડવામાં આવ્યો હતો . રાજુલા તાલુકાના ભેરાઈ ગામે રહેતી શાંતાબેન રાજુભાઈ ગુજરીયા (ઉ. વ ૩૧ )ની દીકરીને ગાલ પચોળા થતા રાજુલા દવાખાને લઈ ગયેલ હતા. અને ત્યાથી અન્ય જગ્યાએ ગયેલ હતા. રાતના ઘરે આવવાનું મોડુ થતા શાંતાબેનને તેમના પતી સાથે ઝગડો થતાં તેણીને મનમાં લાગી આવતા ગળાફાસો ખાઇ આત્મહત્યા કરી લેતા એરરાટી ફેલાઈ હતી વડીયા તાલુકાના લાખા પાદર ગામે ખેત મજુરી કરી કામ કરતા પરપ્રાંતીય ચીમાભાઈ છિકરીયાભાઈ કનાસિયા (ઉ. વ .૨૯)ના પત્ની લલિતાબેનને પોતાના બાળકોને સાથે લાખાપાદર ગામેથી પોતાના મુળ વતન ૨૫ દીવસ પહેલા જતી રહેલ હતી. અને ચીમાભાઇને અવાર-નવાર વતનમાં આવવાનુ કહેતા લાગી આવતા લાખા પાદર ગામની ચતુરભાઇ ગજેરાની વાડીએ આવેલ પાણી ભરેલ કુવામાં પડી જઇ ને આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી હતી.

# મહિલાએ ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું



અમરેલી:રાજુલા તાલુકાના ભેરાઈમા રહેતા એક મહિલાને તેના પતિ સાથે ઝઘડો થયા બાદ લાગી આવતા ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. મહિલાના આપઘાતની આ ઘટના રાજુલાના ભેરાઈમા બની હતી.અહી રહેતા શાંતાબેન રાજુભાઈ ગુજરીયા (ઉ.વ.૨૧) નામના મહિલાએ ગઈકાલે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવ અંગે સવિતાબેન ગોપાલભાઈ શિયાળે મરીન પીપાવાવ પોલીસ મથકમા જણાવ્યું હતુ કે શાંતાબેનની દીકરીને ગાલપચોળા થતા તેમના પતિ રાજુલા દવાખાને ગયા હતા. બાદમા તેમના ઘરે આવ્યા હતા અને જમીને રાતના દસેક વાગ્યે ઘરે પહોંચતા શાંતાબેન અને તેના પતિ વચ્ચે ઝઘડો થયો હતો. જેના કારણે લાગી આવતા તેમણે આ પગલુ ભર્યુ હતુ.બનાવની વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ જી.બી.ઝીંઝાળા ચલાવી રહ્યાં છે.

# ઉપસરપંચે ૮૫૨૧ મેટ્રિક ટન માટી ખોદી બારોબાર વેચી મારી!

## ખાણ ખનીજ વિભાગની શેખ પીપરિયાના ઉપસરપંચ સામે ફોજદારી કાર્યવાહી

અમરેલી: લાઠી તાલુકાના શેખ પીપરીયા ગામે ઉપસરપંચે કોઈની પણ મંજુરી લીધા વગર ગામની સીમમાથી ૮૫૨૧ મેટ્રિક ટન માટી બારોબાર ખોદી નાખી વેચી નાખતા આ બારામા ખાણ ખનીજ વિભાગ દ્વારા ઉપસરપંચ સામે ફોજદારી ફરિયાદ નોંધાવાઈ છે.અમરેલી જિલ્લામા ખનીજ ચોરી બાબતમા દલા તરવાડી જેવી સ્થિતિ છે. જેને જોઈએ તેટલી ખનીજ ગમે ત્યાંથી લઈ શકે છે. માત્ર ખાણ ખનીજ વિભાગ અને પોલીસ તંત્ર સાથે સેટીંગ કરવાનુ રહે છે. જો આવુ સેટીંગ કર્યા વગર કોઈ ખનીજ ચોરી કરે તો ખાણ ખનીજ વિભાગ તેની સામે દંડનાત્મક કે ફોજદારી કાર્યવાહી કરે છે. આજે ખાણ ખનીજ વિભાગ દ્વારા લાઠી તાલુકાના શેખ પીપરીયા ગામના ઉપસરપંચ સામે કાનુની કાર્યવાહી કરી છે.ભુસ્તર શાસ્ત્રી કચેરીના માઈન્સ સુપરવાઈઝર ભગીરથસિંહ ગોહિલે આ બારામા શેખ પીપરીયાના ઉપસરપંચ સંજય ધીરૂભાઈ ચોથાણી સામે લાઠી પોલીસમા નોંધાવેલી ફરિયાદમા જણાવાયુ છે કે તંત્રની કોઈ પરમીશન વગર તેમણે ૮૫૨૧ મેટ્રિક ટન સાદી માટીનુ ગેરકાયદે ખોદકામ કર્યુ હતુ. પ્રતિ મેટ્રિક ટન રૂપિયા ૧૭૫ લેખે કુલ ૧૪.૯૧ લાખની માટીની તેણે ચોરી કરી હતી. ખાણ ખનીજ વિભાગના ઠરાવ મુજબ એન્વાયરમેન્ટ કમ્પેન્સેશન ફંડની રૂપિયા ૬.૧૧ લાખની રકમ પણ તેણે ભરવાની થાય છે. બનાવ અંગે લાઠી પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ કે.ડી.રાઠોડ તપાસ ચલાવી રહ્યાં છે.

## રાજુલાથી બર્બટાણા સુધીનો ૬ કિલો મીટરનો માર્ગ અતિ બિસ્માર

રાજુલા:રાજુલા શહેરથી બર્બટાણા રેલવે સ્ટેશન સુધીનો રસ્તો અતિ બિસ્માર બન્યો છે. અહીં પીડબલ્યુડી વિભાગ રસ્તા પર ખાડાઓ પણ બુરી શક્યું નથી. જેના કારણે વાહન ચાલકો અને મુસાફરોને હાલાકી વેઠવી પડે છે. ત્યારે છ કિલોમીટરનો રસ્તો રીપેરીંગ કરવા મુસાફરોમાં માંગ ઉઠી છે.અગ્રણી કનુભાઈ કામળિયાએ અમરેલીના કાર્યપાલક ઈજનેર સહિત રાજકીય નેતાઓને રજૂઆત કરતા જણાવ્યું હતું કે બર્બટાણા રેલવે સ્ટેશન ખાતે પેસેન્જર ટ્રેનને સ્ટોપ આપવામાં આવ્યો છે. પરંતુ રાજુલાથી બર્બટાણા રેલવે સ્ટેશન સુધીના છ કિલોમીટરના માર્ગ પર ડામર જ નથી. ખાનગી વાહન ચાલકો પણ અહીં મુસાફરોને મુકવા માટે તૈયાર થતા નથી.

# શિયાળબેટ ટાપુ પર ચુંટણીનો કોઈ ધમધમાટ નથી છતાં ૫૨૦૦ લોકો આપશે મત



અમરેલી:અરબી સમુદ્રની મધ્યમા શિયાળબેટ ટાપુ પર વસતા લોકો માટે ચુંટણીનો કોઈ ધમધમાટ નથી. આવુ દર વખતે હોય છે. લોકસભાની ચુંટણી માથે છે પરંતુ અહી કોઈ પક્ષના એકેય ઉમેદવાર ડોકાયા નથી, ન કોઈ ચુંટણી સભા થઈ છે કે ન સંમેલન, બલકે ગામમા કોઈના પોસ્ટર, બેનર કે એક ઝંડી પણ લાગી નથી. વહિવટી તંત્ર દ્વારા મતદાન જાગૃતિ માટે કોઈ કાર્યક્રમ પણ યોજાયો નથી. ચુંટણી આવે અને જાય દરેક વખતે આવી જ સ્થિતિ હોય છે. જાણે મતદારોની કોઈ ગણના નથી. પરંતુ અહીના લોકો સ્વયં જાગૃતિથી મતદાન અચુક કરે છે. લોકસભાની આ ચુંટણીમા પણ ૫૨૦૦ મતદારો મતદાન કરશે.એક દાયકા પહેલા તો અહી બિલકુલ ૧૮મી સદી જેવુ જીવન હતુ. જો કે ૨૦૧૬મા અહી સમુદ્રના તળમા પાઈપ લાઈન બિછાવી મહી યોજનાનુ પાણી પહોંચાડાયુ હતુ. ત્યારબાદ આ જ રીતે વિજળી પહોંચાડાય છે. હવે તો ધોરણ ૧ થી ૧૦ સુધીની સ્કુલો પણ છે. ઉપરાંત આરોગ્ય કેન્દ્ર, આંગણવાડીની સુવિધા પણ મળી છે. થોડા સમય પહેલા ગામમા રેશનીંગની દુકાન પણ શરૂ કરાઈ છે. લોકો મોબાઈલ પણ વાપરતા થયા છે. જેના કારણે સમાજ જીવનમા ઘણો બદલાવ આવ્યો છે.અહી મોટાભાગની વસતિ માછીમારોની છે. પુરૂષ વર્ગ મહદઅંશે માછીમારી માટે દરિયામા જ હોય છે. ગામમા મહિલાઓની હાજરી સૌથી વધુ હોય છે. બૈરાઓ સામાકાંઠે ખેતમજુરી અને ડુંગળીના કારખાનામા મજુરી માટે જાય છે. સાક્ષરતા દર નીચો છે. પરંતુ હવે અહી લોકોની સુવિધા માટેની ભુખ ઉઘડી રહી છે. મહદઅંશે કોળી સમાજની વસતિ આ ટાપુ પર જોવા મળે છે.વહિવટી તંત્ર દ્વારા મતદાનની આગલી સાંજે જ જરૂરી મશીનરી, ચુંટણી સાહિત્ય સાથે સ્ટાફ અને સુરક્ષાકર્મીઓને અહી પહોંચાડાશે. માછીમારી પડતી મુકીને ખાસ મતદાન માટે દરિયામાથી કોઈ પાછુ આવતુ નથી. પરંતુ જે માછીમારો કાંઠે હશે તે જરૂર મતદાન કરશે.બે દાયકા અગાઉ ચુંટણી સ્ટાફ માટેના ટેબલ પણ બોટ મારફત લાવી લોકો માથે ઉંચકીને લઈ જતા હતા. જો કે હવે હાઈસ્કુલમા બધી જ વ્યવસ્થા છે. વળી ટાપુ પર રીક્ષા, બાઈક અને ટ્રેકટર જેવા વાહનો પણ પહોંચી ગયા હોય હેરફેરમા સરળતા રહે છે.

# દામનગરમાં ત્રણ જર્જરિત ઈમારતો ઉતારી લેવા માંગ



અમરેલી: દામનગરમા ૧૩૫ વર્ષ જુની ત્રણ ઈમારતો હાલ જર્જરિત હાલતમા ઉભી છે. શહેરમા ત્રણ જુની ઈમારતો હાલમા જર્જરિત હાલતમા ઉભી છે. આ ઈમારતોમા અગાઉ કચેરીઓ કાર્યરત હતી. જો કે ઈમારતો જર્જરિત બની જતા હાલ બંધ હાલતમા પડી છે. અહી તંત્ર દ્વારા આ ઈમારતો જોખમી છે તેવા બોર્ડ પણ લગાવી દેવામા આવ્યા છે. આવી જર્જરિત ઈમારતો નજીકથી અવારનવાર લોકો પસાર થતા હોય છે. ત્યારે કોઈ ગંભીર દુર્ઘટના સર્જાશે તો જવાબદાર કોણ ?. અગાઉ અનેક વખત આવી જોખમી ઈમારતો ઉતારી લેવા પણ રજુઆતો કરવામા આવી છે. જો કે તંત્ર દ્વારા આ દિશામા કોઈ કાર્યવાહી કરવામા આવી રહી નથી. જર્જરિત ઈમારત નજીક મેદાનમા બાળકો ક્રિકેટ પણ રમે છે. કયારેક આ ઈમારત ધરાશાયી થાય અને કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલા આવી ઈમારતો ઉતારી લેવામા તેવુ લોકો ઈચ્છી રહ્યાં છે.

# વડાપ્રધાન વિશે અભદ્ર પોસ્ટ મુકનાર હૈદર ઈકબાલ કુરેશી વિરૂધ્ધ ગુનો દાખલ

## વ્હોટ્સએપ ગ્રૂપમાં બિભત્સ શબ્દ પ્રયોગ ભારે પડી ગયો, એસ.ઓ.જી.એ પકડી પૂછપરછ કરતા પોસ્ટ પોતે કર્યાની કબૂલાત

જૂનાગઢ: જૂનાગઢમાં આઈ લવ જૂનાગઢ મારા હૈયે જૂનાગઢનું હિત વોટ્સએપ ગ્રૂપમાં ગઈકાલે બપોરે એક શખ્સે વડાપ્રધાન વિશે બિભત્સ શબ્દ પ્રયોગ સાથેની પોસ્ટ મૂકી હતી. જે એસ.ઓ.જી.ના ધ્યાનમાં આવતા આ શખ્સને પકડી તેની પૂછપરછ કરતા તેણે પોસ્ટ કર્યાની અને બાદમાં ડિલીટ કર્યાની કબૂલાત આપી હતી. આ મામલે SOGએ આ શખ્સ સામે એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. હજુ અન્ય ગ્રૂપ પર પણ પોલીસ દ્વારા નજર રાખવામાં આવી રહી છે.લોકસભા ચૂંટણીના અનુસંધાને જૂનાગઢ SOG દ્વારા હાલ સોશીયલ મીડિયા પર નજર રાખવામાં આવી રહી છે. ગઈકાલે 'આઈ લવ જૂનાગઢ, મારે હૈયે જૂનાગઢનું હિત' નામના વોટ્સએપ ગ્રૂપ પર એક વ્યક્તિએ કોઈ પોસ્ટ મુકી હતી જે પોસ્ટ પર દાતાર રોડ પર રહેતા હૈદર ઈકબાલ કુરેશીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશે અભદ્ર અને અપમાનજનક પોસ્ટ મુકી હતી.આ પોસ્ટ ડિલીટ કરે એ પૂર્વે એસઓજીની નજરમાં આવી ગઈ હતી. એસઓજીએ દાતાર રોડ પર રહેતા હૈદર ઈકબાલ કુરેશીને પકડી એસઓજી ઓફિસે લાવી મોબાઈલ કબ્જે કરી પુછપરછ કરતા તેણે આ પોસ્ટ તા. ૨૩ના આશરે ચારેક વાગ્યે કરી હતી અને પછી તુરંત ડિલીટ કરી નાખ્યાનું જણાવ્યું હતું. આ શખ્સે તા. ૨૨ના બીજી પોસ્ટ વ્હોરા સમાજ વિશે પણ કરી હોવાનું સામે આવ્યું હતું. પોલીસે તેનો મોબાઈલ કબ્જે કર્યો હતો.આ અંગે એસઓજીના હેડ કોન્સ્ટેબલ અનુરૂધ્ધભાઈ વાંકે હૈદર ઈકબાલ કુરેશી સામે ફરિયાદ કરતા એ ડિવિઝન પોલીસે આઈપીસી ૧૫૩ (ભ), ૫૦૫(૨), ૫૦૪ અને ૨૦૧ મુજબ ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે. હાલ ચૂંટણીના સમયમાં અનેક વોટ્સએપ ગ્રૂપ પર આડેધડ રીતના વાંધાજનક પોસ્ટ થઈ રહી છે. જેની પર પણ પોલીસની નજર છે ત્યારે આગામી સમયમાં વાંધાજનક પોસ્ટ કરનાર સામે પોલીસ દ્વારા કાર્યવાહી થઈ શકે છે.

# અમરેલીમાં હવે વરસાદ માપણી ઓનલાઈન, સચોટ આંકડાઓ મળી રહેશે



અમરેલી: અમરેલીમાં વરસાદની માપણી હવે ઓનલાઈન કરવામાં આવશે. ડીઝાસ્ટર કચેરી ખાતે ઓટોમેટીક રેન્જ ગેજ મશીન કાર્યરત કરવામાં આવ્યું છે. અહીં ચોમાસામા ક્યાં કેટલો વરસાદ પડ્યો ?તેની નોંધ ઓનલાઈન થશે. આ ઉપરાંત અમરેલી જિલ્લાના દરેક તાલુકા મથકે ઓટોમેટીક વરસાદ માપક મશીન કાર્યરત કરવામાં આવશે. જેના માટે મામલતદારને જાણ પણ કરવામાં આવી હતી.ડીઝાસ્ટર મેનેજમેન્ટના સુત્રોએ જણાવ્યું હતું કે નેશનલ હાઈડ્રોલોજી પ્રોજેક્ટ અંતર્ગત ઓટોમીટીક વરસાદ માપક મથક કાર્યરત કરવા તાલુકા મથકોના મામલતદાર ઓફિસ, પીએસસી, સીએસસી ખાતે જરૂરી કવાયત હાથ ધરવામાં આવી હતી. અમરેલીમાં ડીઝાસ્ટર કચેરી ખાતે ઓટોમેટીક વરસાદ માપક મશીન લગાવી દેવામાં આવ્યું છે. આગામી ચોમાસામા વરસાદની માપણી ઓનલાઈન થશે. અમરેલીમાં ક્યારે અને ક્યા સમયે કેટલો વરસાદ પડ્યો તેની નોંધ પણ ઓનલાઈન નોંધાશે.અમરેલી જિલ્લાના દરેક તાલુકામાં અગાઉ જુની પદ્ધતિથી વરસાદની માપણી થતી હતી. અને જે દર બે કલાકે વરસાદની નોંધ થતી હતી. પરંતુ હવે અમરેલીમાં આગામી દિવસોમા વરસાદની ઓનલાઈન નોંધણી થશે. હવે અમરેલી ડીઝાસ્ટર કચેરીમાં નેશનલ હાઈડ્રોલોજી પ્રોજેક્ટ અંતર્ગત ઓટોમેટીક રેંન ગેજ મશીનની મુકવામાં આવ્યું છે.અમરેલીમાં ઓનલાઈન નોંધણીથી વરસાદના સચોટ આંકડાઓ મળી રહેશે. અગાઉ જિલ્લામાં કર્મચારીઓ દ્વારા જુની પદ્ધતિથી નોંધણી કરવામાં આવતી હતી. હવે વરસાદ માપક મશીનથી વરસાદના સચોટ આંકડા મળશે.અમરેલી ડીઝાસ્ટર કચેરીના સુત્રોએ જણાવ્યું હતું કે અગાઉ દરેક તાલુકા મથકે પણ ઓટોમેટીક વરસાદ માપક મથક કાર્યરત થશે. અગાઉ તાલુકા મથકેથી જિલ્લાકક્ષાએ દર બે કલાકે ટેલીફોન મારફત વરસાદના આંકડા મેળવાતા હતા. પરંતુ હવે તાલુકા મથકે પણ આ મશીન લગાડાશે.

# વધુ એક શખ્સ પાસામાં ધકેલાયો



અમરેલી:અમરેલી જિલ્લામાં વધુ એક માથાભારે ઈસમને પાસા હેઠળ જેલમાં ધકેલાયો હતો. જિલ્લા મેજીસ્ટ્રેટે ખાંભાના મોટા બારમણના શખ્સને ભુજની પાલરા સ્પેશ્યલ જેલમાં ધકેલવાનો હુકમ કર્યો હતો.અમરેલી જિલ્લામા લોકસભાની ચૂંટણીને પગલે માથાભારે ઈસમો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. ખાંભાના મોટા બારમણમાં રહેતા દેવશી કાનાભાઈ વાઢેર સામે રાજુલા અને ખાંભામાં હત્યાની કોશિષ અને મારામારીના ચાર ગુના નોંધાયા હતા. ત્યારે અમરેલી જિલ્લા પોલીસવડા હિંમકરસિંહની સૂચનાથી એલસીબી પીઆઈ એ.એમ.પટેલે દેવશી વાઢેર વિરૂદ્ધ પુરાવા એકત્રીત કરી જિલ્લા મેજીસ્ટ્રેટ સમક્ષ પાસાની દરખાસ્ત રજુ કરી હતી. અમરેલી જિલ્લા મેજીસ્ટ્રેટ અજય દહિયાએ મોટા બારમણના દેવશી વાઢેરને ભુજની પાલરા સ્પેશ્યલ જેલમાં ધકેલવાનો હુકમ કર્યો હતો. અમરેલી એલસીબી ટીમે તેમને પાસા હેઠળ જેલમાં ધકેલવાની કાર્યવાહી કરી હતી.

# ઘરફોડ ચોરીને અંજામ આપતી કુખ્યાત ભુતીયા ગેંગનો મુખ્ય સૂત્રધાર ઝડપાયો

## મધ્યપ્રદેશનો રામસિંગ ઉર્ફે રામુ વતનમાં નાસી છૂટે તે પહેલાં દબોચાયો,સાત ચોરીની કબુલાત આપી

રાજકોટ:રાજકોટ સહિત આજુબાજુના વિસ્તારોમાં થોડા સમયથી ચોરીના બનાવોમાં સતત વધારો થઈ રહ્યો હતો અને સાતીર ચોર હવામાં ઓગળી જઈ પોલીસને ચકમો આપી રહ્યા હતાં ત્યારે શહેર એલસીબી ઝોન-૨ ની ટીમને મોટી સફળતા સાંપળી છે. નિલસીટી નજીક સંજય વાટીકામાં રૂ૩.૨૫ લાખ અને અવધપાર્કમાં રૂ૧૦ હજારની ચોરી સહિત સાત ઘરફોડ ચોરીને અંજામ આપનાર મધ્યપ્રદેશની કુખ્યાત ભૂતિયા ગેંગના મુખ્ય સૂત્રધાર રામસિંગ ઉર્ફે રામુને કટારીયા ચોકડી પાસેથી દબોચી રોકડ અને દાગીના મળી રૂ૮૭૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી મોટી કાર્યવાહી કરી હતી. જ્યારે ભૂતિયા ગેંગના ફરાર ત્રણ આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.શહેરમાં છેલ્લા એક વર્ષમાં અતિ ગંભીર ઘરફોડ ચોરીના બનાવો બનવા પામતાં ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ એડી. પોલીસ કમિશનર વિધી ચૌધરી, ડીસીપી સુધિરકુમાર દેસાઈએ ચોરીના ગુના ડિટેકટ કરવાની આપેલ સૂચનાથી એલસીબી ઝોન-૨ પીએસઆઈ આર.એચ.ઝાલા અને ટીમે આઈ.વે. પ્રોજેક્ટના કેમેરા તેમજ સી.સી.ટી.વી. ફુટેજ અને હ્યુમન સોર્સ આધારે અલગ અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરતાં હેડ કોન્સ્ટેબલ રાહુલ ગોહેલ,



કોન્સ્ટેબલ જયપાલસિંહ સરવૈયા અને જેન્તીગીરી ગોસ્વામીને નિલ સીટી સંજય વાટીકા સોસાયટીમાંથી એક રહેણાંક મકાનમાં થયેલ સોના ચાંદીના દાગીના અને રોકડ રૂ૩.૨૫ લાખની ચોરીનો આરોપી કાલાવડ રોડ કટારીયા ચોકડી નજીક લક્ષ્મીના ઢોરા પાસે હોવાની ચોક્કસ બાતમીના આધારે સ્ટાફે આરોપીને પકડી તેનું નામ પૂછતાં રામસીંગ ઉર્ફે રામુ કાલુસીંગ અજનાર (ઉ.વ. ૨૭),(રહે. હાલ ખારાવડ વાડી વિસ્તાર ધુતારપર ગામ, કાલાવડ મૂળ રહે. રાતમાલીયા ગામ અલીરાજપુર મધ્ય પ્રદેશ) જણાવ્યું હતું. પોલીસે આરોપી પાસેથી રોકડ અને ચાંદીના દાગીના મળી રૂ૮૭૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી પૂછતાછ હાથ ધરી હતી.પૂછપરછમાં આરોપીએ કબુલાત આપી હતી કે, તે પોતે છેલ્લા દસ વર્ષથી કાલાવડ પંથકમાં પત્ની સાથે રહેતો અને ખેતીકામ કરતો હતો. તે આસપાસના વિસ્તાર અને

### ધાર જિલ્લો ચોરી માટે કુખ્યાત, પોલીસ પગ પણ નથી મૂકી શકતી!ભૂતિયા ગેંગના શખ્સો મોબાઈલ સાથે રાખતા ન હતા

રાજકોટ શહેરના ભાગોળે આવેલ વિસ્તારમાં રેકી કરી ધાર જિલ્લાની ભૂતિયા ગેંગના અન્ય સાગરીતોને બોલાવી ચોરીને અંજામ આપતાં હતાં. ૧૪ દિવસ અગાઉ સંજય વાટીકા નીલ સીટીમાં રહેણાંક મકાનમાંથી સોના ચાંદીના દાગીના તથા મોબાઈલ તથા લેપટોપ તેમજ રોકડા રૂપીયા ૧૩.૨૫ લાખના મુદ્દામાલની ચોરી કરેલ તેમજ દોઢેક મહિના પહેલા દોઢસો ફુટ રીંગ રોડ સોમેશ્ર્વર મંદિર પાછળ પ્રશાંત એપાર્ટમેન્ટ ના સાતમા માળે ફ્લેટમાંથી રોકડા રૂપીયા તથા દાગીના તથા લેપટોપની ચોરી કરેલ હતી. ઉપરાંત એકાદ વર્ષ અગાઉ જામનગરના સમાણા ગામે બજારમાંથી એક સોનીની દુકાનમાંથી સોના ચાંદીના દાગીનાની ચોરી કરેલ તેમજ દોઢેક વર્ષ અગાઉ મેટોડા જી.આઈ.ડી.સી.માં આવેલ રહેણાંક વિસ્તારમાંથી મકાનમાંથી રોકડા રૂપીયા તથા દાગીનાની ચોરી તેમજ દોઢેક વર્ષ અગાઉ કોઠારીયા ગામની સામે આવેલ એક સોસાયટીના મેઈન રોડ ઉપર સોનીની દુકાનમાં ચોરી કરેલ તેમજ દોઢેક વર્ષ અગાઉ માધાપર ચોકડીથી આગળ એક નવી બનતી સાઈટની ઓફીસમાંથી ચોરીનો પ્રયાસ કરેલ અને પાંચ છ મહિના પહેલા કાલાવડ રોડ એમ.ટી.વી. સામે આવેલ એક સોસાયટીમાં ખુણાના એક મકાનમાં તાળા તોડી ચોરી કરેલની કબુલાત આપેલ હતી.ભૂતિયા ગેંગના મુખ્ય સૂત્રધાર રામસિંગ ઉર્ફે રામુ નામના શખ્સને પકડનાર બાહોશ પીએસઆઈ આર.એચ.ઝાલાએ સાંજ સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, મધ્યપ્રદેશનો ધાર જિલ્લો ચોરી માટે કુખ્યાત છે. જ્યાં ચોરીને અંજામ આપનાર ઘરે ઘરેથી લોકો બહાર આવતાં હોય છે અને એકદમ ક્રિમિનલ માઈન્ડ ધરાવતાં લોકો વસતા હોવાથી ત્યાં સ્થાનિક પોલીસ પણ તે વિસ્તારમાં પગ નથી શકતી તે ખૌફમાં પણ રાજકોટ પોલીસ બાકીના આરોપીને પકડવા જહેમત ઉઠાવશે.ભૂતિયા ગેંગ ઘરફોડ ચોરી કરવામાં ડિજિટલ સિસ્ટમને પણ ટક્કર મારે તેવી મોડ્સ ઓપરેન્ડીથી ચોરીને અંજામ આપતી હતી. ભૂતિયા ગેંગના શખ્સો તેની પાસે મોબાઈલ રાખતાં ન હતાં. જેથી પોલીસ માટે પણ ચોરીના બનાવો ડિટેકટ કરવા અને ગુનેગારો સુધી પહોંચવું મુશ્કેલ થયું હતું.

# સુપેડી ગામે વિખ્યાત મુરલી મનોહર મંદિરની સીડીએ બેઠેલા વૃદ્ધા પર કાર ફરી વળી: મોત



રાજકોટ:ધોરાજી તાલુકાના સુપેડી ગામે વિખ્યાત મુરલી મનોહર મંદિરની સીડીએ બેઠેલા વૃદ્ધા પર કાર ફરી વળી હતી જેનું સારવારમાં મોત થયું હતું. ફરિયાદી મહેશભાઈ જયંતીભાઈ માત્રાવડીયા (ઉ.વ.૬૯ હાલ રહે-સુપેડી પોસ્ટ ઓફીસની બાજુમાં ચંદુભાઈ ઘેટીયાના મકાનમાં ભાડેથી તા. ધોરાજી)એ જણાવ્યું કે, ગત તા.૨૧/૦૪/૨૦૨૪ ના રોજ સાંજના સાડા ચાર વાગ્યે હું સુપેડી ગામની ઝાંઝમેર રોડ પર આવેલ રંગોલી પાને બેસવા ગયેલ. સાંજના આશરે સાડા છ એક વાગ્યે મારી પૌત્રી જાનકીબેનનો મને ફોન આવેલ અને ફોનમાં અમારા પાડોશમાં રહેતા શિલ્પાબેનના ભાઈ ચેતનભાઈએ મને વાત કરેલ કે, તમારા પત્ની કમળાબેન મુરલી મનોહર મંદિરની સીડીઓ પાસે કોઈએ ગાડી ચડાવી દીધી છે.તમારા ઘરનાને લાગી ગયેલ છે. તમે જલ્દી આવો. જેથી હું ત્યાં ગયેલ અને ત્યાં જઈને મેં જોયેલ તો મંદિરની સીડીઓ પાસે ગામના માણસો ભેગા થયેલ હતા. મારી પૌત્રી પણ હાજર હતી. મારી પત્નીને નીચે જમીન પર સુવડાવેલ હતા અને તે બેભાન હાલતમાં હતા. ધોરાજી સરકારી હોસ્પિટલમાં લઈ જતા ત્યાં ફરજ પરના ડોકટરે મારી પત્ની કમળાબેનને મૃત જાહેર કરેલ. બનાવનુ કારણ એ છે કે, મારી પત્ની અને અમારી પાડોશમાં રહેતા શિલ્પાબેન ભાર્ગવભાઈ ભાલોડીયા દરરોજ સાંજના સમયે ગામમાં ચાલવા જતા હોય અને તે દિવસે પણ ગામમાં મુરલી મનોહર મંદિરના રસ્તે ચાલવા ગયેલ હતા.ત્યાં થાક લાગતા મુરલી મનોહર મંદિરની સીડીઓ પર બેસેલ હતા. ત્યાં એક સ્વીફ્ટ ફોરવ્હીલ કાર જીજે-૦૩-સીઈ-૧૮૭૯ નંબરની ત્યાં ઉભેલ હોય અને ગૌશાળા તરફથી એક મીની ટ્રેકટરના ચાલકે તેનુ ટ્રેકટર ફુલ સ્પીડમાં ચલાવીને આ કારને પાછળથી ઠોકર મારતા આ કારની ઠોકર ત્યાં પગથીયે બેસેલ મારી પત્ની કમળાબેનને લાગતા મોત થયું છે. મીની ટ્રેકટર સુપેડી ગામના જ પરષોતમભાઈ પટેલનું છે. જે ટ્રેકટર ચાલક સામે ગુનો દાખલ થયો છે.